ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)
અંક-૨ • મે, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 2, MAY 2015, PAGES 44. PRICE 20/-



## જિન-વચન

**શ્રુતજ્ઞાન, લાભ, જાતિ, તપ અને બુદ્ધિનું અભિમાન ન કરવું**

न बाहिरं परिभवे अत्ताणं न समुक्कसे ।
सुयलाभे न मज्जेज्जा जच्च तवसि बुद्धिए ।।
(द. ८-३०)

બીજાઓનો તિરસ્કાર ન કરવો તથા પોતાનું ચડિયાતાપણું ન બતાવવું. પોતાનાં શ્રુતજ્ઞાન, લાભ, જાતિ, તપ અને બુદ્ધિનું અભિમાન ન કરવું.

Never hate or humiliate others and never show your superiority. Never boast of your scriptural knowledge, gains, caste or community, penance and intellect.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન — વધુ કમાણીની ધૂન

વર્તમાન યુગમાં અબજોપતિ વૉરન બફેટ બેશુમાર ધનસંપત્તિ ધરાવતા હોવા છતાં છેક ૧૯૫૮માં માત્ર એકત્રીસ હજાર પાંચસો ડૉલર આપીને ખરીદેલા ઘરમાં રહે છે. ત્રણ બેડ-રૂમનું આ ઘર છે અને એમણે ક્યારેય પ્રાઈવેટ જેટથી પ્રવાસ કર્યો નથી.

નિશાળમાં અભ્યાસ કરતી વખતે આપકમાઈ કરવા માટે અખબારના ફેરિયાનું કામ કરતા હતા અને પિતા ધનવાન હોવા છતાં ખિસ્સાખર્ચી કાઢવા માટે અખબાર વેચતા હતા. વૉરન બફેટ માને છે કે પૈસાથી ખુશીઓ ખરીદી શકાતી નથી. એમના શોખ પણ ઘણા સાધારણ છે. અસ્તાચળના સમયે સમુદ્રના કિનારે ખુલ્લા પગે ચાલવાનું એમને વધુ પસંદ છે. કૉફી શોપમાં બેસીને આવન-જાવન કરતા લોકોને જોવામાં એમને ખૂબ મજા આવે છે અને કહે છે કે જીવનની સામાન્ય પળોમાં પણ અખૂટ આનંદ છુપાયેલો છે. આ અબજોપતિ એમ માને છે કે બીજાની સાથે પોતાની તુલના કરીને વધુ કમાણી કરવાની ધૂન વ્યક્તિને ક્યારેય સંતુષ્ટ કરી શકતી નથી. આથી ૨૦૦૬માં એમણે પોતાની સંપત્તિનું દાન કરવાનો નિર્ણય કર્યો. એણે થોડીઘણી સંપત્તિ નહીં, પણ ૮૩ ટકા સંપત્તિ બિલ એન્ડ મિલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને દાનમાં આપી દીધી.

૨૦૦૨માં ઍપ્રિલમાં મેડિકલ ટેસ્ટ કરતાં ખબર પડી કે એમને કૅન્સર થયું છે. પાંચેક મહિના સારવાર લઈને ફરી કામે લાગી ગયા અને આજે ૮૩ વર્ષના વૉરન બફેટ ઑફિસ અને સામાજિક કાર્યોમાં ડૂબેલા રહે છે.

✱ ✱ ✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રકૃતિનો એકલવીર રક્ષક મનસુખભાઈ સુવાગીયા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | અરિહંત અને સિદ્ધમાં સામ્ય અને તફાવત શું છે? | ડૉ. પ્રવીણ સી. શાહ | ૭ |
| ૩. | ધર્મગ્રંથોનું પુનઃસંકલન | જશવંત મહેતા | ૮ |
| ૪. | ઉપનિષદમાં વૈશ્વાનર વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૩ |
| ૫. | ત્રિદિવસીય હેમચંદ્રાચાર્ય કથા | — | ૧૬ |
| ૬. | નવકારની સંવાદયાત્રા | ભારતી દિપક શાહ | ૨૧ |
| ૭. | મહાવીર જયંતી ૨૦૧૫ માટેનો સંદેશ | — | ૨૩ |
| ૮. | 'જીવતરની વાટે અક્ષરનો દીવો' : પ્રાણવાન જીવનકથા | ડૉ. ગંભીરસિંહ ગોહિલ | ૨૫ |
| ૯. | ભાવ-પ્રતિભાવ | — | 30 |
| ૧૦. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૩૪ |
| ૧૧. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૫ |
| 12. | Not a cheating idea | Acharya Muni Shree Vatsalyadeepji Trans. : Pushpa Parikh | 37 |
| 13. | ``The Journey Through Shree Uttradhyayan Sutra" | Reshma Jain | 38 |
| 14. | Enlighten yourself by Self Study of Jainology Lesson 6 (1)–Sangh,Rules for Ascetics & Lay Followers | Dr. Kamini Gogri | 40 |
| 15. | The Second Chakravarty Sagar Raja | Dr. Renuka Porwal | 42 |
| 16. | The Second Chakravarty Sagar Pictorial Story (ColourFeature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૭. | પંથે પંથે પાથેય : આંસુ ભરી હય યે જીવન કી રાહેં | ઈન્દિરા સોની | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) • અંક : ૨ • મે ૨૦૧૫ • વિક્રમ સંવત ૨૦૭૧ • વીર સંવત ૨૫૪૧ • વૈશાખ વદિ તિથિ-૧૩ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •          • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## પ્રકૃતિનો એકલવીર રક્ષક

## મનસુખભાઈ સુવાગીયા

જીવનમાં ક્યારેક એવી આશ્ચર્યજનક ઘટના બને છે કે એને જોગાનુજોગ કહેવી કે એને ચમત્કારના ખાનામાં મુકવી? બુદ્ધિ જોગાનુજોગ કહે અને ભીતરની વાચા એને માત્ર ચમત્કાર જ નહિ કુદરતની સંકેત ભાષા પણ કહે, તો અણુ-પરમાણુના તત્ત્વો એને વિચારોની તીવ્રતાની તાકાત પણ કહે, જે હોય તે.

બન્યું આમ—

આ વરસે ફેબ્રુઆરીમાં અમે સંસ્થાના કાર્યકરો અને દાતાઓ આર્થિક સહાયની રકમનો એક અર્પણ કરવા હિંમતનગર વિશ્વમંગલ સંસ્થામાં ગયા. સામાન્ય રીતે અમારો પ્રવાસ બે દિવસનો હોય છે, પણ આ વખતે અમારા આદરણીય મિત્ર શ્રી બિપીનભાઈ જૈને મને કહ્યું કે આ વખતે આપણે બેઉ સૌરાષ્ટ્રની સફરે પાંચ-છ દિવસ જઈએ અને સૌરાષ્ટ્રનો ગોંડલ, જૂનાગઢ, સોમનાથ જવાનો કાર્યક્રમ મેં ઘડી કાઢ્યો.

અમદાવાદથી મોટર રસ્તે અમે નીકળ્યા. ગોંડલ પાસેના ઘોઘા વદરમાં ભક્ત કવિ મિત્ર ડૉ. નિરંજન રાજ્યગુરુના આશ્રમે જવાનું મારું આકર્ષણ. એક વખત આ સાત્ત્વિક ભૂમિનો સ્વાદ અને સુગંધ મેં અને મિત્ર કુમારપાળ દેસાઈએ ચાખ્યા હતા, એટલે એના પુનઃસ્વાદનો ભાવ મારા આત્મામાં ક્યારનોય ઊગી ચૂક્યો હતો.

**આ અંકના સૌજન્યદાતા**

**હરહોલિનેસ મહામંડલેશ્વર**
**માઁ યોગશક્તિ સરસ્વતીની**
**ચિરસ્મૃતિમાં પ્રેમાંજલિ અર્પણ**
**સંયોજક : નીરુબેન સુબોધભાઈ શાહ**

ગોંડલ પહોંચવાની અડધા કલાકની વાર હતી અને અમારા બિપીનભાઈએ પોતાની ઈચ્છા પ્રગટ કરી–' 'પ્રબુદ્ધ જીવન'માં એક વખત ગીરની ગાયોનું રક્ષણ કરનાર એક ભાઈ વિશે લખાયું હતું. એ ભાઈને મારે મળવું છે અને એ ગાયો પણ જોવી છે.' મેં કહ્યું, 'તમે મુંબઈમાં મને કહ્યું હોત તો એ બધી વિગતો લઈ લેત. અત્યારે મને તો કાંઈ જ યાદ નથી.' મેં મારા મગજને ફટકાર્યું અને મનસુખભાઈ એવું નામ નીકળ્યું, પણ એક નામથી પગેરું ઓછું મળે? અને આ તરફ બિપીપનભાઈની તીવ્ર ઈચ્છા. કોઈ તાલ મેળ ન મળે. વિચારો અને ઈચ્છાને હવામાં ફેંકી દેવા સિવાય કાંઈ છૂટકો જ ન હતો.

અમે નિરંજનભાઈના આશ્રમમાં પહોંચ્યાં. બેઠા, થોડાં સ્વસ્થ થયા અને મારા મોબાઈલની ઘંટડી રણકી. સામેથી અવાજ 'હું મનસુખભાઈ સુવાગીયા બોલું છું. મુંબઈ આવું ત્યારે મારે તમને મળવું છે.' ક્ષણભર તો હું દિગ્મૂઢ બની ગયો. આને જોગાનુજોગ કહેવાય? બિપીનભાઈ અને મનસુખભાઈની પ્રબળ ઈચ્છાના તરંગોની શક્તિ કહેવાય? શું કહેવાય?

મેં કહ્યું, 'હમણાં જ તમને યાદ કર્યા હતા', ને મેં બધી વાત કહી. મને કહે 'ભગવાનની ઇચ્છા છે એટલે આવું થાય જ. હમણાં ક્યાં છો?' મેં કહ્યું, નિરંજનભાઈના આશ્રમમાં. અને કહે, 'એ તો અમારા

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

માર્ગદર્શક અને ગુરુ.' પછી નિરંજનભાઈએ મોબાઈલ ઉપર એમની સાથે વાત કરી, આશ્ચર્યોના ગુણાકાર થયા અને છેલ્લું વાક્ય – 'હું રાજકોટમાં મારી ફેક્ટરીમાં છું. ગોંડલ અડધા કલાકમાં પહોંચીશ. તમે જમીને આરામ કરો. ત્યાં હું અબઘડી પહોંચું છું.' તળપદી મીઠી કાઠિયાવાડી ભાષાનો ટહૂકો મેં માણ્યો. બિપીનભાઈ દૃષ્ટાભાવે, મરક મરક હસતા હસતા આ લીલા જોઈ રહ્યા હતા.

> *જળ-ગાય-કૃષિ-ગામડું-પ્રકૃતિના પ્રશ્નો જોઈ માંહ્યલાને જે વેદના થઈ, તેની સંવેદનામાંથી જ જળરક્ષા, ગીર ગાયરક્ષાની અંતઃસ્ફૂરણા થઈ.*

ડૉ. નિરંજનભાઈએ આ મનસુખભાઈની પ્રવૃત્તિની માંડીને વાત કરી અને અમારું મન અહોભાવ અને આશ્ચર્યથી છલકી ઊઠ્યું. મનમાં મળવાની તીવ્ર ઉત્કંઠા જાગી. કુદરત પણ કેવી અદ્ભુત છે. એ આપમેળે કેવા પાસા ગોઠવી આપે છે!

ડૉ. નિરંજનભાઈના પરિવારના ભોજન ભાવને મ્હાણી હું મારા રૂમમાં આરામ કરવા ગયો. અડધા કલાકે ઊઠ્યો તો બાજુના રૂમમાં મનસુખભાઈ અને બિપીનભાઈ ગોષ્ટિમાં મસ્ત.

મનસુખભાઈનો વાણીપ્રવાહ વણઅટક્યો વહી રહ્યો હતો. ઉત્સાહ અને 'એનર્જી' ઊર્જાનો ધોધ. ઉંમર ૪૫ થી વધુ નહિ હોય. કૉલેજનું ભણતર? લ્યો, એમની પુસ્તિકામાંથી થોડાં એમના જ શબ્દો. આ એમની કર્મયાત્રા:

'' 'મેં કૉલેજ કે વિદ્યાપીઠ જોઈ નથી. માત્ર ૧૨ ધોરણ સુધીનો ગામડાનો અભ્યાસ. પરિવાર-સગામાંથી કે સામાજિક-ધાર્મિક ક્ષેત્રની કોઈ વ્યક્તિ મારા આ સેવાકાર્યની પ્રેરક નહોતી. જળ-ગાય-કૃષિ-ગામડું-પ્રકૃતિના પ્રશ્નો જોઈ માંહ્યલાને જે વેદના થઈ, તેની સંવેદનામાંથી જ જળરક્ષા, ગીર ગાયરક્ષા, લુપ્ત થતા ભારતીય ગોવંશરક્ષા, ગાય આધારિત કૃષિ, શ્રેષ્ઠ વનસ્પતિઓનું જતન, ભારતીય સંસ્કાર વારસાનું જતન, વ્યસનમુક્ત–પ્રાણવાન માનવસમાજ અને સુવર્ણભૂમિ ભારત નિર્માણની અંતઃસ્ફૂરણા થઈ. અંતરાત્મામાંથી જ એની રક્ષાનો સહજ સંકલ્પ થયો. હજારો ગામોના અજાણ્યા લોકોને આ નવા માર્ગે ચાલવાનું આવાહન કરતા તળિયાથી ટોચના અસંખ્ય લોકો આ યાત્રામાં જોડાયાં. જે કાર્યો કે કાર્યપદ્ધતિનો મને અનુભવ જ નહોતો તેના ક્રાંતિકારી પરિણામો આવ્યાં. એ જોઈને મારા અંતરાત્મામાંથી નિરંતર અવાજ ઊઠે છે કે, જળ-ગાય-ગામડું-કૃષિ અને પ્રકૃતિ સાથેના આગલા જન્મના કોઈ અનુબંધ સાથે જ ગિરનાર પર્વત અને ગીર જંગલ વચ્ચેની ભૂમિ ખડપીપળી ગામે ખેડૂત કુટુંબમાં માતાશ્રી ચતુરાબા અને પિતાશ્રી લાલજીભાઈને ત્યાં મારો જન્મ થયો. પરમાત્મા અને પ્રકૃતિ મને નિરંતર નવા વિચારો અને અખૂટ પ્રેરણા આપે છે.

સૌરાષ્ટ્રની કારમી જળસમસ્યા જોઈને–વેઠીને, ગામે ગામ ૫ થી ૫૦ ચેકડેમ અને એક થી બે તળાવ નિર્માણની સ્ફૂરણા થઈ, પણ ત્યારે રાજ્ય કે દેશભરમાં આવી કોઈ સરકારી યોજના નહોતી. ક્ષણવાર અટક્યા વગર ઈ. સ. ૧૯૯૮માં જાતે જ જળરક્ષાનો સંકલ્પ લઈ, હું ગામડાંઓમાં ગયો. જૂનાગઢ જિલ્લાના જામકા ગામે ગ્રામસંગઠન, ચેકડેમ તળાવની યોગ્ય સ્થળ પસંદગી, લોકફંડ, શ્રમદાન અને જાતે જ સૂઝેલી ચેકડેમની નવી સસ્તી–સરળ ડીઝાઈનના પાંચ સિદ્ધાંતથી માત્ર દશ લાખ રૂપિયામાં ૫૧ ચેકડેમ અને ત્રણ લાખ રૂપિયામાં બે તળાવો બંધાવ્યા. તા. ૨૦-૧૧-૧૯૯૯ના રોજ દેશનો પ્રથમ જળક્રાંતિ દિન મનાવ્યો. ગુજરાત સરકાર, મહાનુભાવો સાથે ૫૦ હજાર લોકોને જળરક્ષાનો સંકલ્પ લેવડાવ્યો. **કાંતદૃષ્ટા શ્રી સ્વામી સચ્ચિદાનંદજી (દંતાલી) એ આ ચેકડેમ અભિયાનને દેશની પાંચમી ક્રાંતિ, જામકાને જળક્રાંતિની જન્મભૂમિ અને આગળ ચાલનારને જળક્રાંતિના પ્રણેતા તરીકે બિરદાવ્યાં.** પ્રજાશક્તિથી રાષ્ટ્રની જળક્રાંતિના ઇતિહાસનો પાયો નંખાયો. લોકોને શ્રમદાન– લોકફંડની પ્રેરણા આપવા અમે અનેક ગામોમાં સવારથી સાંજ અને રાત્રે પરોઢ સુધી દિવસોથી મહિનાઓ શ્રમદાન કર્યું અને લોકફંડ આપ્યું. અમે ૩૦૦ ગામોમાં ૩૦૦૦ ચેકડેમ–તળાવો બંધાવ્યાં. આ અભિયાનની સફળતા જોઈ રાજ્ય સરકાર, સાધુ-સંતો, ઉદ્યોગપતિઓ સૌ સહભાગી થયા. ચેકડેમ-તળાવ યોજનાથી ગામેગામ કૃષિ ઉત્પાદન-ઘાસચારો-ગ્રામ રોજગારી બેથી ત્રણ ગણા વધ્યાં. કૃષિ-કિસાનો, ગામડું, ગોવંશ અને પર્યાવરણને નવજીવન મળ્યું.

આ કર્મયાત્રા દરમિયાન સૌરાષ્ટ્રના ૧૦૦૦ ગામોનું સર્વે કરીને જાણ્યું કે **માત્ર ૫૦૦૦ જ શુદ્ધ ગીર ગાય બચી છે.** લુપ્તતાને કિનારે આવેલી ગીર ગાય રક્ષાની અંતઃસ્ફૂરણા થઈ. ઈ. સ. ૨૦૦૦માં ગીર ગાય રક્ષાનો સંકલ્પ કર્યો. તા. ૧૯-૦૯-૨૦૦૩ના રોજ જામકા ગામને **'ગીર ગાય આપણા આંગણે'**નો સંકલ્પ લેવડાવ્યો. જામકા ગાયને ગીર ગૌવંશનું દેશનું પ્રથમ આદર્શ ગામ બનાવ્યું. સમગ્ર દેશ ગૌશાળા-પાંજરાપોળો દ્વારા ગોરક્ષા કરવા મથી રહ્યો હતો ત્યારે અમે તેનાથી તદ્દન જુદો જ માર્ગ લીધો. અભિયાનના પ્રારંભે ૩૦૦ ગામના લોકોની ગીર ગાય અભ્યાસ યાત્રાઓ કાઢી અને હજારો ગામના લોકોને ગીર ગાય આપણા આંગણેનો સંકલ્પ લેવડાવ્યો. સૌરાષ્ટ્રના અનેક ગામોમાં લોકોના આંગણે ગીર ગાયો બંધાવી, જાતવાન નંદીથી ગામેગામ અને ગૌશાળાઓમાં ગોસંવર્ધનનો પ્રારંભ કરાવ્યો. આ સફળતાથી ૧૦ લાખ ગીર ગાય નિર્માણની અંતઃસ્ફૂરણા થઈ. તા. ૬-૧૧-૨૦૦૫ના રોજ ૫૦૦ ગામના લોકોને ગિરનારની પ્રદક્ષિણા કરાવીને **૧૦ લાખ ગીર ગાય નિર્માણનો સંકલ્પ લેવડાવ્યો.** પ્રજાશક્તિથી લુપ્ત થતા ભારતીય ગોવંશને આબાદ કરવાનો ભારત ખંડમાં પ્રથમ

સંકલ્પ લેવાયો. ગાયને કૃષિની કામધેનુ સિદ્ધ કરવાની ભાવનામાંથી સન ૨૦૦૪માં ગાય આધારિત કૃષિનો વિચાર જન્મ્યો.

જામકાથી પ્રારંભ કર્યો. સમગ્ર રાજ્યમાં ઉત્તમ પરિણામો આવ્યાં છે. જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદન વધ્યાં છે. ઝેર અને રસાયણોથી જમીન-જળ અને જીવસૃષ્ટિને ઉગારવાની સાચી દિશા મળી છે. શાપર-રાજકોટ મુકામે ગુજરાતના ૧૫ હજાર લોકોને ગોસંસ્કૃતિ નિર્માણનો સંકલ્પ લેવડાવ્યો.

***૧૨ વર્ષના ચિંતન, દર્શન, કર્મ અને અનુભૂતિમાંથી 'ગોવેદ' શાસ્ત્રનું સર્જન થયું.***

વર્તમાન **ગોવેદ** ગ્રંથનું વિચારબીજ ગીર 'ગાય આપણા આંગણે' પુસ્તક લખ્યું. ૧૨ વર્ષના ચિંતન, દર્શન, કર્મ અને અનુભૂતિમાંથી 'ગોવેદ' શાસ્ત્રનું સર્જન થયું. યુવાન વયે આ સેવાયજ્ઞમાં જીવન સમર્પી દીધું. દેશના ૩૦૦૦ થી વધુ ગામોમાં એકથી અનેક વાર જઈ ૪૦૦૦થી વધુ બેઠકો, ગ્રામસભા, સંમેલનો કર્યા. જેઓ અભણ હોવાથી વાંચી શકતા નથી એવા અસંખ્ય ગામોના ખેડૂતો અને ગોપાલકો પાસે જઈને જળરક્ષા, દેશી ગોવંશરક્ષા, જાતવાન નંદીથી ગોસંવર્ધન, ગાય આધારિત કૃષિ, જાતવાન દેશી વૃક્ષોનું વાવેતર અને જતન તથા વ્યસનમુક્ત પ્રાણવાન જિંદગીનો સંકલ્પ લેવડાવ્યો. ગીર ગાય આપણા આંગણે, ગીર ગાય ગ્રંથ-ગોવેદ, ગાય આધારિત કૃષિ અને આરોગ્ય દાતા દેશી ગાય પુસ્તકોની ૬ લાખથી વધુ નકલોનું દેશભરમાં વિતરણ કર્યું. જ્યારે ખેડૂતો-ગોપાલકો-ધર્મસ્થાનો, સરકાર સૌ દેશી ગોવંશથી વિમુખ થઈ રહ્યા હતા તેવા વિકટ કાળે મહાપરિવર્તન આવ્યું. ગુજરાતમાં બે લાખથી વધુ દેશી ગાયો લોકોએ આંગણે બાંધી છે અને વર્ણસંકરણ જાનવરોનો ત્યાગ કર્યો છે. રાજ્ય અને દેશભરમાં ખેડૂતો દેશી ગાય આધારિત કૃષિ તરફ વળ્યાં. કચ્છ-ઉત્તર ગુજરાતની લુપ્તતા તરફ ગયેલી કાંકરેજ ગાયને ઉગારવા તા. ૧૨-૨-૨૦૧૪ના રોજ કચ્છના નાના રણમાં વચ્છરાજ બેટમાં લોકોને **કાંકરેજ ગાય આપણા આંગણે**નો સંકલ્પ લેવડાવ્યો. કચ્છ-ઉત્તર ગુજરાતમાં ગ્રામસભાઓ-સંમેલનો, સાહિત્ય વિતરણથી લોક ચેતના જાગી છે. કચ્છ-ઉત્તર ગુજરાત જાતવાન-દૂધાળ કાંકરેજ ગાયોથી સંપન્ન થશે જ. ગીર ગાય આપણા આંગણે સફળ યોજનાએ સમગ્ર દેશ અને વિશ્વને દેશી ગોવંશરક્ષાનો સાચો માર્ગ બતાવ્યો છે. ચેકડમ-તળાવ યોજનાની સફળતાએ ભારત અને વિશ્વમાં ઊંડા જતા કે ખલાસ થઈ રહેલા ભૂગર્ભ જળને ફરીથી ઊંચા લાવી ભૂતળને કાયમી જળસંપન્ન રાખવાની દિશા આપી છે. જળરક્ષાની આ સૌથી સસ્તી, સરળ, પરિણામલક્ષી અને પર્યાવરણ સંગત યોજના છે. આ કાર્યોથી ગામડાંઓમાં જ્ઞાતિ, જાતિ, ધર્મોથી ઉપર ઉઠીને એકતા, સંપ અને નવસર્જનનું વાતાવરણ સર્જાયું. **જૂનાગઢનું જામકા ગામ જળક્રાંતિ, ગીર ગાય ક્રાંતિ અને દેશી ગાય આધારિત કૃષિની જન્મભૂમિ તરીકે વિશ્વ વિખ્યાત થયું છે.** ભારતના ૧૦ હજારથી વધુ ગામોના લાખો લોકો આ યોજનાઓ જોવા જામકા આવ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોના તજજ્ઞોએ આ યોજનાઓને રાષ્ટ્ર અને વિશ્વને પ્રેરક યોજનાઓ ગણાવી છે.

અમારી શ્રદ્ધા છે કે સમગ્ર ભારત અને વિશ્વને ગાયના વર્ણસંકરણની ભયાનક ભૂલ સમજાશે જ. ભારત અને વિશ્વ દેશી ગોવંશરક્ષાના માર્ગે વળશે જ. ૧૬ કામધેનુ સૂત્રના અમલથી ભારત દેશ ફરી દૂધાળ-જાતવાન દેશી ગોવંશથી સંપન્ન થશે. વિશ્વના દેશો ગોપાલન, ગાય આધારિત જીવન, ગાય આધારિત કૃષિ તરફ વળશે. લગભગ એકલપંડે આરંભેલી આ કર્મયાત્રામાં દેશના હજારો ગામોના અસંખ્ય લોકો સમર્પણ ભાવથી જોડાયાં છે. જળક્રાંતિ, ગીર ગાય ક્રાંતિ અને ગાય આધારિત કૃષિના તેઓ ખરા સર્જક છે. મારો અહેસાસ છે કે, સંવેદના, પ્રચંડ ઈચ્છાશક્તિ, પ્રશ્નોને મૂળમાંથી ઉખેડી નાખવાનો સંકલ્પ, જાતનો જ મહાપુરૂષાર્થ અને સમર્પણ-એ જીવનથી લઈ જગતની તમામ સમસ્યાને ઉકેલવાનો શાશ્વત માર્ગ છે. નિરંતર અને નિષ્કામ કર્મ મારો જીવનધર્મ છે, કેમ કે ઘોર અંધકારમાં દીપકને જાતે ઓલવાઈ જવું કેમ પાલવે ? અહોભાવથી થતા સત્કર્મનો ક્યારેય થાક લાગ્યો જ નથી. માનવોના દીપકને જાતે ઓલવાઈ જવું કેમ પાલવે ? અહોભાવથી થતા સત્કર્મનો ક્યારેય થાક લાગ્યો જ નથી. માનવોનો માંહ્યલો જાગશે જ, ભારત ખંડનું ભૂતળ જળસંપન્ન થશે, ૧૦ કરોડ જાતવાન દૂધાળ દેશી ગોવંશ, ગાય આધારિત સમૃદ્ધ કૃષિ, ઉત્તમ વનસ્પતિઓ, જાતવાન પ્રાણીઓ અને પ્રાણવાન માનવોથી ભારત ખંડ શોભી ઉઠશે એ મારી શ્રદ્ધા છે. ભારત વિશ્વને જીવનવિકાસથી રાષ્ટ્ર વિકાસનો શાશ્વત માર્ગ બતાવશે, આવા સત્કાર્યો જ ઈશ્વરનું કાર્ય છે.

ચાર વેદ, ઉપનિષદો, ગીતા, મહાભારત અને આયુર્વેદ ગ્રંથો ચરકસંહિતા, કશ્યપસંહિતા, આર્યભીષક સહિત ૫૦૦ શાસ્ત્રો-પુસ્તકોનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. ઋષિ પુરુષ વૈદ પાંચાભાઈ દમણીયા (એમ.ડી. આયુર્વેદ-ઉના), શ્રી સનત મહેતા (માજી નાણાપ્રધાન)નું માર્ગદર્શન મળ્યું છે. જ્ઞાનવારસાની આ ધરોહરને મારા પ્રણામ.

વિશ્વના એક માત્ર સમૃદ્ધ, સુશિક્ષિત, શ્રેષ્ઠ અને વિશ્વમંગલની ભાવનાથી સંપન્ન ભારત દેશમાં લુટારુ અને ધર્માંધ વિદેશીઓનું ક્રૂર શાસન આવ્યું. વિશ્વની જ્ઞાનજ્યોત સમાન ભારતીય વિદ્યાપીઠો બાળી નાખવામાં આવી, તોડી પાડવામાં આવી

***મારો અહેસાસ છે કે, સંવેદના, પ્રચંડ ઈચ્છાશક્તિ, પ્રશ્નોને મૂળમાંથી ઉખેડી નાખવાનો સંકલ્પ, જાતનો જ મહાપુરૂષાર્થ અને સમર્પણ-એ જીવનથી લઈ જગતની તમામ સમસ્યાને ઉકેલવાનો શાશ્વત માર્ગ છે.***

**'અજ્ઞાન, આળસ અને અહંકાર સર્વ રોગોનું મૂળ છે.'**

અને રાજ્યાશ્રય ન મળતા કે નિર્દોષ બાળકોની કતલ થઈ જશે એવા પ્રજાના ભયથી બાકીની વિદ્યાપીઠો બંધ થઈ ગઈ. પછી અંગ્રેજો આવ્યાં. ભારતીય સંસ્કૃતિ નષ્ટ કરવાની કૂટનીતિથી હજારો વર્ષ પહેલા સેંકડો વિષયો સમાવતી ભારતીય શિક્ષણ પદ્ધતિના સ્થાને અંગ્રેજી શિક્ષણ આવ્યું. જેના દ્વારા માતૃભાષા, હજારો વર્ષ જૂની સંસ્કૃતિ-શાસ્ત્રોનો જ્ઞાન વારસો, કૃષિ પરંપરા, વિશ્વમાં શ્રેઠ ભારતીય ગોવંશો, ગોપાલન, સેંકડો પ્રકારના ઉદ્યોગો અને કળા, વિશ્વમાં શ્રેષ્ઠ આહારવિજ્ઞાન અને પરિવાર વ્યવસ્થા, સેંકડો પ્રકારના કલાત્મક સભ્ય વસ્ત્રો, યોગ, આયુર્વેદ, શાકાહાર અને વિશ્વ કલ્યાણની આધ્યાત્મિક ધરોહર (પરંપરાગત જ્ઞાન-સંસ્કાર)ને નષ્ટ કરવાની યોજના બની. આજે આપણને ભૌતિક વિકાસ, ધન, ફેશન વધતા દેખાય છે, પણ માનવજીવનના, સંસારના, પ્રકૃતિના અને રાષ્ટ્રના શાશ્વત મૂલ્યો અને સંપત્તિ તીવ્ર ગતિએ નષ્ટ થઈ રહ્યાં છે. ભ્રાંત વિકાસ રૂપી અને દેશી ગોવંશ વિનાશના અંધકાર યુગમાં ભારતના અનમોલ દેશી ગોવંશો અને પ્રાકૃતિક-સાંસ્કૃતિક વારસાને પુનઃપ્રસ્થાપિત કરવા અમે જળરક્ષા–દેશીગોવંશરક્ષા, ગાય આધારિત કૃષિ, ઉત્તમ વનસ્પતિઓ તથા સાંસ્કૃતિક મૂલ્યોનું જતન અને વ્યસનમુક્ત પ્રાણવાન મનુષ્ય નિર્માણની કર્મજ્યોત પ્રગટાવી છે. હે ભારત વાસીઓ, આપણા જ મહાપુરુષાર્થ અને પરાક્રમથી ભારતને પુનઃ સુવર્ણભૂમિ રાષ્ટ્ર બનાવીએ. ભારતીય ધરોહર એ આપણા પૂર્વજોના અનમોલ સંશોધનો અને મહાન વારસો છે. અન્યનું આંધળું અનુકરણ કરવાના બદલે આપણી ધરોહરના મૂલ્યોને સમજીએ, અપનાવીએ અને વિશ્વ પ્રકાશિત કરીએ.''

ઉપરના બધાં વાક્યો મનસુખભાઈ ઉત્સાહ અને ગજબના આત્મવિશ્વાસથી બોલી ગયા. અમે સાંભળતા જ રહ્યા, જાણે આ માણસના શરીરમાં વિવેકાનંદ કે તુર્કના કમાલ પાયા પ્રવેશી ગયા ન હોય!

બે દાયકાથી આ જળ, ગાય અને પ્રકૃતિની સેવામાં રત અને મસ્ત, આ પ્રચાર માટે દર વરસે ભારતના લગભગ ૪૫૦ ગામોમાં જઈ ફરી વળે, આપણને આશ્ચર્ય થાય એટલી વારમાં તો પોતાના થેલામાંથી કાગળિયા કાઢી એ બધાંના નામ અને મોબાઈલ નંબર આપણને ધરી દે.

એમની દેશી ગાય આધારિત કૃષિ જોવા ભારતના અને વિદેશના લાખો લોકો આવી ગયા.

મનસુખભાઈ કહે, આપણે દેશી ખાતર ખોયું અને વિદેશનું ઝેરી ખાતર લાવી મલ્ટીનેશનલ કંપનીઓને ધનથી સમૃદ્ધ કરી આપણે રોગી બન્યા, બળદને ભૂલ્યા, આ બળદનો હવે કોઈ ભાવ નથી પૂછતું કારણ કે ટ્રેક્ટર આવ્યા અને એમાં ઓઈલ વાપરી હિંસક આરબોને સમૃદ્ધ કર્યા, ટ્રેક્ટર કંપનીને નફો આપ્યો અને શ્રમની બાદબાકી કરી.

૩૦૦૦ ચેકડેમો બાંધી દેશને જળરક્ષાનો માર્ગ દેખાડનાર સંસ્કૃતિ અને સંસ્કારનું જતન કરનાર આ તરવરિયો માણસ પ્રતિજ્ઞા લે છે કે, **'મારે દશ વર્ષમાં એક લાખ દેશી આંબા, અને દશ લાખ વૃક્ષોનો ઉછેર કરવો છે અને દશ લાખ ગીર ગાયોના નિર્માણનો મારો શંખનાદ છે.''** બીજે દિવસે મનસુખભાઈ અમને શ્રમદાનથી એમણે નિર્માણ કરેલા ચેકડેમ જોવા લઈ ગયા, પછી ગીર ગાય જોવા જામક લઈ ગયા. અમારા બિપીનભાઈ તો ખુશ ખુશ. બીપીનભાઈ જ્યાં જ્યાં ગાયના દર્શન ત્યારે એમના મુખ ઉપર ગજબનું સ્મિત પથરાઈ જાય. ગાય વિશેનું જ્ઞાન પણ ખરૂં. કોઈ પ્રાચીન ભવમાં એઓ ગાયના મહા ધણના માલિક હશે. જામકામાં અમે મનસુખભાઈનું કાઠીયાવાડી આતિથ્ય મ્હાણ્યું. ત્યાંથી એઓ અમને ગિરનાર દર્શને લઈ ગયા. અમારી યાત્રા ફળી. બિપીનભાઈ અને મનસુખભાઈની ઈચ્છા શક્તિનો પરચો જોયો.

આ માણસ પાસે સંસ્કૃતિની ક્રાંતિ માટે મૌલિક દૃષ્ટિ છે એની પ્રતીતિ એમણે લખેલા ૨૦૦ પાનાના સચિત્ર પુસ્તક 'ગોવેદ' વાંચવાથી થાય છે.

શ્રી મનસુખભાઈના કાર્યોને ભારતના સંતો પૂ. મોરારિબાપુ, બાબા રામદેવ તેમ અન્ય પૂજ્યજનો અને ચિંતકો, વિચારકો અને રાજકરણીઓએ વધાવ્યા છે, અને પ્રોત્સાહિત કર્યા છે. આ બધાની સાબિતી એઓ અમને ફોટા અને પ્રેસ કટિંગ સાથે ઉત્સાહથી દેખાડે ત્યારે આપણી સમક્ષ આશ્ચર્યોનો દરિયો ઘૂઘવવા માંડે!

ડૉ. નિરંજન રાજ્યગુરુ શ્રી મનસુખભાઈના કાર્યને બિરદાવતા લખે છેઃ

''આપણાં સમાજમાં આજે તાતી જરૂરિયાત છે ચાર પ્રકારના ઉપાસકોની. ગો-સેવક, ગો-સાધક, ગો-વિદ્ અને ગો-સિદ્ધ. સ્નેહીશ્રી મનસુખભાઈમાં આ ચારે લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. એમની સાથે જે જોડાશે તેમાં ઉપર્યુક્ત ચારે ગુણોના અંકુર કોળી ઉઠશે એમાં મને કોઈ શંકા નથી.

અત્યારે એવા વિષચક્રમાં સમગ્ર સૃષ્ટિ ફસાયેલી છે કે જમીન, જંગલ, જળ, જનાવરો અને સમસ્ત માનવ જાતનું ભયંકર રીતે શોષણ થઈ રહ્યું છે. આ શોષણને સમાપ્ત કરવું હશે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોને પોષણ આપે એવી એક માત્ર વિદ્યા 'ગોવિદ્યા'ને ફરી પુનર્જીવિત કરવી પડશે. એક નવા યુગના ગોવર્ધનધારીને સૌએ પોતાની ટચલી આંગળીનો ટેકો આપવો જ પડશે. તો જ સમસ્ત માનવજાત બચી શકશે.

આ કળિયુગના સમયના પ્રાણવાન અને પ્રજ્ઞાવાન શ્રી મનસુખભાઈએ તો સતનાં બીજનું વાવેતર કર્યું છે. હા, એ અવશ્ય ઊગશે, એના છોડ વધીને કબીર વડ સમ થશે, ને એના મીઠાં ફળ ભવિષ્યની પેઢીઓને જરૂરથી ચાખવા મળશે. સ્નેહી શ્રી મનસુખભાઈ

સુવાગીયાએ આપણા દેશમાં જળક્રાંતિ અને લૂપ્ત થયેલી છતાં પરંપરિત ગોવિદ્યાના ક્ષેત્રમાં જે યજ્ઞ આદર્યો છે તેમાં પરમાત્મા કાયમ માટે સ્વાસ્થ્ય, શક્તિ, હિંમત અને અનુકૂળતા આપતા રહે એવી પ્રાર્થના સહ ખરા અંતરના અભિનંદન...ધન્યવાદ...''

બળદોનું રક્ષણ, જીવદયા, વ્યસનમુક્તિ અને ધર્મ નિર્પેક્ષતા, જેવા કાર્યોને પણ પોતાના થેલામાંથી કાઢતા એઓ સંસ્કાર વચન ઉચ્ચારે છે, 'અજ્ઞાન, આળસ અને અહંકાર સર્વ રોગોનું મૂળ છે.' એમના મોઢેથી આ વાક્યો સાંભળીએ ત્યારે સાદા પેન્ટ અને સાદા બુશ શર્ટમાં 'સજ્જ' એવા માણસની અંદર કોઈ ચિંતક કે સાધુજન ન દેખાય તો આપણી દૃષ્ટિનો જ દોષ.

પોતાના કાર્યને સમગ્ર દેશ અને વિશ્વ પાસે લઈ જવા માટે હવે તો 'એમની હાક સુણી' અનેક સંસ્કૃતિ રક્ષકો એમની સાથે જોડાયા છે આપણે એ સૌને અભિવંદીએ.

જળ એ સર્વ જીવ માત્રનો આત્મા છે. જળ નહિ સાચવીએ તો આ પાણી માટે ભવિષ્યમાં ઠેર ઠેર પાણિપતો રચાશે. આ માણસ માણસ જાતની આવતીકાલને ઠારી રહ્યો છે.

ભાવ જાગે તો મનસુખભાઈનો સંપર્ક કરો. આ પ્રકૃતિ રક્ષક આપણને બોલાવે છે, તન, મન, ધનથી પ્રોત્સાહિત કરવા. એમનો મોબાઈલ નંબર – 09426251301 (જળક્રાંતિ ટ્રસ્ટ-રાજકોટ-02827-252509). તમારો એક ફોન તમને આ ઈસમના થનગનતા ઉત્સાહ અને પ્રેમની પ્રતીતિ કરાવી તમને પણ એવા કરી દેશે એ મારી 'ગેરંટી'.

☐ ધનવંત શાહ
drdtshah2hotmail.com

## અરિહંત અને સિદ્ધમાં સામ્ય અને તફાવત શું છે ?

☐ ડૉ. પ્રવીણ સી શાહ

| અરિહંત | સિધ્ધ |
|---|---|
| ૧. ચાર ઘાતી કર્મનો નાશ કરી કેવલજ્ઞાન પામેલા હોય છે. પણ ચાર અઘાતી કર્મ હજુ બાકી છે. | ૧. આઠેય કર્મનો નાશ કરી મોક્ષને પામેલા છે. છતાં જ્ઞાન અરિહંત જેટલું જ હોય છે. |
| ૨. દરેક ચોવીશીમાં માત્ર ૨૪ જ તીર્થંકરો-અરિહંત થાય છે. અને જિન શાસનની મોક્ષમાર્ગની સ્થાપના કરે છે. | ૨. સિધ્ધોની સંખ્યા અસંખ્ય હોય છે. જિનશાસનની સ્થાપના કરતા નથી પણ અરિહંતે સ્થાપેલા મોક્ષ માર્ગને સાધીને સિધ્ધ થાય છે. માટે અરિહંતો પ્રથમ પદે છે. |
| ૩. અરિહંતના આઠ પ્રાતિહાર્ય સહિત ૧૨ ગુણ હોય છે | ૩. સિધ્ધના ૮ કર્મોના નાશથી ૮ ગુણ હોય છે. |
| ૪. પાછળના ત્રીજા ભવે સવિ જીવ કરું શાસન રસીની ભાવના સાથે વીશ સ્થાનક તપની આરાધના કરીને તીર્થંકર નામકર્મ બાંધી છેલ્લા ભવે તીર્થંકર થાય છે. | ૪. આવી કોઈ આરાધના જરૂરી નથી. |
| ૫. સમકિત પામ્યા પછી તીર્થંકરના ભવ સુધી તેમના ભવની ગણત્રી મૂકાય છે. | ૫. ભવોની ગણત્રી શાસ્ત્રમાં નોંધાતી નથી. |
| ૬. કેવલજ્ઞાન પામ્યા પછી દેવતાઓએ રચેલા સમવસરણમાં ધર્મની સ્થાપના અને ગણધરોની-ચતુર્વિધ સંઘની રચના અરિહંત દ્વારા થાય છે. | ૬. ધર્મની સ્થાપના કરતા નથી. |
| ૭. ધર્મની સ્થાપના પછીના આયુષ્ય ચાલે તેટલા વર્ષો સુધી આહાર–વિહાર કરે પણ દેવરચિત ૯ સુવર્ણના કમળ ઉપર પગલાં ભરીને ચાલે અને ૩૪ અતિશય, વાણીના ૩૫ ગુણ યુક્ત દેશના આપે. | ૭. સિધ્ધ ભગવાનને આવો વ્યવહાર કરવાનો હોતો નથી. |
| ૮. અરિહંત ભગવંતો મનુષ્યના દેહ આકારે રૂપી છે. | ૮. સિધ્ધ ભગવંતો નિરાકાર નિરંજન અરુપી છે. |
| ૯. અરિહંતનું નિવાસ સ્થાન નિર્વાણ ન પામે ત્યાં સુધી પૃથ્વી ઉપર છે, લોકમાં છે. | ૯. સિધ્ધ પરમાત્માઓ લોકને અંતે આવેલી સિધ્ધશીલા ઉપર હોય છે. |
| ૧૦. પરમાત્માની વાણી દેવ દુંદુભીના નાદ સાથે માલકોષ રાગમાં સૌ પશુ-પક્ષી મનુષ્ય-દેવો પોત-પોતાની ભાષામાં સમજી શકે એવી એક યોજન=૪ ગાઉ=૮ થી ૧૦ માઈલ સુધી સંભળાય. | ૧૦. સિધ્ધ ભગવંતો દેશના આપતા નથી માત્ર જગત દૃષ્ટા જ છે. |

# ધર્મગ્રંથોનું પુન: સંકલન

*[ આ વિષયને સ્પર્શવો એટલે ગરમ તાવડી પર હાથ મૂકવા જેવું છે. પરંતુ સત્યની રોટલી તૈયાર કરવા માટે તાવડી ગરમ તો કરવી પડશે જ. વર્તમાનમાં વિજ્ઞાને આપણી સમક્ષ કેટલાં એવાં રહસ્યો અને સત્યો પ્રગટ કર્યા છે જે શાસ્ત્રો સાથે સંમત ન હોય. ખુલ્લા મને મંથન તો કરવું જ રહ્યું. આ વિષય ઉપર પ્રાજ્ઞજનોને પોતાના વિચારો પ્રસ્તુત કરવા નિમંત્રણ છે. –***તંત્રી** ]

❑ જશવંત મહેતા

ડૉ. શ્રી ધનવંતભાઈએ નવેમ્બર ૨૦૧૪ના 'પ્રબુદ્ધ જીવન'માં 'ઈસ્લામ, અહિંસા અને ધર્મગ્રંથો' શીર્ષક લેખમાં પ્રત્યેક ધર્મે પોતાના ધર્મગ્રંથોમાં ઊંડી દૃષ્ટિ કરી મૂળ તાત્પર્યને વફાદાર રહી, વર્તમાનને લક્ષમાં રાખી પુન:સંકલન કરવા સૂચન કર્યું છે. દર વર્ષે બકરી ઈદને દિવસે લાખોની સંખ્યામાં નિર્દોષ પ્રાણીઓની ધર્મના નામે ઈસ્લામના અનુયાયીઓ દ્વારા હિંસા થાય છે તે હિંદુ તથા વિશેષ કરીને જૈન ધર્મના અનુયાયીઓની ધાર્મિક લાગણીને મોટી ઠેસ પહોંચાડે છે. ડૉ. શ્રી મહેબુબ દેસાઈ જેવા ઈસ્લામ ધર્મના અનુયાયી પણ દુ:ખની લાગણી સાથે આ હિંસાને નિરર્થક, અન્યાયી અને ગેરવ્યાજબી ઠરાવે છે. પણ એ હકીકત છે કે ડૉ. મહેબુબ દેસાઈ જેવી તટસ્થ અને ખુલ્લી રીતે વિચાર કરનારી (open-minded) વ્યક્તિઓ દરેક ધર્મમાં અલ્પ સંખ્યામાં છે અને ઈસ્લામમાં કદાચ અતિ અલ્પ સંખ્યામાં હશે.

કુરાનમાં નીચે જણાવેલી આયાતો નિ:શંક ભગવાન (અલ્લાહ)ને રીઝવવા માટ પ્રાણીઓના બલિદાનનું સમર્થન કરે છે. (નોંધ : નીચે રજૂ કરેલી કુરાનની આયાતો મેં ઈસ્લામ ધર્મના વિદ્વાન શ્રી અબ્દુલ્લા અબ્દુલ્લ યુસુફઅલીના અંગ્રેજી પુસ્તકમાંથી અક્ષરશ: રજૂ કરી છે. કુરાન અસલ અરબી ભાષામાં લખાયેલું છે.) નીચે આ આયાતોનો ગુજરાતી અનુવાદ છે. વાચક સમજી શકશે કે ઘણી વખત અક્ષરશ: અનુવાદ મુશ્કેલ થાય છે અને ભાવાનુવાદ અનુવાદ માટે મેં શક્ય રીતે મારી મેળે કર્યા પછી ડૉ. ધનવંતભાઈની પણ મદદ લીધી છે અને ઈન્ટરનેટ ઉપરથી ગુજરાતી અનુવાદ વાંચ્યા પછી બને એટલી કાળજી લઈ યથા યોગ્ય સુધારા કર્યા છે.

**Surah 22**

**Ayat 32**

`Such (is his state), and whoever holds in honour the symbols of Allah, (in the sacrifice of animals), such (honour) should come truly from piety of heart.'

**આયાત ૩૨**

'આ હકીકત છે (પ્રાણીઓના બલિદાન આપતી વખતે) અને જે કોઈ અલ્લાહની પવિત્ર નિશાનીઓ માટે આદર વ્યક્ત કરે તેઓનો આ ભાવ અંતરના ઊંડાણમાંથી આવવો જોઈએ.'

**Ayat 34**

`To every people did We appoint rites (of sacrifice), that they might celebrate the name of Allah over the sustenance He gave them from animals (fit for food). But your God is One Allah, submit then your wills to Him (in Islam) and give the good news to those who humble themselves.'

**આયાત ૩૪**

'પ્રાણીઓના બલિદાનનો અધિકાર અમે દરેક વ્યક્તિને આપ્યો છે જેથી અલ્લાહના નામે પોષણ આપવા માટે (ભૂખ ભાંગવા માટે) અને ઉત્સવ મનાવવા માટે પ્રાણીઓને પ્રદાન કર્યા છે. તમારા સૌનો અલ્લાહ એક જ છે માટે તમે સદા તેને સમર્પણ કરો અને આ શુભ સંદેશો જે નમ્રતા ગ્રહણ કરે તેમને આપો.'

**Ayat 36**

`The sacrificial camels We have made for you as among the symbols from Allah; in them is (much) good for you. Then pronounce the name of Allah over them as they line up (for sacrifice). When they are down on their sides (after slaughter), eat thereof, and feed such as (beg not but) live in contenment, and such as beg with due humility. Thus have We made animals subject to you, that you may be grateful.'

**આયાત ૩૬**

'કુરબાની માટેના ઊંટો પણ અમે તમારા માટે અલ્લાહના પ્રતીક તરીકે તમારી ભલાઈ માટે આપ્યા છે અને તેમને હારબંધ ઊભા કરી તેમને માટે અલ્લાહની બંદગી કરો અને તેઓની કતલ (વધ) થયા પછી જ્યારે તેઓ ઢળી પડે ત્યારે તેઓને આરોગો અને વિનમ્રતા સાથે સંતોષજનક લાગણીથી ન માગનારાઓને ખવડાવો. આવી રીતે અમે (અલ્લાહે) તમારા માટે જનાવરો બનાવ્યા છે જેથી તમે અમારા આભારી બનો.'

**Ayat 37**

`It is not their meat nor their blood, that reaches Allah, it is your piety that reaches Him. He has thus made them subject to you, that you may glorify Allah for His guidance to you and proclaim the good news to all who do good.'

**આયાત ૩૭**

'હકીકતમાં ન તો માંસ અલ્લાહ સુધી પહોંચે છે કે ના તો લોહી,

પરંતુ તમારા અંદરની પવિત્ર લાગણીઓ અલ્લાહ પાસે પહોંચી જાય છે. આવી જ રીતે તેમને તમારે આધીન કર્યા છે કે અલ્લાહે તમને હિદાયત બક્ષી છે તેના માટે તમે તેની સ્તુતિ કરો અને હે રસૂલ તું ભલાઈ કરનારાઓને ખુશખબર આપી દે.'

એક સમયે હિંદુ ધર્મના પણ અનેક અનુયાયીઓમાં યજ્ઞમાં દેવોને રીઝવવા નિર્દોષ પ્રાણીઓની બલી ચડાવવાનો રિવાજ સામાન્ય હતો પણ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે ધર્મને નામે પ્રાણીઓ પર થતી હિંસાનો પ્રચંડ વિરોધ કરી સમાજમાં જાગૃતિ લાવતા આ અમાનુષી પ્રથાનો અંત આવ્યો અને હિંદુ ધર્મના મોટા વર્ગે માંસાહારને પણ તિલાંજલિ આપી.

કુરાનની ઉપર જણાવેલ આયાતોમાં હિંસાને ચોક્કસ સમર્થન સાંપડે છે અને ડૉ. ધનવંતભાઈએ યથાર્થ રીતે જણાવ્યુ છે કે 'આ ગ્રંથોમાં જ્યાં જ્યાં હિંસાનું નિર્દેશન છે એનું પણ નિર્દેશન કરાવી એ શબ્દોનું અર્થઘટન જગત પાસે મૂકવું જોઈએ.' એ હકીકત છે કે અન્ય ધર્મો કરતા ઈસ્લામમાં તેમના મૂળભૂત ગણાતા ધર્મગ્રંથ કુરાનમાં જે લખાયું છે તેનું સ્વતંત્ર અર્થઘટન કે તેના વિષે અંગત મંતવ્ય જણાવવાની મહેબુબ દેસાઈ જેવા સૌમ્ય (moderate) કે ઉદારમતવાદી (liberal) ઈસ્લામ ધર્મના અનુયાયીઓ હિંમત દાખવતા કદાચ અચકાતા પણ હશે કેમ કે તેમ કરવામાં રૂઢીચુસ્ત મૌલવીઓ અને તેના અનુયાયીઓ તરફથી તેઓ ભય પણ અનુભવતા હોય અને તેઓને પોતાનો જીવ પણ જોખમમાં મૂકવાની શક્યતા નકારી ન શકાય. કુરાનમાં સુરાહ ૧૦૯માં નિઃશંક અન્ય ધર્મની માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા દર્શાવવામાં આવી છે.

1. Say : O you that reject Faith,
2. I worship not that which you worship.
3. Nor will you worship that which I worship.
4. And I will not worship that which you have been want to worship,
5. Nor will you worship that which I worship,
6. To you be your way, and to me mine.

**સુરાહ ૧૦૯**

૧. અહો, આપ જેઓ આસ્થાને નકારો છો.
૨. જેને આપ ભજો છો તેને હું નથી ભજતો.
૩. ન તો, જેને હું ભજું છું, તેને આપ ભજશો નહિ.
૪. અને જેને આપ ભજવા ટેવાયેલા છો તેને હું પણ નહિ ભજું.
૫. ન તો. જેને હું ભજું છું, તેને આપ ભજશો નહિ.
૬. આપ આપને રસ્તે હું મારા રસ્તે.

આ ઉપરાંત સુરાહ ૨, આયાત ૧૯૦ માં પણ લખ્યું છે કે `Fight in the Cause of Allah those who fight you, but do not transgress limits; for Allah loves not transgressors.'.

**સુરાહ ૨-આયાત ૧૯૦**

'અલ્લાહને ખાતર જેઓ આપની સાથે લડાઈ કરે તેની સાથે લડો પરંતુ હદનું ઉલ્લંઘન ન કરો કારણ ઉલ્લંઘન કરનારા અલ્લાહને પ્યારા નથી.'

પણ તેની પછીની જ આવતી આયાત ૧૯૧માં જણાવ્યું છે કે And slay them wherever you catch them, and turn them out from where they have turned you out; for tumult and oppression are worse than slaughter; but fight them not at the Sacred Mosque, unless they (first) fight you there; but if they fight you, slay them. Such is the reward of those who suppress Faith.' આ આયત નિઃશંકપણે હિંસાને સમર્થન આપે છે.

**આયાત ૧૯૧**

'તમને જ્યાંથી પણ તેઓની ભાળ મળે ત્યાંથી ગોતી તેઓની કતલ કરો અને તમને જ્યાંથી કાઢી મુક્યા હોય ત્યાંથી તેઓને તગેડી મુકો કેમકે જુલમ સહેવા કરતા કે માનસિક પીડા ભોગવવા કરતા તેઓની કતલ કરી નાખવી સારી. જેઓ આપણી માન્યતાને ન સ્વીકારે તેના માટે આવો બદલો લેવો જોઈએ. પરંતુ પવિત્ર મસ્જિદ પાસે તેઓ લડાઈ ઝઘડા ન કરે ત્યાં સુધી તમે પણ મસ્જિદ પાસે ઝઘડો ન કરો. જો તેઓ તેમ કરે તો તેમની કતલ કરો.'

આ ઉપરાંત સુરાહ ૫, આયાત ૧૦ પણ હિંસાને ચોખ્ખું સમર્થન આપે છે. `Those who reject Faith and deny Our Signs will be companions of Hell-Fire.' 'જે આપણી માન્યતા કે આપણે ચિંધેલો માર્ગ ન અનુસરે તેઓનું સ્થાન નર્કમાં નિશ્ચિત છે.' આ ઉપરાંત સુરાહ ૯ આયાત ૨૯માં પણ ઈસ્લામને સ્વીકારે નહિ તેના માટે જીઝીયાવેરો ભરવાનું સૂચવ્યું છે. `Fight those who believe not in Allah nor the LastDay, nor hold that forbidden which has been forbidden by Allah and His Apostle, nor acknowledge the religion of Trurth, (even if thay are) of the People of the Book, until they pay the Jizya with willing submission, and feel themselves subdued.'

**સુરાહ-૯ આયાત ૨૯**

'જેઓ અલ્લાહને તથા કયાતમના દિનને ન માને, જેઓ અલ્લાહ તથા તેના ફરિસ્તાઓએ બતાવેલ માર્ગને ન અનુસરે, આપમેળે જીઝીયાવેરો ના ભરે તથા અન્યને આમ કરતા રોકે તો તેઓ સાથે લડાઈ ચાલુ રાખો.'

ઔરંગઝેબ અને અન્ય મુસ્લિમ રાજ્યકર્તાઓએ હિંદુ પ્રજા પર આ આયાતને અમલમાં મૂકી જીઝીયાવેરા લાદયો હતો અને હિંદુ સમાજની જે ગરીબ વર્ગની પ્રજા આ વેરો ભરી શકે તેમ નહિ હતી તેઓને

ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડી હતી.

**ઈસ્લામ અને અન્ય ધર્મો વચ્ચેનું સતત થતું રહેલું ઘર્ષણ**

ઈસ્લામ અને યહુદી તથા ખ્રિસ્તી પ્રજા વચ્ચે કાયમ ઘર્ષણ થતું રહ્યું છે. મારા મતે સુરાહ ૯ની આયાત ૩૦ આમ થવામાં કારણભૂત રહી છે. આ આયાતમાં ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ જીસસ ક્રાઈસ્ટને `Son of God' ભગવાનનો અવતાર માન્યા છે. (જેમ હિંદુ ધર્મમાં શ્રીકૃષ્ણને અવતાર માન્યા છે.) તેનું કુરાનમાં સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. આ આયાતમાં જણાવ્યા પ્રમાણે - `The Jews call `Uzair a son of Allah, and the Christians call Christ the son of Allah. That is a saying from their mouth; (in this) they but imitate what the Unbelievers of old used to say. Allah's curse be on them; how they are deluded away from the Truth.'

**સુરાહ-૯ આયાત ૩૦**

'યહુદીઓ અલ્લાહના પુત્રને ઝુએર કહે છે અને ખ્રિસ્તીઓ ક્રાઈસ્ટ કહે છે. આ તેઓનું કહેવું છે. તેઓ તેમના નાસ્તિક પુરોગામીઓની માન્યતાઓનું અનુકરણ જ કરે છે. અલ્લાહ તેમને શાપ આપે કારણ તેઓની માન્યતા સત્યથી વેગળી છે.'

દેખીતી રીતે આ આયાતો અન્ય ધર્મની માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા દર્શાવતી નથી અને સુરાહ ૧૦૯ અને સુરાહ ૨ આયાત ૧૯૦ના સંદર્ભમાં પરસ્પર વિરોધાભાસી છે અને આવો વિરોધાભાસ કુરાનમાં અન્ય જગ્યાએ પણ જોવા મળશે. ઈસ્લામ ધર્મના કટ્ટરપંથીઓ આ સુરાહ ૨ ની ૧૯૧મી આયાત અને સુરાહ ૫ ની ૧૦મી આયાતનું અને અન્ય ઉશ્કેરણીજનક આયાતોનું અક્ષરશઃ પાલન કરી અને FAITHનું અર્થઘટન જે ઈસ્લામ ધર્મને અનુસરતા નથી તેઓની ધર્મને નામે કત્લેઆમ કરવામાં અચકાયા નથી. મારા અંગત મત પ્રમાણે વિશ્વમાં ઈસ્લામ ધર્મના ફેલાવા અર્થે મહંમદ પયગંબર સાહેબના અવસાન પછી આ આયાતો તેમના નામે પણ કદાચ ઉમેરવામાં આવી હોઈ શકે.

કમનસીબે આજે ઈસ્લામ ધર્મને અનુસરનારા કટ્ટરપંથીઓ કુરાનને પયગંબર સાહેબનો આખરી શબ્દ ગણે છે અને આ આયાતો વિરુદ્ધ એક પણ શબ્દને અલ્લાહની સામેનો મોટો અપરાધ (Blasphemy) ગણી તે વ્યક્તિને મોતની સજા થવી

> **''જે ધર્મ વર્તમાન સાથે તાલ મિલાવે છે તે જ ગતિ કરી શકે છે, એ જ જીવંત રહે છે.''**

## ઓમ કારનો અર્થ શો થાય ?

સવાલ : પ્રાયઃ ઘણાં મંત્રોની શરૂઆતમાં ઓમકાર આવે છે તો ઓમ કારનો અર્થ શો થાય ?

જવાબ : અ, અ, આ, ઉ આ સ્વરો અને મ, આ વ્યંજનો પરસ્પર યોગ થવાથી ઓમકાર શબ્દ બનેલો છે. પ્રથમ અરિહંતપદનો આદ્ય અક્ષર અ, બીજા અશરીરી અર્થાત્ સિધ્ધપદનો આદ્ય અક્ષર અ અને ત્રીજા આચાર્ય પદનો આદિ અક્ષર આ ત્રણે સ્વરનો યોગ થવાથી આ રુપ થાય, તેની સાથે ઉપાધ્યાયપદનો અર ઉ મળવાથી ઓ બને ઓ ની સાથે પાંચમા મુનિપદનો મ આ વ્યંજનનો યોગ થવાથી ઓમકાર બને છે. અ, અ, આ, ઉ, મ–આ પાંચના યોગથી ઓમકાર શબ્દ બનેલો હોવાથી તેનો અર્થ પંચપરમેષ્ટી થાય છે. અર્થાત્ ઓમકાર શબ્દ અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પંચપરમેષ્ઠિ પદનો બોધક છે.

જોઈએ તેમ દઢપણે માને છે. ઈસ્લામના મોટાભાગના રાજ્યકર્તાઓએ જે જે દેશ પર ચઢાઈ કરી તેની સામે વિજય મેળવતા ગયા ત્યાં આ આયાતોનું અર્થઘટન રૂઢીચુસ્ત મૌલવીઓને અનુસરીને કરતા રહ્યા છે અને અન્ય ધર્મ પ્રત્યે અસહિષ્ણુતા બતાવી છે અને ફરજીયાત ધર્મ પરિવર્તન કરાવ્યું છે અને જેઓએ એનો અસ્વીકાર કર્યો તેઓની યા તો કતલ કરી છે યા તો પોતાના જ દેશમાંથી તેઓને હાંકી કાઢ્યા છે અથવા જીઝીયાવેરો વસુલ કરતા રહ્યા. આના અસંખ્ય દાખલાઓ ઇતિહાસમાં મોજુદ છે જેમ કે ઇરાનમાં જરથોસ્તી ધર્મ ૧૩મી સદી સુધી મુખ્ય ધર્મ હતો પણ જ્યારે ઇરાન (પર્શિયા) પર ચઢાઈ કરી મુસ્લિમ (અરબ) રાજ્યકર્તાઓએ જીત મેળવી ઈરાન પર કબ્જો મેળવ્યો ત્યારે સમગ્ર પ્રજાને ફરજીયાત ઈસ્લામ ધર્મ અંગીકાર કરવો પડ્યો અને ગણ્યાગાંઠ્યા જરથોસ્તીઓએ જબરદસ્તીથી ધર્મ પરિવર્તન સ્વીકારવાને બદલે પોતાની પ્રિય માતૃભૂમિ ઈરાન છોડી હિંદુસ્તાનમાં આવી કાયમ માટે વસવું પસંદ કર્યું. પર્શિયાના આ વતનીઓને આપણે પારસી તરીકે સ્વીકારી આવકાર આપ્યો. આ શાંતિપ્રિય પારસી કોમે હિંદુ સમાજમાં, જેમ દુધમાં સાકર ભળે તે રીતે, ઓતપ્રોત થઈ દેશની ઉન્નતિમાં મોટો ફાળો આપ્યો છે. ત્યારબાદ ૧૯મી સદીમાં પણ આ જ ઇરાનમાં બહાઈ ધર્મના સ્થાપક બહાઉલ્લાએ ઇસ્લામ સાથે સાથે અન્ય ધર્મનો (ખ્રિસ્તી, હિંદુ, બૌદ્ધ વગેરે) ઊંડો અભ્યાસ કરી સર્વે ધર્મના ઉમદા સિદ્ધાંતોનું સંકલન કરી બહાઈ ધર્મની સ્થાપના કરી અને તેને ઈરાનમાંથી પ્રજાના સારા એવા સમુદાયનું સમર્થન પણ મળ્યું અને તેઓએ બહાઈ ધર્મ સ્વીકાર્યો પણ ઈસ્લામના કટ્ટરપંથીઓને આ સ્વીકાર્ય નહોતું અને બહાઈ ધર્મના સર્વે અનુયાયીઓ પર અમાનુષ અત્યાચાર કરી ઇરાનમાંથી હાંકી કાઢવામાં આવ્યા (આ કત્લેઆમમાં બે હજાર લોકોને નિર્દય રીતે મારી નાખવામાં આવ્યા હતા). આજે પણ આપણે અખબારોમાં તાલિબાનો અને આઈ.એસ.આઈ.એસ. દ્વારા ધર્મને નામે નિર્દોષ પ્રજા ઉપર અમાનુષ અત્યાચારોના સમાચારો રોજ વાંચતા રહીએ છીએ. આજે બહાઈ ધર્મના શાંતિપ્રિય અનુયાયીઓ ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં વસવાટ કરે છે. (દિલ્હીમાં બાંધવામાં આવેલું બહાઈ ધર્મનું મંદિર આજે સ્થાપત્ય કલાનો અનન્ય નમૂનો ગણાય છે.)

ડૉ. મહેબુબભાઈ અને ઈસ્લામ ધર્મના સૌમ્ય (Moderate) અને ઉદાર વિચારસરણી ધરાવનારા, કુરાને

શરીફની આયાતોમાંથી જે આયાતો અન્ય ધર્મ પ્રતિ સહિષ્ણુતા દાખવે છે તેને સમર્થન આપતા રહ્યા છે. પણ જો ઈસ્લામને કટ્ટરપંથીઓની અસરમાંથી બહાર લાવવો હોય તો ઈસ્લામના આ સૌમ્ય (moderate) કે ઉદારમતવાદી (liberal) અનુયાયીઓએ સંગઠિત થઈને ખુલ્લા મનથી કુરાને શરીફની પરસ્પર વિરોધાભાષી આયાતોની વિસ્તારથી ચર્ચા કરી અને આમાંથી રસ્તો કઈ રીતે નીકળી શકે તે સૂચવવું જરૂરી છે. દરેક ધર્મગ્રંથો પછી તે કુરાન હોય કે ગીતા હોય કે બાઈબલ હોય કે આપણા જૈન ધર્મના ગ્રંથો હોય તે ઉમદા આશયથી માનવજાતના ઉત્થાન માટે લખાયા કે સંકલન થયા હશે તે નિઃશંક છે પણ સાથે સાથે એ સત્ય પણ સ્વીકારવું રહ્યું કે આ ધર્મગ્રંથો **જે સમયે લખાયા હશે તે સમયની લોકોની રહેણીકરણી, રીત-રિવાજ અને જે સ્તર ઉપર વિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત થયું હશે તેને અનુરૂપ તેમાં ઉપદેશો અપાયા છે જેનું સમય જતા બદલાતી જીવનશૈલી સાથે પુનઃસંકલન કરવું જરૂરી છે.** કમનસીબે મોટા ભાગના અનુયાયીઓએ પોતાના ધર્મગ્રંથોમાં જે લખાયું હોય છે તેને બ્રહ્મવાક્ય (ultimate truth) તરીકે સ્વીકારી લીધું છે અને આ ગ્રંથિમાંથી બહાર નથી આવી શક્યા. આમ થવામાં આપણા ધર્મગુરુઓનો પણ મોટો ફાળો છે. ધનવંતભાઈ લખે છે કે 'જે ધર્મ વર્તમાન સાથે તાલ મિલાવે છે તે જ ગતિ કરી શકે છે, એ જ જીવંત રહે છે. આ કાર્યથી ધર્મગ્રંથનો અનાદર થાય છે એવો સંકૂચિત વિચાર ન કરતા આ પ્રક્રિયા ધર્મને તાજો રાખે છે એવું વિચારવું એ પ્રજ્ઞા અને હૃદયની વિશાળતાનું પ્રતીક છે.' જેમ વિજ્ઞાનમાં સંશોધન થતું રહ્યું છે અને આપણે પ્રગતિ કરતા રહ્યા છીએ તેવી જ રીતે આપણા ધર્મગ્રથોમાં પણ સંશોધન કરવાની એટલી જ બલ્કે તેનાથી વધારે આવશ્યકતા છે. પણ હકીકતમાં દરેક ધર્મ અને સમાજનો મોટો વર્ગ (બહુધા ધર્મગુરુઓના પ્રભાવ હેઠળ) આ પરિવર્તન સ્વીકારવા કે સંશોધન કરવા તૈયાર નથી. જો આપણે આ પરિવર્તન સ્વીકારીએ તો દરેક ધર્મ વચ્ચે સહિષ્ણુતા અને અંદરો અંદરની ગેરસમજ પણ દૂર થઈ શકે. જ્યારે ધર્મનું નામ આવે ત્યારે બુદ્ધિ કે લોજીકનો ઝાઝો અવકાશ રહેતો નથી અને આ હકીકત વત્તે ઓછે અંશે દરેક ધર્મના અનુયાયીઓને લાગુ પડે છે.

આજે અન્ય ધર્મો કરતાં ઈસ્લામ ધર્મમાં રૂઢિચુસ્ત મૌલવીઓની મુસ્લિમ સમાજમાં પકડ ઘણી મજબૂત છે. હું ચક્ષુદાનની પ્રવૃત્તિમાં સક્રિય રસ લઈ રહ્યો છું. છેલ્લા વીસ વર્ષમાં અમારી ચક્ષુબૅંક જોડે સંકળાયેલા મુંબઈના વિવિધ ચક્ષુદાન કેન્દ્રો દ્વારા ૩૪,૦૦૦ જેટલા ચક્ષુ પ્રાપ્ત થયા છે પણ તેમાં મુસ્લિમ સમાજનો ફાળો લગભગ નહીવત્ જેટલો છે. જ્યારે અમે ટ્રાન્સપ્લાંટ માટે આપેલા કોર્નિયામાં ૧૫ થી ૨૦ ટકા જેટલા મુસ્લિમ દર્દીઓનો સમાવેશ થાય છે. આના મુખ્ય કારણોમાં મૌલવીઓએ એવી માન્યતા ફેલાવી છે કે મૃત્યુ પછી અલ્લાહના દરબારમાં પહોંચતી વેળાએ શરીર અકબંધ હોવું જોઈએ. `One does not own his or her parts of the body like eyes, kidney etc; therefore he cannot gift it to anyone. It is unlawful to take our cornea from a donated eye and transplant in the eye of other person and Allah (Subhana Wa Ta'ala) Knows Best'

**મહાવીર પ્રભુએ કેવલજ્ઞાન પામ્યા પછી કેટલો તપ કર્યો ?**

સવાલ : મહાવીર પ્રભુએ ૪૨ વર્ષની ઉંમરે કેવલજ્ઞાન પામ્યા પછી ૩૦ વર્ષ દરમ્યાન કેટલો તપ કર્યો ?

જવાબ : દીક્ષા લીધા પછી સાડાબાર વર્ષ સુધી ઘોર તપ કરનારા પરમાત્માએ માત્ર ઠામ ચૌવિહારથી ૩૪૯ દિવસ એકાસણ કરીને આહાર વાપર્યો છે પણ તપ-જપ-અનુષ્ઠાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ માટે થાય છે. કેવલજ્ઞાન પામ્યા પછી અનુષ્ઠાન કરવાની જરૂર રહેતી નથી એટલે પ્રભુ મહાવીર સ્વામીએ અંતિમ દિવસોમાં છઠ કરીને નિર્વાણ પામ્યા-એ સિવાય કોઈ તપ કર્યા નથી. પ્રતિદિન આહાર વાપરતા હતા. (શ્રી ભગવતી સૂત્ર પ્રમાણે)

**વર્ણવ્યવસ્થાને ગીતા દ્વારા સમર્થન**

હિંદુ સમાજમાં ગીતાનું એક ધર્મગ્રંથ તરીકે અનેરૂં સ્થાન છે. ગીતાનો કર્મયોગ, ભક્તિયોગ વગેરેનો ઉપદેશ અને તેનું વાંચન એ એક અનેરો લહાવો છે અને વાંચન વખતે આપણે એક વૈચારિક રીતે ઉચ્ચ સ્તરની લાગણી અનુભવીએ છીએ પણ આજ ગીતાના અઢારમાં અધ્યાયની ૪૧,૪૨,૪૩,૪૪,૪૫,૪૬ અને ૪૭ ની ગાથાઓમાં (verses) નીચે મુજબ જણાવ્યું છે.

ब्राह्मणक्षत्रियविशां शुद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणै: ।।४१।।

હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોનાં કર્મ. પોતપોતાના સ્વાભાવિક ગુણોના અનુસાર જુદાં જુદાં વિભાજિત કરવામાં આવ્યા છે. ૪૧

ગાથા ૪૧ઃ `The duties of Brahmin, Kshatriya, Vaishya, as also of Shudra are determined by properties that are born out of their nature.'

शमो दमस्तप: शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ।।४२।।

શમ, દમ, તપ, પવિત્રતા, શાંતિ, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા, એ બ્રાહ્મણોનાં સ્વાભાવિક કર્મ છે. ૪૨

ગાથા ૪૨ઃ `Self-restraint, subduing of the sense, innocence, mercy, uprightness, piety, true knowledge and direct perception of divinity are the Brahmins province-born our of his nature.'

शौर्यं तेजो धृतिद्राक्ष्यं युद्धे चाप्यपलायनम्।
दानमीश्वर भावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।४३।।

શૂરતા, તેજસ્વીતા, ધૈર્ય, દક્ષતા, યુદ્ધમાંથી ન ભાગવું, દાન અને નિઃસ્વાર્થ ભાવે રક્ષણ (ઈશ્વરી પ્રભાવ) એ ક્ષત્રિયોનાં સ્વાભાવિક કર્મ

છે. ૪૩

ગાથા ૪૩ : `Valour, majesty, dexterity, unwillingness to retreat in battle, charity and sovereignty are the natural province of a Kshatriya.'

कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।

परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ।।४४।।

ખેતી, પશુપાલન અને વ્યાપાર, એ વૈશ્યોનાં સ્વાભાવિક કર્મ છે. બીજાની સેવા કરવી એ શુદ્રોનું સ્વાભાવિક કર્મ છે. ૪૪

ગાથા ૪૩ : `Farming, protection of cows (the senses) and commerce are the natural province of a Vaishya, whereas rendering services is the natural calling of a Shudra.'

स्वे स्वे कर्मण्यभिरत: संसिद्धिं लभते नर:।

स्वकर्मनिरत: सिद्धिं यथा विन्दति तच्छृणु ।।४५।।

પોતપોતાનાં કર્મોમાં મચ્યો રહેનારો પુરુષ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તે કેવી રીતે પ્રાપ્ત થાય છે તે હવે સાંભળ. ૪૫

ગાથા ૪૫ : `Commitment to his own inborn duty brings man to the ultimate accomplishment and you should listen to me on how a man achieves perfection through dedication to his innate calling.'

यत : प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानव: ।।४६।।

જે સર્વ ભૂતોની પ્રવૃત્તિનો હેતુ છે અને જેણે સમસ્ત જગતનો વિસ્તાર કર્યો છે તેને પોતાનાં કર્મ દ્વારા પૂજવાથી મનુષ્યને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૪૬.

ગાથા ૪૬: `By adoration of that God, who has created all beings and who pervades the whole universe. through the undertaking of his natural calling, man attains to final accomplishment.'

श्रेयान्स्वधर्मो विगुण: परधर्मास्त्वनुष्टितात्।

स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति बिल्बिषम् ।।४७।।

સારી રીતે આચરણ કરેલા પરધર્મથી પોતાનો ધર્મ ગુણરહિત પણ સારો છે. સ્વભાવજન્ય નિયત કરેલું કર્મ કરવાવાળાને દોષ લાગતો નથી. ૪૭

ગાથા ૪૭ : `Even though unmeritorious, one's own native calling is superior to office of others, for a man carrying out his natural obligation does not bring sin upon himself.'

આજથી ૫૦૦૦ કે તેથી વધારે વર્ષો પહેલાં જ્યારે ગીતા લખાઈ હશે ત્યારે અને આજના સમયના પરિવર્તનને લક્ષ્યમાં લેતા આ અધ્યાયો અસ્થાને લાગે છે પણ આ અધ્યાયોની નિઃશંક રીતે હિંદુ સમાજ પર ઊંડી અસર રહી છે અને હિંદુ સમાજને ચાર વર્ણમાં વિભાજન કરનારી વર્ણવ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું છે એવું લાગ્યા વગર રહેતું નથી. આ વિભાજનથી સૌથી વધારે દલિત (શુદ્ર) વર્ણને સહન કરવું પડ્યું છે. આ અધ્યાયનો સારાંશ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્રે જે વર્ણમાં જન્મ લીધો છે તે વર્ણમાં આ વર્ણ માટેનું નિર્ધારિત કાર્ય કરવા તેઓ કુદરતી રીતે આવડત ધરાવે છે અને આ નિર્ધારિત કાર્ય કરવાથી તેઓનું સ્થાન અંતિમ ઉચ્ચ અવસ્થાને પામશે. ગાથા ૪૪ પ્રમાણે શુદ્ર જ્ઞાતિમાં જન્મ લેનાર વ્યક્તિ બીજાઓની સેવા કરવાની અન્ય જ્ઞાતિમાં જન્મ લેનાર વ્યક્તિ કરતા કુદરતી રીતે વધારે નિપુણતા ધરાવે છે. દેખીતી રીતે અન્ય જ્ઞાતિઓએ આ ઉપદેશનો (ગાથાનો) આધાર લઈ શુદ્ર જ્ઞાતિમાં જન્મ લેનાર વ્યક્તિઓ અન્ય કોઈ કામ કરવા માટે જોઈએ એવી લાયકાત જન્મથી જ ધરાવતા નથી અને નિમ્ન પ્રકારની સેવા માટે દલિત વર્ગનું શોષણ કરતા રહ્યા. ધીરે ધીરે આ શોષણ અંતિમ કક્ષાએ પહોંચી ગયું. આ પ્રકારની જન્મના આધારે નક્કી થયેલ વર્ણવ્યવસ્થાને અન્ય ધર્મના ગ્રંથોમાં કોઈ ઉલ્લેખ નથી અને અભ્યાસ અને ખંતથી મેળવેલી નિપુણતાને મહત્ત્વ અપાયું છે. આજે પણ જ્યારે ગીતાની ટીપ્પણી ધર્મગુરુઓ દ્વારા થાય છે ત્યારે આ અધ્યાયો માટે નિષ્પક્ષપણે અભિપ્રાય આપવાને બદલે તેને મારી મચડીને આજની પરિસ્થિતિને કઈ રીતે તે બંધ બેસે છે તે માટે પ્રયત્ન થતો રહે છે. વર્ણવ્યવસ્થાથી થયેલા અન્યાય અને શોષણથી દલિત સમાજના સારા એવા વર્ગે મજબુરીથી હિંદુ ધર્મનો ત્યાગ કરી અન્ય ધર્મ (ઈસ્લામ કે ખ્રિસ્તી) સ્વીકારી લીધો છે એ હકીકત છે. આ બન્ને ધર્મમાં વર્ણ વ્યવસ્થા વિષે કોઈ ઉલ્લેખ નથી અને વર્ણના આધારે ઊંચ નીચનો ભેદ નથી. છેલ્લે ડૉ. આંબેડકરે પણ હિંદુ સમાજ દ્વારા દલિતો ઉપર થયેલા શોષણના પરિણામે તેમના પચાસ લાખથી વધારે અનુયાયીઓ સાથે બૌદ્ધ ધર્મ સ્વીકારી લીધો. **(ક્રમશઃ)**

***

બી-૧૪૫/૧૪૬, મીત્તલ ટાવર, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
ટેલિ. નં. : ૯૧-૨૨-૬૬૧૫ ૦૫૦૫ - ૦૯૮૨૦૩૩૦૧૩૦ . ઇમેઈલ :
mehtagroup@theemerald.com / jashwant@theemerald.com

## ઉકાળેલું પાણી શા માટે પીવાનું કહ્યું છે ?

સવાલ : ધર્મ શાસ્ત્રકારોએ ઉકાળેલુ પાણી શા માટે પીવાનું કહ્યું છે ? પાણી ઉકાળવાથી તો જીવો મરી જાય અને પાપ લાગે.

જવાબ : ત્રણ ઉભરા આવેલું ઉકાળેલું પાણી નિર્જીવ જીવ વગરનું બને છે અને તેમાં શિયાળામાં ૪ પ્રહર, ઉનાળામાં ૫ પ્રહર અને ચોમાસામાં ૩ પ્રહર સુધી જીવો ઉત્પન્ન થતા નથી, જ્યારે કાચા પાણીમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પામે છે. આથી ઉકાળેલું પાણી પીવાથી તે સર્વ જીવોનું રક્ષણ થાય છે. થોડી હિંસામાં અસંખ્ય જીવોની જીવદયા પળાય છે. એક પ્રહર એટલે ૩ કલાક.

# ઉપનિષદમાં વૈશ્વાનર વિચાર

□ ડૉ. નરેશ વેદ

'વૈશ્વાનર' સંજ્ઞા ઉપનિષદોમાં વેદસંહિતાઓમાંથી લેવામાં આવી છે. એ સંજ્ઞાનો સામાન્ય અર્થ તો 'અગ્નિ' છે. પરંતુ ઉપનિષદની વિચારણામાં એ સંજ્ઞાની અર્થછાયાઓ વિસ્તરતી રહી છે. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈતિરીય, છાંદોગ્ય અને મૈત્રાયણી ઉપનિષદોમાં આ સંજ્ઞા અને એમાંથી વિકસિત થયેલો સંપ્રત્યય (Concept) નિરૂપાયેલાં જોવા મળે છે.

જેમ કે, માંડૂક્ય ઉપનિષદમાં વૈશ્વાનર એટલે શરીર, એવો અર્થ લેવાયેલો છે. તેમાં કહેવાયું છે કે સર્વ શક્તિઓના સંયોગથી બનેલું જે સ્થૂળ માનવ શરીર છે, તેનું નામ 'વૈશ્વાનર' છે. તે જ પ્રાણ અને અપાનના એક બીજા સાથેના ઘર્ષણથી શરીરની અંદર એક અગ્નિ ઉત્પન્ન કરે છે, તેને જઠરાગ્નિ કહેવામાં આવે છે. તે ખાધેલા અન્નને પચાવે છે. આ જ વાત મૈત્રાયણી ઉપનિષદમાં જુદી રીતે કહેવાયેલી છે. તેમાં કહેવાયું છે કે માનવ શરીરમાં ઉપાશું અને અંતર્યામ નામની બે ધારાઓ વહે છે. તેઓ એક બીજાની સાથે અથડાય છે. તેમના ઘર્ષણથી શરીરમાં એક પ્રકારની ગરમી કે ઉષ્ણતા ઉત્પન્ન થાય છે. તેને દેવૌષ્ણ્ય અથવા દેવની ઉષ્ણતા કહેવામાં આવે છે. કઠ ઉપનિષદ કહે છે જઠરમાં રહેલો આ અગ્નિ વૈશ્વાનર નામે ઓળખાય છે. શ્રીમદ્ ભગવદગીતાના ૧૫મા અધ્યાયના ૧૪મા શ્લોકમાં આ જ વાત ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે આ રીતે કરી છેઃ अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः। प्राणापानसमायुक्तः पच्चामी अन्नं चतुर्विधम्। પ્રાણીઓના દેહમાં રહેલો હું વૈશ્વાનર, પ્રાણ અને અપાનના સમાયોજનથી ચતુર્વિધ પ્રકારના અન્નનું પાચન કરું છું. મતલબ કે પ્રાણ અને અપાનના ઘર્ષણથી જે અમૃતજ્યોતિ ઉત્પન્ન થાય છે તે જ વૈશ્વાનર અગ્નિ છે. કેમકે, અન્નને ખાનાર અગ્નિ વૈશ્વાનર કહેવાય. પ્રત્યેક જીવની અંદર તે જ અન્નાદ એટલે કે અન્નને ખાનારો-પચાવનારો પ્રાણાગ્નિ છે. આ સૃષ્ટિમાં બ્રહ્મની શક્તિનો પ્રત્યક્ષ અનુભવ કરવાનું સાધન આ 'અન્નાદ' અગ્નિના જેવું બીજું નથી.

એનો અર્થ એ થયો કે શરીરમાં રહેતા પ્રાણાગ્નિ માટે પણ આ ઋષિઓએ આ સંજ્ઞા યોજી છે. પ્રત્યેક જીવના કેન્દ્રમાં 'વૈશ્વાનર' અગ્નિ જ ચેતનતત્ત્વ છે. તેનો સંબંધ યમની સાથે છે. ઋગ્વેદમાં જેને યમાયન કુમાર કહ્યો છે તે જ 'કઠ' ઉપનિષદનો નચિકેતા છે. તે વૈશ્વાનરનો પ્રતિનિધિ છે. કઠ ઉપનિષદમાં પોતાની ઉપર પ્રસન્ન થયેલા યમરાજા પાસે નચિકેતાએ બીજું વરદાન માગતાં માગ્યું કે સ્વર્ગના અગ્નિનું રહસ્ય મને જણાવો. એના ઉત્તરમાં યમરાજે સમસ્ત લોકના કારણરૂપ અગ્નિતત્ત્વની વ્યાખ્યા કરી. તેમણે કહ્યું કે, આ અગ્નિતત્ત્વ ત્રણ પ્રકારનું છે; તેને 'ત્રિણાચિકેત' કહેવામાં આવે છે. એનાથી જ વિશ્વનું અને જીવનનું ત્રિકાત્મક (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક) રૂપ તૈયાર થાય છે. એથી જ એને લોકમાં ત્રિકર્મકૃત ત્રિણાચિકેત અગ્નિ કહેવામાં આવે છે. આ અગ્નિનું મૂળ કોઈ ગુફામાં એટલે કે રહસ્યમય સ્થાનમાં છુપાયેલું છે. તેથી એને કોઈ જાણતું નથી. જે મનુષ્ય આ અગ્નિની પ્રક્રિયાને જાણીને પોતાના જીવનનો નિર્ણય કરે છે, તેને સમજાય છે કે **જીવ પાર્થિવ વસ્તુઓમાં આસક્તિ કરે છે, તેથી બંધનમાં આવે છે અને તેથી શોકને પ્રાપ્ત કરે છે, તો જ્યારે એ આસક્તિ ઉપર જીત મેળવી લે છે ત્યારે તે જીવનમાં આનંદ મેળવે છે.**

યમરાજા દ્વારા નચિકેતાને જે ત્રિણાચિકેત વિદ્યા સમજાવવામાં આવી તે વસ્તુતઃ વૈશ્વાનર અથવા અગ્નિની વિદ્યા હતી. તેનું પૂરેપુરું સ્વરૂપ અગ્નિ, વાયુ અને આદિત્ય નામના ત્રણ નર અથવા ત્રણ જ્યોતિ અથવા ત્રણ સંચાલક પ્રાણોના યથાર્થ જ્ઞાનથી જ જાણી શકાય તેમ છે. મન, પ્રાણ અને વાણી–એ ત્રણ જ્યોતિઓ છે. મન એટલે આદિત્ય એ દ્યુલોકની જ્યોતિ છે. પ્રાણ એટલે વાયુ એ અંતરિક્ષની જ્યોતિ છે અને વાણી એટલે અગ્નિ એ પૃથ્વીલોકની જ્યોતિ છે. આ ત્રણેય જ્યોતિની સમષ્ટિ એટલે જ મનુષ્ય. કહેવાનો મતલબ એ છે કે ભૂભૌતિક (પાર્થિવ) પુરુષ પ્રાણાત્મક પુરુષ અને વિજ્ઞાનાત્મક મનોમય પુરુષ – આ ત્રણેય જ્યારે એક કેન્દ્રી થાય છે ત્યારે વૈશ્વાનર પુરુષ અસ્તિત્વમાં આવે છે. આ આખી વાતનું તાત્પર્ય એ છે કે શરીરમાં રહેલો પ્રાણાગ્નિ એ જ વૈશ્વાનર છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પાંચમા અધ્યાયના અગિયારમાથી અઢારમા ખંડ સુધી આ વૈશ્વાનર અગ્નિનું વિવેચન છે. એમનું કહેવું છે કે, આ અગ્નિ પ્રાણીઓના શરીરોમાં અને સમસ્ત વિશ્વમાં વ્યાપેલો છે. એનાથી અધિક રહસ્યમય બીજી કોઈ શક્તિ નથી. વૈશ્વાનર અગ્નિ સિવાય આ વિશ્વમાં બીજું કાંઈ જ નથી. આ વૈશ્વાનર જ સમસ્ત ભુવનોનો રાજા છે. સંસારમાં જે કરોડો અબજો પ્રાણીઓ છે તે સર્વમાં એક વૈશ્વાનર શક્તિનાં જ ભિન્નભિન્ન રૂપો છે. વૈશ્વાનર એટલે મન, પ્રાણ અને વાક્ – એ ત્રણેયની સમષ્ટિથી જે જીવનતત્ત્વ પ્રગટ થાય છે તે. આ અગ્નિ છંદ (એટલે કે નિયમ-સ્વભાવ કે પ્રકૃતિ) થી ઉત્પન્ન થાય છે. આ શરીરમાં તે ઉત્પન્ન થાય છે અને તેમાં જ તે કામ કરે છે. ઋષિએ આ ઉપનિષદમાં એનું અનેક પ્રકારે વર્ણન કર્યું છે.

વૈશ્વાનર એ, આમ, જીવશરીરમાં રહલો ચૈતન્યનો અંશ છે, તે જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ – એમ જે

> *પ્રાણ અને અપાનના ઘર્ષણથી જે અમૃતજ્યોતિ ઉત્પન્ન થાય છે તે જ વૈશ્વાનર અગ્નિ છે.*

ચતુર્વિધ શરીરધારી પ્રાણીઓ છે, તેનો સમષ્ટિગત અધિષ્ઠાતા છે. આ ચતુર્વિધ સ્થૂળ શરીરોનું સમષ્ટિ ઉપહિત ચૈતન્ય વૈશ્વાનર કહેવાય છે. ચાર યોનિના જીવોમાં અનેક રૂપોમાં વિરાજમાન હોવાને કારણે તેને વિરાટ પણ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વૈશ્વાનરના રૂપમાં સ્થૂળ શરીરની આ સમષ્ટિને 'અન્નમય કોશ' તેમ 'જાગ્રત્' પણ કહેવામાં આવે છે. સ્થૂળ શરીરના આ સમષ્ટિ રૂપથી વિપરીત જે વ્યષ્ટિ ઉપહિત ચૈતન્ય છે તેને ઉપનિષદ અનુસાર 'વિશ્વ' સંજ્ઞાથી ઓળખવામાં આવ્યું છે. મતલબ કે વૈશ્વાનરનું સમષ્ટિરૂપ 'વિરાટ' છે અને તેનું વ્યષ્ટિરૂપ 'વિશ્વ' છે.

અહીં એટલું સમજાય છે કે આજે આપણે વિજ્ઞાનની પરિભાષામાં 'જીવનતત્ત્વ' કહીએ છીએ તેને જ ઋષિઓ ચૈતન્યતત્ત્વ કહે છે. કેન ઉપનિષદના ઋષિ એટલે તો કહે છે કે જે કાનની પાછળ રહેલી સાંભળવાની શક્તિ છે, જે મનની પાછળ વિચારવાની શક્તિ છે અને વાચાની પાછળ રહેલી બોલવાની શક્તિ છે, તે જ પ્રાણની પાછળ રહેલી જીવનશક્તિ છે અને આંખની પાછળ રહેલી જોવાની શક્તિ છે. 'છાંદોગ્ય' ઉપનિષદના ચોથા અધ્યાયના અગિયારમાથી તેરમા ખંડમાં ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહવનીય – આ ત્રણ અગ્નિઓ, જે આ શરીરમાં અને વિરાટ વિશ્વમાં રહેલા છે, તેમનું રહસ્ય બતાવેલું છે. સૂર્ય, ચંદ્ર અને વિદ્યુતમાં જે પ્રાણમયી ઊર્જાશક્તિ છે, તે જ આ શરીરમાં છે. ઋષિઓએ સર્વત્ર આ પ્રાણતત્ત્વનું દર્શન કર્યું હતું. બધા દેવતાઓ અને દિવ્ય શક્તિઓમાં તેઓ પ્રાણશક્તિનું સંચાલન અને પ્રતિબિંબ નિહાળતા હતા.

તેમનું કહેવું છે કે આ શરીરરૂપ પુર (નગર)માં પ્રાણરૂપ અગ્નિઓ જ જાગે છે એમાં અપાન ગાર્હપત્ય અગ્નિ છે. વ્યાન અન્વાહાર્યપચન અગ્નિ છે અને પ્રાણ ગાર્હપત્ય અગ્નિમાંથી પ્રગટાવાતો આહ્‌વનીય અગ્નિ છે. પ્રાચીન સમયમાં દરેક ઘરમાં ત્રણ અગ્નિઓ રહેતા હતા એ ત્રણ અગ્નિઓ એટલે ગાર્હપત્ય અગ્નિ, અન્વાહાર્યપચન અગ્નિ અને આહ્‌વનીય અગ્નિ. ગાર્હપત્ય અગ્નિ (ગૃહનો પતિ)માં રોજની સામાન્ય આહુતિઓ અપાય છે. અન્વાહાર્યપચન અથવા દક્ષિણ નામના અગ્નિમાં પિતૃઓને સ્વધાદ્રવ્ય અપાય છે અને આહ્‌વનીય અગ્નિમાં દેવોને આહુતિ અપાય છે.

ત્યાર બાદ વૈશ્વાનર સંજ્ઞાનો અર્થ આત્મા સુધી વિસ્તર્યો છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે અધ્યાત્મના કેન્દ્રમાં તેજ, જળ અને અન્નનું જે ત્રિક છે તે જ મનુષ્ય શરીરમાં મન, પ્રાણ અને વાણીના રૂપે છે. મનોમય, પ્રાણમય અને વાઙ્‌મય આત્મા જ પુરુષની અંદર રહેલો વૈશ્વાનર અગ્નિ છે. માંડૂક્ય ઉપનિષદમાં આત્માની ચાર અવસ્થાઓની વાત કરવામાં આવી છે, એમાં પહેલી અવસ્થાનું વર્ણન, એટલે જ, આ રીતે અપાયું છેઃ જાગ્રત અવસ્થામાં રહેનારો, બહારના જગતના જ્ઞાનવાળો, સાત અંગો (માથું, આંખ, મોઢું, પ્રાણ, મધ્યભાગ, ગુહ્યભાન અને પગ) વાળો, ઓગણીસ મુખ (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) વાળો અને સ્થૂળ વિષયોને ભોગવવાવાળો વૈશ્વાનર નામનો આત્મા એ આત્માની પહેલી અવસ્થા છે

વૈશ્વાનર અગ્નિનું વિશ્લેષણ કરતાં છાંદોગ્ય ઉપનિષદના ઋષિ કહે છે, આ અગ્નિમાં જે રાતું રૂપ દેખાય છે, એ તેજનું રૂપ છે, જે ધોળું રૂપ દેખાય છે, એ પાણીનું (જળ)નું રૂપ છે અને જે કાળા જેવું રૂપ દેખાય છે, એ અન્નનું રૂપ છે. આવી રીતે અગ્નિનું અગ્નિપણું જ ક્યાં રહ્યું ? એથી અગ્નિ પણ ક્યાં રહ્યો ? કહેવાનું તાત્પર્ય છે કે આ અગ્નિ એ જ ચૈતન્યઅંશ છે, એ જ પ્રાણરૂપી જીવનશક્તિ છે.

આ શક્તિ ઉદીપ્ત, પ્રદીપ્ત અને દ્રવિત કઈ રીતે રાખી શકાય એ પણ આ સ્રષ્ટાઓએ સમજાવ્યું છે. એમની રૂપકાત્મક વાણીમાં તેઓ આ વાત આ રીતે સમજાવે છેઃ જ્યારે સળગાવેલા અગ્નિમાં જ્વાળાઓ ભભૂકી ઊઠે, ત્યારે ઘીના બે ભાગની આહુતિઓ વચમાં નાખવી. જેમનું અગ્નિહોત્ર પૂનમ-અમાસ-ચાતુર્માસ અને આગ્રયણ નામની ઈષ્ટિઓ (યોગો) વિનાનું રહે છે, તેમ જ અતિથિ વિનાનું હોમ

## ૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક

### જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ

**આ વિશિષ્ટ અંકની વિદુષી માનદ્ સંપાદિકા :**

**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**

(09867186440)

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

(09324115575)

જૈન પરંપરામાં પરમ તત્ત્વને, આત્માને, પરમાત્માને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયાઓને **'ષડ્ આવશ્યક'** કહેવામાં આવે છે જેમાં સામાયિક, લોગસ્સ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ)નો સમાવેશ થયેલો છે.

અન્ય ધર્મમાં પણ આવી ક્રિયાઓ છે.

ઉપરના પ્રત્યેક વિષય અને અન્ય ધર્મનાં વિષય ઉપર તજજ્ઞ વિદ્વાનો પોતાનું ચિંતન આ અંકમાં પ્રકાશિત કરશે.

વિદ્વાનો અને લેખકોને સંપાદિકાનો સંપર્ક સાધવા વિનંતી.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયનો આ વિશિષ્ટ અંક જિજ્ઞાસુ માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂા. ૬૦/-**

**–તંત્રી**

વિનાનું, વિશ્વદેવના બલિ વિનાનું અથવા અવધિપૂર્વકની આહુતિવાળું રહે છે, તેના સાતેય લોકનો અગ્નિહોત્ર નાશ કરે છે. કાલી (સંહારક), કરાલી (ભયંકર), મનોજવા (મન જેવી ઝડપી), સુલોહિતા (ખૂબ લાલ), સુધૂમ્રવર્ણા (ધૂમાડા જેવા રંગવાળી), સ્ફુલ્લિંગની (તણખા ઝરતી) અને વિશ્વરૂપ (સર્વ પ્રકારના રૂપવાળી)એ નામની અગ્નિની પ્રકાશમાન અને ઝબૂકતી એવી સાત જીભો (જ્વાળાઓ) છે. જે આ ઝળહળતી જ્વાળાઓમાં સમયાનુસાર આહુતિઓ આપીને જીવન ગુજારે છે, તેને એ આહુતિઓ અને સૂર્યનાં કિરણો દેવોના દેવ એવા એક દેવ જ્યાં નિવાસ કરે છે, ત્યાં લઈ જાય છે.

સ્વર્ગનો સાર સૂર્ય છે. અંતરિક્ષ લોકનો સાર વાયુ છે. જ્યારે પૃથ્વીલોકનો સાર અગ્નિ છે. આ અગ્નિ એટલે શું, એ કેવો છે, એ શું કરે છે, એની આ રીતે બધી વાત સમજાવી છેવટે આ ઋષિઓ એનું અભિવાદન કરી, એનું રહસ્ય ખોલે છે. એમના શબ્દો છેઃ પૃથ્વીમાં રહેનાર અગ્નિને નમસ્કાર છે. હે અગ્નિ! તું આ લોકને યજમાનને આધીન કર. અંતરિક્ષમાં રહેનાર વાયુરૂપ અગ્નિને નમસ્કાર છે. હે અગ્નિ! તું અંતરિક્ષ લોકને યજમાનને વશ કર. દ્યુલોકમાં રહેલા આદિત્યરૂપ અગ્નિને નમસ્કાર છે. હે અગ્નિ! તું દ્યુલોકને યજમાનને આધીન કર. અગ્નિ, વાયુ અને સૂર્ય આ ત્રણ જ્યોતિઓ અથવા ત્રણ રોચનાઓ છે. ભૂતાગ્નિ, પ્રાણાગ્નિ અને માનસઅગ્નિ – એ તેમના જ બીજાં નામો છે. આ ત્રણેય અગ્નિઓના મળવાથી મનુષ્યો અથવા પ્રાણીઓનો જન્મ થાય છે.

છેવટે તેઓ ચેતવણી આપતા જણાવે છે કે, આ વૈશ્વાનર (આત્મા)ની વિદ્યા સમજ્યા વિના જે અગ્નિહોત્ર હોમે છે, એ જાણે અંગારાઓને બદલે રાખમાં હોમ કરતા હોય તેના જેવું છે!

ઉપનિષદમાં વૈશ્વાનર સંજ્ઞાનો વિકાસ સંપ્રત્યય રૂપે થયા પછી, એ સંપ્રત્યયનો પણ વિકાસ થતો રહ્યો છે. વૈશ્વાનર એટલે યજનકાર્યમાં પ્રયુક્ત અગ્નિ. ત્યાંથી એના અર્થનો વિકાસ થતાં વૈશ્વાનર એટલે શરીરમાં રહેલો જઠરાગ્નિ, પ્રાણીઓમાં રહેલો પ્રાણાગ્નિ, ત્યાંથી છેક વ્યષ્ટિ-સમષ્ટિ સર્વત્ર વ્યાપ્ત રહેલો પરમાત્મ ચેતનાનો અંશ – ત્યાં સુધી વિસ્તર્યો છે. પ્રાણીઓના જીવશરીરમાં રહેલી ચૈતન્યશક્તિ તે જ જીવનશક્તિ છે, lifedrive છે – એ વૈજ્ઞાનિક સિદ્ધાન્ત આ સંકલ્પનાથી તેમણે પ્રતિપાદિત કર્યો છે. ઉપનિષદના ઋષિઓ કેટલા ક્રાન્ત અને આર્ષ દૃષ્ટા હતા, તેનો આ પુરાવો છે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.
(પિન કોડ : ૩૮૮૧૨૦.) ફોન : 02692-233750 સેલ : 09727333000


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**



**॥ ગૌતમ કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**॥ નેમ-રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. પણ મે માસમાં તૈયાર થઈ જશે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

## ।। ત્રિદિવસીય હેમચંદ્રાચાર્ય કથા ।।

# વિરાટ અને અલૌકિક ચરિત્રના આનંદોલ્લાસનો અપૂર્વ અનુભવ

*[ ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણી દ્વારા વહેતી, શ્રોતાઓને મંત્રમુગ્ધ અને ભાવવિભોર કરતી આ ત્રિ-દિવસીય કથાના પ્રથમ દિવસે આ સંસ્થાને સતત સત્તર વર્ષ જીવનના અંતિમ શ્વાસ સુધી સેવા આપનાર સંસ્થાના મેનેજર સ્વ. શ્રી મથુરાદાસ ટાંકને સંસ્થાએ એ આત્માને એમની સેવા માટે પ્રશસ્તિ પત્ર અને એમના કુટુંબીજનોને **રૂપિયા સવા લાખનો ચેક** અર્પણ કર્યો હતો. પ્રશસ્તિ પત્રનું વાંચન સંસ્થાના માનદ્ મંત્રી શ્રીમતી નીરૂબેન શાહે કર્યું હતું.*

*આ પ્રથમ દિવસે જ શ્રી સુરેશ ગાલા રચિત પુસ્તક 'યોગ સાધના અને જૈન ધર્મ'નું ડૉ. કુમારપાળના હસ્તે વિમોચન કરાયું હતું. તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબરના વિશિષ્ટ અંક 'જૈન તીર્થ વંદના'ના માનદ સંપાદક ડૉ. અભય દોશી અને દોશી રેણુકા પોરવાલનું શાલ અને શ્રીફળથી સન્માન કરાયું હતું.*

*બીજે દિવસે 'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરીના વિશિષ્ટ અંક 'ગાંધી જીવનનો અંતિમ અધ્યાય' અંકના માનદ સંપાદક સોનલ પરીખ અને માર્ચ માસના 'અનેકાન્તવાદ'ના વિશિષ્ટ અંકના માનદ સંપાદક ડૉ. સેજલ શાહનું શાલ અને શ્રીફળથી સન્માન કરાયું હતું. ઉપરાંત આ અંકના સૌજન્યદાતા શ્રીમતી ઈન્દિરાબેન વસા અને શ્રી શ્રીકાંત વસાનું પણ શાલ અને શ્રીફળથી સન્માન કરાયું હતું.*

*ત્રીજા દિવસે 'પ્રબુદ્ધ જીવન'ની ૧૯૨૯થી માર્ચ-૨૦૧૫ સુધીની ડીજીટલાઈઝેશન ડી.વી.ડી.નું ડૉ. કુમારપાળના હસ્તે લોકાર્પણ કરાયું હતું અને ડી.વી.ડી.ના સૌજન્યદાતા ડૉ. રશ્મિકુમાર ઝવેરી, અંજનાબેન ઝવેરી, મયૂર વોરા અને રેખા-બકુલ ગાંધીનું શાલ અને શ્રીફળથી સન્માન કરાયું હતું અને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નીતિન સોનાવાલાએ ત્રણે દિવસના સૌજન્યદાતા વસુમતીબેન કીર્તિલાલ ચોકસી (સ્મૃતિ તનવીરકુમાર ચોકસી) અને અન્ય સહાયકો પ્રત્યે ઋણભાવ વ્યક્ત કર્યો હતો. ]*

પાંચ કથાઓની અસ્ખલિત શૃંખલા બાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત 'શ્રી હેમચંદ્રાચાર્ય કથા'એ એક એવું અનોખું વાતાવરણ ઊભું કર્યું કે શ્રોતાઓ ન્યાલ થઈ ગયા, ધન્ય થઈ ગયા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ધનવંતભાઈ શાહની પરિકલ્પના અને વિખ્યાત સાહિત્યકાર અને જૈનદર્શનના પ્રખર ચિંતક **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રવાહી, રસપ્રદ અને આગવી જીવંતશૈલીમાં** રજૂ થયેલી આ કથામાં શ્રી શ્રદ્ધા શ્રીધરાણીનું સંગીત ભળતાં આ વર્ષે એણે એક નવી ઊંચાઈ હાંસલ કરી.

૨૯મી માર્ચે રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે, ૩૦મી માર્ચ સોમવારે સાંજે ૬-૦૦ વાગ્યે અને ૩૧મી માર્ચ મંગળવાર સાંજે ૬-૦૦ વાગ્યે ચોપાટીના ભારતીય વિદ્યાભવનના સભાગૃહમાં પ્રબુદ્ધજનોથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, સંસ્કાર, સમાજ અને જૈન ધર્મના ક્ષેત્રે અજોડ પ્રભાવ પાડનારી અનન્ય વિભૂતિની જીવનકથા અને પ્રચંડ વિદ્વત્તાનું રસપાન કરવામાં શ્રોતાઓ તરબોળ બની ગયા હતા. કથાના પ્રારંભે ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે 'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવા અગાધ છે' એ ન્યાયે એક વિરાટ આકાશ જેવા ભવ્ય ગૌરવયુક્ત જીવનને કથાના નાનકડા પાત્રમાં પ્રતિબિંબિત કરવાનો આ વિવેકપૂર્ણ નમ્ર પ્રયાસ છે. જળ અને સ્થળ, પશુ અને પક્ષી, ઇંટ અને ઈમારત, જંગલ અને રણ–એ બધા પર એક સરખો પ્રકાશ પાથરનાર સૂર્ય સમાન કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જીવન અનેક ક્ષેત્રોમાં પ્રભાવ પાડનારી વિભૂતિની ભવ્યોજ્જવલ ગાથા છે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને કઈ રીતે પામવા ? એવો એક માર્મિક પ્રશ્ન પ્રસ્તુત કરીને ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે આ એક પ્રતિભાધારી સારસ્વત છે, કલ્યાણમય જીવનના કલાધર છે, સમન્વયદૃષ્ટિ ધરાવનારા આચાર્ય છે અને ગુજરાતની પ્રજાની સૂતેલી અસ્મિતાને જગાડનારા લોકનાયક છે. સાહિત્યની વાત કરીએ તો એમની સાહિત્યસમૃદ્ધિનો વિપુલ ભંડાર યાદ આવે. સમાજની વાત કરીએ, તો સમગ્ર સમાજમાં પ્રગટેલી અહિંસા અને અનેકાંત આધારિત જીવનશૈલીનું સ્મરણ થાય. દેશ કે રાજ્યનો વિચાર કરીએ, તો સુશાસનની વિભાવના પર એમનો પ્રભાવ જોવા મળે. સાધુતાના અગ્રસર કે સંસ્કારસ્વામી તરીકે પણ એમની મહાન પ્રતિભાને પામી શકાય.

આથી જ કૃષ્ણલાલ મો. ઝવેરીએ અનેક વિશેષણોને દર્શાવીને કહ્યું, 'કલિકાલસર્વજ્ઞ કરતાં વધુ ઉચ્ચતા દર્શાવતું વિશેષણ વાપરો, તો તે પણ અતિશયોક્તિ નહીં કહેવાય.' એ પછી કુમારપાળ દેસાઈએ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને મહાત્મા ગાંધીનું સ્મરણ કરીને કહ્યું, છેલ્લા એક હજાર વર્ષમાં ગુજરાતની આ બે મહાન પ્રતિભાઓ સર્વ ક્ષેત્રો પર વ્યાપી વળી છે.' વળી ઇતિહાસની ઘટનાઓની સાક્ષીએ કહ્યું કે સોલંકીયુગના સુવર્ણકાળમાં જયસિંહ સિદ્ધરાજ અને રાજા કુમારપાળ જેવા સમર્થ રાજવીઓ થયા, છતાં આ યુગને 'હેમયુગ'ને નામે

ઓળખવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રના ધંધુકા નગરમાં વિ. સં. ૧૧૪૫માં ચાચ નામના ધર્મનિષ્ઠ શ્રેષ્ઠિની પત્ની પાહિણીદેવીની કૂખે જન્મેલા આ મહાપુરુષના જન્મપૂર્વે માતા પાહિણીને અદ્ભુત સ્વપ્ન આવ્યાં હતાં. એ સમયે ધંધુકામાં આચાર્ય દેવચંદ્રજી મહારાજ પધાર્યા હતા અને માતા પાહિણીએ સ્વપ્નમાં જોયું કે એણે જાણે કોઈ અલૌકિક તેજોયુક્ત ચિંતામણી રત્ન દેવચંદ્રસૂરિ મહારાજને સમર્પિત કર્યું.

બીજે દિવસે પાહિણી આચાર્ય મહારાજને વંદન કરવા ગઈ અને સ્વપ્નની વાત કરતાં એણે આચાર્ય મહારાજને સ્વપ્નનો અર્થ પૂછતાં તેમણે કહ્યું, કે તું કોઈ મહાન ચિંતામણી રત્ન જેવા પુત્રને જન્મ આપવાની છે, તેનો આ સંકેત છે.

એ પછી પાંચ વર્ષનો પુત્ર ચંગદેવ ગુરુદેવની પાટ પર બિરાજમાન થઈ જાય છે, ત્યારે આચાર્યના વચનમાં રહેલો અગમ સંકેત પાહિણી પારખે છે અને પોતાનો પુત્ર એમને સમર્પિત કરે છે. પણ ત્યારબાદ પાહિણીનો પતિ ચાચિગ શેઠ પરગામથી પાછો આવતા એ પુત્રને પાછો લાવવા માટે સ્તંભતીર્થ (ખંભાત) જાય છે અને અહીં ચાચિગને મહામંત્રી ઉદયન સમજાવે છે અને ચાચિગ પોતાનો પુત્ર હર્ષભેર આચાર્યશ્રીને સોંપે છે.

વિ. સં. ૧૧૫૪માં નવ વર્ષની વયે સ્તંભતીર્થ (ખંભાત)માં ચંગદેવ દીક્ષિત થયો. એણે અપૂર્વ જ્ઞાનસાધના કરી અને વિ. સં. ૧૧૬૬ના વૈશાખ સુદી તૃતીયા એટલે કે અક્ષયતૃતીયાના દિવસે ગુરુ દેવચંદ્રસૂરિએ મુનિ સોમચંદ્રસૂરિને આચાર્યપદ પ્રદાન કરવાનું નક્કી કર્યું અને એકવીસ વર્ષના એમને આચાર્યપદ સોંપવાની સાથોસાથ આચાર્ય હેમચંદ્ર નામાભિધાન આપ્યું.

કથાના પ્રથમ દિવસની કથામાં આલેખાયેલા પ્રસંગોની એક વિશેષતા એ હતી કે માતા પાહિણીની માનસસૃષ્ટિમાં આવતા પલટાઓનું હૃદયસ્પર્શી વર્ણન કરવામાં આવ્યું હતું. એના ચિત્તમાં રહેલી શ્રદ્ધા અને પ્રેમ એ કઈ રીતે ધર્મતેજ અને જીવનતેજ રૂપે પ્રકાશિત થાય છે, એનું સુંદર પૃથક્કરણ શ્રોતાઓને સાંભળવા મળ્યું. જૈનદર્શનમાં સ્વપ્નશાસ્ત્રની ગહેરાઈની વાત કરવાની સાથોસાથ માતાના હૃદયના ભાવો દર્શાવ્યા અને પોતાનો પુત્ર કોઈ ઘરના ખૂણે ક્યાંક દીપકની જ્યોતને બદલે સહસ્રરશ્મિ સૂર્ય બને તેવી માતૃહૃદયની વિશાળતાને હૂબહૂ પ્રગટ કરી આપી.

એક પિતા તરીકે ચાચિગના વ્યક્તિત્વને અને એના હૃદયમાં જાગેલા ગુસ્સાને અને પછી વાત્સલ્યને હૂબહૂ દર્શાવ્યા. કઈ રીતે બાળમુનિએ હેમ પારખ્યું એનો હૃદયસ્પર્શી પ્રસંગ કહ્યો. આ રીતે પ્રથમ દિવસે એમના આચાર્યપદની પ્રાપ્તિની સાથોસાથ શરૂ થયેલા એમના મૌન તપની વાત કરી.

નૂતન આચાર્ય બનેલા હેમચંદ્રાચાર્યના માતા પાહિણીએ પણ પુત્રના પંથે પ્રયાણ કરવાનો પ્રયાસ કર્યો. હેમચંદ્રાચાર્યની આચાર્યપદવી એ માતાને મુક્તિનો મંગલમાર્ગ બતાવનારી બની. આ દિવસે વિશાળ શ્રોતાજનોની સાથોસાથ પૂ. મુનિશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા અને તેઓશ્રીના મંગલાચરણથી આ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કથાના બીજે દિવસે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સરસ્વતી ઉપાસનાનો અદ્ભુત ચિતાર શ્રોતાજનોને સાંપડ્યો. સાહિત્ય, વ્યાકરણ, ન્યાય, મીમાંસા અને હિંદુઓના ધર્મશાસ્ત્રનું આચાર્ય હેમચંદ્રે જ્ઞાન મેળવ્યું. સ્તંભતીર્થથી વિહાર કરીને પાટણમાં આવેલા કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો સિદ્ધરાજ સાથે મેળાપ થયો. બે વિરલ પુરુષોનું મિલન ગુજરાતને માટે એક મહાન ઘટનારૂપ બન્યું. સિદ્ધરાજના દરબારમાં રહેલા દેવબોધ અને શ્રીપાળ નામના બે વિદ્વાન પંડિતો વચ્ચેનો વર્ષો જૂનો દ્વેષ હેમચંદ્રાચાર્યે દૂર કર્યો. આ સમયે ડૉ. કુમારપાળે કહ્યું કે, ટનબંધ ઉપદેશ આપો, મણભર ધર્મકથાઓ સાંભળો, એના કરતાં ક્ષણભર પોતાના જીવન વિશે ચિંતન કરો, તો તે વધુ અસરકારક છે.

સિદ્ધરાજે સિદ્ધપુરમાં રુદ્રમહાલયનો નવનિર્માણ કર્યા પછી મહાવીરસ્વામીનું મંદિર બનાવ્યું હતું. એ ઘટના કહીને દર્શાવ્યું કે ધર્મ જોડનારું પરિબળ છે તોડનારું નહીં. આ સંદર્ભમાં ૧૮૯૩ની ૧૧મી સપ્ટેમ્બરે વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ રાઘવજી ગાંધીએ ધર્મની સમન્વયદૃષ્ટિની કહેલી કથા અંગે વાત કરી.

જયસિંહ સિદ્ધરાજે માળવા પર વિજય મેળવ્યો, પરંતુ સિદ્ધરાજના પાટનગર પાટણમાં માળવાના રાજા ભોજ અને અન્ય પંડિતોના ગ્રંથોનો અભ્યાસ થતો હતો. એ પછી સિદ્ધરાજે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને પાટણની પાઠશાળાઓમાં ભણાવાતા રાજા ભોજના 'સરસ્વતીકંઠાભરણ' જેવું વ્યાકરણ રચવાની વાત કરી.

આને માટે સિદ્ધરાજ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજને કહે છે કે આપ ગુજરાતના વિદ્યાગુરુ બનો. કહેશો તો આપના ચરણમાં બેસીને વિદ્યાભ્યાસ કરીશ.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયમાં ચાલતા પ્રચંડ વિદ્યાયજ્ઞનું ડૉ. કુમારપાળ દેસાઈએ હૂબહૂ આલેખન કર્યું. કલિકાલસર્વજ્ઞ ગ્રંથરચના કરતા હોય, બાજુમાં શિષ્યોનો સમૂહ અધ્યયન કરતો હોય, લહિયાઓ હસ્તપ્રતનું લેખન કરતા હોય, ક્યાંક કાશ્મીર જેવા દૂરના પ્રદેશોમાંથી અમૂલ્ય ગ્રંથોની હસ્તપ્રતો આવતી હોય. એક તરફ પત્રો તૈયાર થતાં હોય, તો બીજી તરફ શાહીઓ ઘૂંટાતી હોય, છેક કાશ્મીરમાં રાજપુરુષો મોકલીને ત્યાંના ભારતીદેવી પુસ્તકાલયમાંથી આઠ વ્યાકરણો મોકલ્યા અને હેમચંદ્રાચાર્યના કાર્યમાં સહાયક થવા માટે કાશ્મીરી પંડિતોએ ઉત્સાહ નામના પંડિતને પણ મોકલ્યા.

આજ સુધી યુદ્ધના દુંદુભિ નાદોથી પાટણ ગાજતું હતું, ત્યાં હવે વ્યાકરણના સૂત્રો અને મધુર દૃષ્ટાંતો ગૂંજવા લાગ્યા. હેમચંદ્રાચાર્યના જન્મદિવસ કાર્તિક પૂર્ણિમાએ શરૂ થયેલ વ્યાકરણ-સર્જનનું કાર્ય બરાબર એક વર્ષે, બીજી કાર્તિક પૂર્ણિમાએ પૂર્ણ થયું. મૂલસૂત્ર, ધાતુપાઠ,

ગણપાઠ, ઉણાદિ, પ્રત્યય અને લિંગાનુશાસન એમ પાંચેય અંગોથી સહિત વ્યાકરણની પૂર્ણ રચના તેમણે કરી, જેમાં પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ સમાવી લેવામાં આવ્યું હતું.

એના પ્રેરક મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને રચનાર હેમચંદ્રાચાર્યના સંયુક્ત સ્મરણ જાળવવા માટે વ્યાકરણનું નામ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

એક દિવસ આચાર્યદેવે મહારાજ સિદ્ધરાજને કહ્યું, 'રાજેશ્વર, તમારી ઈચ્છા મુજબ સંસ્કૃત વ્યાકરણની રચના પૂર્ણ થઈ છે.'

જયસિંહ સિદ્ધરાજે ત્રણસો લહિયાઓ રોકીને 'સિદ્ધહેમ' વ્યાકરણની પ્રતિલિપિ તૈયાર કરાવવા માંડી. થોડા જ મહિનાઓમાં આ ગ્રંથની અનેક હસ્તપ્રતો તૈયાર થઈ. મહારાજ સિદ્ધરાજે દેશવિજયની જેમ આ ગ્રંથનું ભવ્ય સ્વાગત કરવાની આજ્ઞા બહાર પાડી.

એ પછી 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથ અંબાડી પર મૂકીને થયેલી શોભાયાત્રાનું એવી પ્રવાહી શૈલીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ વર્ણન કર્યું કે જાણે શ્રોતાઓ પણ શોભાયાત્રામાં સામેલ હોય! આ શોભાયાત્રા માટે જુદા જુદા દેશો અને પ્રદેશોમાં કંકોત્રી મોકલવામાં આવી હતી. કાશી, બંગાળ અને મિથિલાથી વિદ્વાનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આઠ દિવસના આ ભવ્ય ઉત્સવમાં અંતિમ આઠમા દિવસે ગ્રંથયાત્રા નીકળી.

ભારત વર્ષમાં હાથીની અંબાડી પર રાજાઓ કે વિજેતાઓ જ બિરાજમાન થતા હતા. આજે પહેલી વાર જ્ઞાનના ભંડાર સમો 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથ બિરાજમાન હતો અને એની આગળ વિદ્વત્તાના ભંડાર સમા આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય અને વીરતાના પ્રતીક સમા રાજા જયસિંહ સિદ્ધરાજ ચાલતા હતા. ભારતના ઇતિહાસમાં વિદ્યાની ક્યારેય આવી ભવ્ય પ્રતિષ્ઠા થઈ નથી. એ પછી આ કથામાં સિદ્ધહેમ ગ્રંથની વિશેષતાઓ વર્ણવી હતી, જેથી સહુને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજની મહાન શ્રુતપ્રતિભાનો ખ્યાલ આવ્યો. એમાં આવેલા અપભ્રંશ દુહાઓમાં રહેલા ગુજરાતના જનજીવનની, એની વીરતા અને રસિકતાની ઝાંખી કરાવી. એ પછી હેમચંદ્રાચાર્યની સમન્વય ભાવનાની વાત કરી. એમના વિરાટ સર્જનમાંથી એક પછી એક ગ્રંથોની વિશેષતા દર્શાવી. હેમચંદ્રાચાર્યે 'શબ્દકોશ'નું વિરાટ કામ કર્યું. 'અભિધાનચિંતામણિ', 'અનેકાર્થસંગ્રહ' અને 'નિઘંટુશેષ'–એમ ત્રણ સંસ્કૃત ભાષાના કોષ રચ્યા છે. પ્રાકૃત-દેશ્ય ભાષાના જ્ઞાન માટે 'દેશીનામમાલા' અને 'રયણાવલિ'ની રચના કરી છે.

ડૉ. જ્હોનસને જ્યારે શબ્દકોશ તૈયાર કર્યો ત્યારે ઇંગ્લેન્ડની પ્રજાએ એને બહુમાન આપ્યું હતું, અને આજે પણ એનું નામ લોકકંઠમાં રમી રહ્યું છે. કવિ નર્મદે એકલે હાથે ગુજરાતી શબ્દકોશ તૈયાર કર્યો, ત્યારે એના એ મહાભારત કામથી ગુજરાતી પ્રજા મુગ્ધ બની ગઈ હતી. વર્ષો પહેલાં એક મહાન ગુજરાતીએ, કેવળ પ્રજાને જાગ્રત કરવા માટે, પોતાના જીવનના ઉત્તમમાં ઉત્તમ વર્ષો આપીને 'નામમાલા', 'અનેકાર્થસંગ્રહ', 'અલંકારચૂડામણિ' ને 'છંદોનુંશાસન' જેવાં એક કરતાં એક વધારે સુંદર પુસ્તકો આપ્યાં અને એ રીતે ગુજરાતી ભાષાને, ગુજરાતી સંસ્કારને, ગુજરાતી પ્રજાને પોતાપણું રહે એવી એક અભેદ્ય સાંકળ ગૂંથી આપી. હેમચંદ્રે તૈયાર કરેલાં એ પુસ્તકોએ આપેલી ભાષા અને સામગ્રીથી આજે ગુજરાત સમૃદ્ધ બન્યું છે ને પોતાની જાતને જાળવી શક્યું છે.

આમ બીજો દિવસ એ કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની અદ્‌ભુત સાહિત્ય સાધનાનો ખ્યાલ આપનારો બની રહ્યો. શ્રોતાઓએ આ ગ્રંથની વિશેષતાઓને ભરપૂર માણી અને ભીતરમાં એ કલિકાલસર્વજ્ઞની સર્વજ્ઞતાની અનુભૂતિ મેળવી.

ત્રીજા દિવસે કથાએ એક અનોખો વળાંક લીધો અને એમાં સિદ્ધરાજ પછી ગાદી પર આવેલા મહારાજા કુમારપાળના રોમાંચક જીવનનો આલેખ આપવામાં આવ્યો. ગાદી પર આવતાં પૂર્વે કુમારપાળે સહન કરેલા સંકટોની વાત કરી. એ સમયે હેમચંદ્રાચાર્યે તેનો ભાગ્યલેખ આપ્યો હતો કે, 'ક્ષત્રિયવીર કુમારપાળ ચક્રવર્તી રાજા બનશે. એમનો સં. ૧૧૯૯ના કારતક વદી બીજને રવિવારે, હસ્ત નક્ષત્રમાં, રાજ્યાભિષેક થશે. જો એમ ન થાય તો હું, આચાર્ય હેમચંદ્ર, પ્રતિજ્ઞા કરું છું કે મારી વિદ્યાનો ત્યાગ કરીશ.'

આ સમયે કુમારપાળે કહ્યું હતું કે જો આપની વાણી સાચી પડશે તો આપ રાજા રહેશો અને હું આપની ચરણરેણુ બનીને રહીશ ત્યારે હેમચંદ્રાચાર્યે માર્મિક જવાબ આપ્યો, 'અમે ભિક્ષાન્ન વાપરીએ છીએ, જીર્ણ વસ્ત્રો પહેરીએ છીએ, ભૂમિ પર સૂઈ રહીએ છીએ. અમારે રાજ્યને શું કરવું? માત્ર એટલું કે અમારિ અને અહિંસાની સ્થાપના કરજો. સદ્‌ધર્મ સિવાય સંસારમાં કોઈ કોઈ ને તારી શકશે નહીં.'

એ પછી જૈન સાધુની વિરલ નિસ્પૃહતાની વિશેષ છણાવટ કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ અકબરને પ્રતિબોધ આપનાર જગદ્ ગુરુ વિજયહીરસૂરિનું સ્મરણ કર્યું.

જ્યારે કુમારપાળ રાજા બને છે, ત્યારે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એને અમારિ ઘોષણા કરવાનું સૂચન કરે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ખૂબી એ કે એમણે જૈનધર્મની ભાવનાઓ રાજા કુમારપાળના હૃદયમાં પ્રગટાવી, પણ એને કોઈ સાંપ્રદાયિક અંધશ્રદ્ધામાં દોર્યા નહીં. સોમનાથના મંદિરનો પુનરુદ્ધાર થતાં કુમારપાળ સાથે ગયેલા હેમચંદ્રાચાર્ય અંગે શંકા સેવાતી હતી કે તેઓ મહાદેવના દર્શન નહીં કરે, પણ હેમચંદ્રાચાર્યે ત્યાં જ બે હાથ જોડી મસ્તક નમાવી મહાદેવ દ્વાત્રિંશિકાની રચના કરીને તેનો પાઠ કર્યો અને તેજોદ્વેષીઓને સચોટ જવાબ આપ્યો.

આમાં મહાદેવની સ્તુતિ કરતાં કહ્યું, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ કોઈ સ્થૂળ કે ભૌતિક તત્ત્વ નથી. એ તો નિરાકાર, ગુણાત્મક પરમ તત્ત્વો છે. પછી તમે એમને કોઈ પણ નામ આપો. તમે એમને બ્રહ્મા, વિષ્ણુ મહેશ કહો કે પછી જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય તો શબ્દભેદથી

એ પરમ તત્ત્વમાં કશો જ ફરક પડતો નથી. અને જુઓ હેમચંદ્રે આપેલી એ દેવોની ઓળખ.

મહાદેવ વિશે એ કહે છે,

'महारागो महाद्वेषो, महामोहस्तथाऽपर: ।

कषायाश्च हता येन, महादेव: स उच्यते ।। ९।।'

'મહારાગ, મહાદ્વેષ, મહામોહ અને કષાયો—આ બધાંનો જેમણે ક્ષય કર્યો છે, તે મહાદેવ કહેવાય છે.' ।।૯।।

જ્યારે આ વીસમો શ્લોક જુઓ,

'एकमूर्त्तिस्त्रयो भगा, ब्रह्मा (ब्रह्म)-विष्णु-महेश्वरा: ।

तान्येव पुनरुक्तानि, ज्ञान-चरित्र-दर्शने ।। २० ।।'

'મૂર્તિ એક જ છે, તેના ભાગ ત્રણ છેઃ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ. તે ત્રણને જ 'જ્ઞાન, ચારિત્ર, દર્શન' એવાં નામે અમે વર્ણવ્યા છે. ।।૨૦।।

હેમચંદ્રાચાર્યના આદેશના પ્રભાવે કુમારપાળે માંસ, મદિરા, જુગાર, શિકાર, ચોરી, અસત્ય જેવા પાપોથી પ્રજાને અળગા રહેવાની સૂચના આપી. કુમારપાળ શ્રેષ્ઠ શ્રાવક બન્યા અને સમ્યક્દર્શન પામ્યા અને હેમચંદ્રાચાર્યે એમની પાસે અમારિ ઘોષણા કરાવી. અમારિ ઘોષણાના ગૌરવને બતાવવા માટે જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ અતીતની ઘણી ઘટનાઓ ઉકેલી આપી. હજારો વર્ષ પહેલાં ભગવાન ઋષભદેવે શ્રી શત્રુંજય તીર્થના રાયણવૃક્ષ નીચેથી અહિંસાની ઘોષણા કરી હતી. સમ્રાટ અશોકે એના શિલાલેખોમાં પ્રાણીહત્યા નહીં કરવાની આજ્ઞા કરી હતી અને એ પછી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી કુમારપાળે અમારિ ઘોષણા કરી. જગતની આ પહેલી અહિંસાની ઘોષણા છે.

પોતાના તાબાના રાજ્યોમાં જીવહિંસા બંધ કરાવવા માટે રાજા કુમારપાળે ધર્મઆજ્ઞા પ્રસરાવી કે, 'પ્રજા એકબીજાનાં ગળાં કાપી ગુજરાન ચલાવે, એમાં રાજાનો દુર્વિવેક છે. જૂઠું બોલવું એ ખરાબ છે. પરસ્ત્રી-સંગ કરવો તે તેથી ખરાબ છે, પણ જીવહિંસા તો સૌથી નિકૃષ્ટ છે. માટે કોઈએ હિંસા પર ગુજરાન ન ચલાવવું. ધંધાદારી હિંસકોએ હિંસા છોડવી અને તેમને ત્રણ વર્ષ સુધી ભંડારમાંથી ભરણપોષણ મળશે.'

એ સમયે 'અમારિ ઘોષણા'નો અવાજ ચારે દિશામાં ગુંજવા લાગ્યો. રાજાએ અધિકારીઓને આજ્ઞા કરી કે મારા રાજ્યમાં જો કોઈ પણ જીવહિંસા કરશે, તો તેને ચોર અને વ્યભિચારી કરતાં પણ સખત શિક્ષા ફરમાવવામાં આવશે. મહારાજા કુમારપાળની આવી અહિંસા પ્રત્યેની ચાહના જોઈને પડોશી અને ખંડિયા રાજાઓએ પણ પોતાના રાજમાં અહિંસાપાલનની ઘોષણા કરી. ધર્મ નિમિત્તે અને ભોજન નિમિત્તે – એમ બન્ને પ્રકારે થતી જીવહિંસાનો નિષેધ કર્યો.

ગુજરાતના તમામ નગરોમાં અને ગામોમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ મનુષ્ય હરણ, બકરાં, ગાય, ભેંસ વગેરે કોઈપણ જીવને મારશે, તે રાજ્યનો અપરાધી કહેવાશે. સૌરાષ્ટ્ર, લાટ દેશ, માળવા, મેવાડ અને મારવાડમાં અહિંસા ધર્મનો ફેલાવો કર્યો અને કોંકણ પ્રદેશમાં પણ હિંસા બંધ કરાવી.

આ આખી ય ઘટના આલેખવાનો અર્થ એ છે કે કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય માટે અહિંસા એ કેટલી બધી મહત્ત્વની હતી. આ અમારિ ઘોષણા દ્વારા કતલખાના બંધ કરાવ્યાં. પશુપીડા પર પ્રતિબંધ મૂક્યો, ગુજરાતમાં જે જીવદયાની ભાવના જોવા મળે છે, તેના પાયામાં હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી કુમારપાળે કરેલાં કાર્યો કારણભૂત છે.

એ સમયે વારાણસી નગરીનું બીજું નામ મુક્તિપુરી હતું. ત્યાં ગંગા અને યમુના નદીના કિનારે વસતા લોકોનો મુખ્ય ખોરાક માછલીઓ હતી. પણ એ સહુને અન્ન, વસ્ત્ર અને ધન આપીને અને એમના હૃદય પરિવર્તન કરીને એક એવો સમય લાવ્યા કે જ્યારે વારાણસીના મધ્ય ચોકમાં એક લાખ એંસી હજાર માછલાં પકડવાની જાળ અને અસંખ્ય સાધનોનો ઢગલો થયો અને તે બાળી નાખવામાં આવ્યા. કંટકેશ્વરી દેવીને અપાતો પશુબલિ પણ બંધ કરાવ્યો.

એ પછી રાજા કુમારપાળના જીવનના અનેક પ્રસંગ આલેખ્યા, જેમાં 'મૃષક વિહાર' અને 'સુવર્ણસિદ્ધિ'ના પ્રસંગોએ તો શ્રોતાઓને ભાવતરબોળ કરી દીધા. એ સમયે કુમારપાળ ભારતના સૌથી પ્રતાપી રાજવી હતા અને કહે છે કે એ સમયે પાટણમાં ૧૮૦૦ કરોડપતિઓ હતા.

કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પાસેથી કુમારપાળે સમ્યકૃત્વ તથા ગૃહસ્થના બાર વ્રતો સ્વીકાર્યા અને એ સમયથી આચાર્ય હેમચંદ્રાચાર્યે એમને રાજર્ષિનું બિરુદ આપ્યું હતું. હેમચંદ્રાચાર્યના માર્ગદર્શનના કારણે મહારાજા કુમારપાળ ભારતીય ઇતિહાસના એક અદ્વિતીય રાજવી તરીકે ચિરસ્મરણીય બની રહ્યા.

રાજા કુમારપાળને નિત્યક્રમ હતો કે સવારમાં મંગલપાઠથી જાગવું, નમસ્કારનો જાપ, 'વીતરાગસ્તોત્ર' તથા 'યોગશાસ્ત્ર'નો અખંડ પાઠ, જિનદર્શન, ચૈત્યવંદન, કુમારપાળવિહારમાં ચૈત્યપરિપાટી, ઘરદેરાસરમાં ભોજન-નૈવેદ્ય ધરીને જમવું. સાંજે ઘરદેરાસરમાં આંગીરચના, આરતી, મંગલદીવો, પ્રભુસ્તુતિ- ગુણગાન, રાત્રે મહાપુરુષોના જીવનની વિચારણા અને નિદ્રા–એ રીતે એનો દૈનિક ધાર્મિક ક્રમ હતો. ૧૪ વર્ષમાં ૧૪ કરોડ સોનામહોરનું દાન, ૨૧ ગ્રંથભંડારોનું લેખન, ૧૮ દેશોમાં અમારિ પાલન, ૧૪ દેશોના રાજાઓ સાથે મૈત્રી, સાત તીર્થયાત્રાઓ, ૧૪૪૪ દેરાસરોનું નિર્માણ અને ૧૬૦૦ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

તારંગા તીર્થની રચનામાં હેમચંદ્રાચાર્ય મહારાજની પ્રેરણાનું આલેખન કર્યું. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યમાં વિરાટ વિદ્વત્તા હોવા છતાં ભારોભાર નમ્રતા હતી. 'લઘુતા મેં પ્રભુતા બસે, પ્રભુતા સે પ્રભુ દૂર' આવી લઘુતાને કારણે જ એ વીતરાગ પ્રભુની સ્તુતિ કરતા પોતાની અલ્પતા પ્રગટ કરતા હતા. પોતાના પૂર્વકાલીન પૂજ્ય પુરુષો પ્રત્યે પણ તેઓ અત્યંત વિનમ્ર હતા. સમર્થ કવિ હોવા છતાં આચાર્ય સિદ્ધસેન

દિવાકરસૂરિજીને એમણે સર્વોત્તમ કવિ જાહેર કરતાં કહ્યું હતું, ‘अनुसिद्धसेन कबय:’ અથાત્ ‘બધા કવિઓ સિદ્ધસેનસૂરિની પાછળ છે.’

જ્યારે સમ્રાટ કુમારપાળની સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ ગયા, ત્યારે મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની સમક્ષ કવિવર્ય શ્રી ધનપાલ પંડિતે રચેલી ‘ઋષભ પંચાશિકા’ની ગાથાઓ બોલીને એમણે પ્રભુની સ્તવના કરી.

અવસર જોઈને કુમારપાળે કહ્યું, ‘ગુરુદેવ! આપ તો સ્વયં મહાન સ્તુતિકાર અને શ્લોકકાર છો. અનેક ગ્રંથોના રચયિતા એવા આપ શીઘ્રકવિ પણ છો. તો પછી આપ આપની સ્વરચિત સ્તુતિઓ પરમાત્મા સમક્ષ ન બોલતાં, ધનપાળ કવિની સ્તુતિઓ શા માટે બોલ્યા?’

ત્યારે મૂર્ધન્ય કક્ષાના મહામનીષિ આચાર્યશ્રી બોલ્યા, ‘ધનપાલ કવિએ જે સ્તુતિઓ રચી છે, તે એવી ઉત્કૃષ્ટ અને સદ્‌ભક્તિ ગર્ભિત છે કે તેવી ઉત્તમ સ્તુતિઓ મારી પણ નથી.’ હેમચંદ્રાચાર્યજીની આ પરમ વિનમ્રતા અહંકારી કે મિથ્યાભિમાનીઓ માટે મહામૂલા બોધપાઠ જેવી છે.

હેમચંદ્રસૂરિજીની વિનમ્રતાના અનેક ઉદાહરણો આપ્યા છે. પોતે રચેલી ‘સિદ્ધહેમશબ્દાનુશાસન’ની બૃહદ્ ટીકામાં તેમણે કહ્યું છેઃ ‘ઉત્કૃષ્ટ મહાકવિ તો સિદ્ધસેનસૂરિજી હતા. ઉત્કૃષ્ટ મહાતાર્કિક તો મલ્લવાદિજી હતા, શ્રેષ્ઠ સંગ્રહકાર તો ઉમાસ્વાતિજી અને ઉત્કૃષ્ટ વ્યાખ્યાનકાર તો જિનભદ્રગણી ક્ષમાશ્રમણ હતા.’

આ રીતે અન્ય મહાન વિદ્વાનો અને પૂર્વાચાર્યો પ્રત્યે પોતાનો ગુણાનુરાગ તેમણે બુલંદ કંઠે ગાયો છે. એ પછી હેમચંદ્રાચાર્યના શિષ્યમંડળ અને એમના ચાહક અને ભક્તવર્ગના રાજપુરુષો તેમજ શ્રેષ્ઠીઓની હૃદયસ્પર્શી વિગતો આલેખી.

૮૪ વર્ષનું આયુષ્ય ભોગવી ચૂકેલા હેમચંદ્રાચાર્યે મૃત્યુના છ મહિના પૂર્વે પોતાના ગુરુબંધુ આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિને આની જાણ કરી હતી અને શોક ન કરવા જણાવ્યું હતું. અન્નજળનો ત્યાગ કરી અનશન વ્રત અંગિકાર કર્યું. સર્વ સાધુઓને પાસે બોલાવ્યા. રાજા કુમારપાળ પણ આવી પહોંચ્યા. જૈન સંઘ અને પાટણના પ્રજાજનો પણ ઉપસ્થિત થયા.

રાજાને વ્યગ્ર અને ચિંતાતુર જોઈને પોતે બોલ્યા, ‘હે રાજન! તમારો શોક નકામો છે. તમે પોતે પણ હવે અહીં થોડો વખત જ છો!’

પછી સૌની સાથે વિનમ્રતાથી ક્ષમાયાચના કરી, યોગીન્દ્રની જેમ, હેમચંદ્રાચાર્ય અનશનવ્રત ધારણ કરી પોતાના અંતઃકરણને –

न शब्दो न रूपं न रसो नाऽपि गन्धो न वा स्पर्श लेशो न वर्णो न लिंगम् ।
न पूर्वापरत्वं न यस्यस्ति संज्ञा स एक: परमात्मा गतिमें जिनेन्द्र।।

‘જેને શબ્દ નથી, રૂપ નથી, રસ નથી, ગંધ નથી, વર્ણ નથી, લિંગ નથી; જેને નથી પૂર્વત્વ કે નથી અપરત્વ, તેમ જેને સંજ્ઞા નથી એવા એક પરમાત્મા જિનેન્દ્ર મારી ગતિ છે.’

એ સિદ્ધસેન દિવાકરની વાણીમાં લીન કરતા ગયા અને ધીમે ધીમે–

क्षमयामि सर्वान् सत्त्वान् सर्वे क्षाम्यन्तु ते मयि।
मेत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ।।

હું સર્વ જીવોને સમજું (સમજે તો જ માણસ ક્ષમા કરી શકે) સર્વે મને સમજે, આપના જ એક શરણમાં રહેલા એવા મારી સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવના હો!

એ વીતરાગની સ્તુતિ વડે પોતાની પ્રેમશક્તિ વધારતા ગયા. છેવટે એક પળ એવી આવી, જ્યારે એમને સઘળું વિશ્વ પોતાનામાં ને પોતે વિશ્વમાં છે એમ સ્પષ્ટ પ્રતીતિ થવા લાગી.

‘હે આત્મન્! તું જ દેવ છે. તું જ ત્રણ ભુવનના પ્રદેશને ઉદ્યોત કરનાર દીપક છે. તું જ બ્રહ્મજ્યોતિ છે. સર્વને ચેતના બક્ષનાર આયુષ્ય પણ તું જ છે. તું જ કર્તા ને ભોકતા છે. તું જ જગતમાં ગમન કરે છે. સ્થાણુરૂપે પણ તું જ છે. હવે પોતાનું સ્વરૂપ જાણ્યા પછી બર્હિપણું ક્યાં રહ્યું?

ગુજરાતનો મહાન તપસ્વી, સંસ્કારનેતા, સંયમી સાધુ, મહાવિદ્વાન અને ગુજરાતના બે મહાન નૃપતિઓના જીવનકાળની સમર્થ વિભૂતિ એવા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ધીમે ધીમે પોતાના સ્વરૂપાનુસંધાનમાં તલ્લીન બની ગયા.

સં. ૧૨૨૯માં હેમચંદ્રાચાર્ય પરમધામમાં ગયા! તેમને સંસ્કાર આપતી વખતે અશ્રુપૂર્ણ રાજા કુમારપાળે, તેમની પવિત્ર ભસ્મનું તિલક કરી, ગુરુના અદૃશ્ય આત્માને વંદના કરી.

વિ. સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની જીવનયાત્રા પૂર્ણ કરીને મુક્તિયાત્રા તરફ મંગલ પ્રયાણ કર્યું. પાટણના હેમખાડ વિસ્તારમાં કલિકાલસર્વજ્ઞના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો. હેમચંદ્રાચાર્ય કાળધર્મ પામ્યા ત્યારે ‘કીર્તિકૌમુદી’ના રચયિતા શૈવધર્મી સોમેશ્વર પંડિતે કહ્યું,

‘वैदुष्यं विगताश्रयं श्रितवति श्री हेमचंद्रेदिवम्।।’

અર્થાત્ ‘હેમચંદ્રસૂરિજી દેવલોક પામતા વિદ્વત્તા હવે નિરાધાર બની ગઈ.’

આમ ત્રણ દિવસ સુધી કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના વિરાટ પ્રતિભાતેજને અનુભવનારા શ્રોતાજનો એવા મંત્રમુગ્ધ બની ગયા કે એમણે ચોથે દિવસે પણ આ કથા આગળ લંબાવવાનો અનુરોધ કર્યો. અને આમેય હેમચંદ્રાચાર્યના જીવનની ઘણી કથાઓ તેમજ એમણે કરેલી આવનારા યુગની ભવિષ્યવાણીની વાતો બાકી હતી પરંતુ અહીં એ કથા સમાપ્ત થઈ. કેટલાક શ્રોતાજનો એવા હતા કે એમણે પહેલી જ વાર અહીં ‘હેમચંદ્રાચાર્ય’નું નામ સાંભળ્યું હતું. તો કેટલાકે હેમચંદ્રાચાર્યની સાથોસાથ જયસિંહ સિદ્ધરાજની વીરતા અને રાજા કુમારપાળની વીતરાગતામાં રસ દાખવ્યો.

રોજ સતત અઢી કલાક સુધી ચાલનારી આ કથામાં શ્રદ્ધા શ્રીધરાણીના સુરોએ અનોખા વાતાવરણનું સર્જન કર્યું. ગુજરાતના સુવર્ણયુગની મહાન વિભૂતિ કવિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ભવ્ય અને પવિત્ર જીવનની આવી સરળ ગાથા પહેલી જ વાર યોજાઈ અને તેનું માન શ્રી મુંબઈ જૈન યુવક સંઘને જાય છે. ✶ ✶ ✶

# નવકારની સંવાદયાત્રા

**❑ ભારતી દિપક મહેતા**

**[ ૪ ]**

**(જાન્યુ. ૨૦૧૫ના અંકથી આગળ)**

**અમે :** ભાઈ, ઉપધાન તપ દ્વારા વિધિપૂર્વક ગ્રહણ કરેલો નવકાર અને એમ ને એમ ગણાતા નવકારમાં શું ફેર છે?

**પૂ. ભાઈ :** સુગુરુ પાસેથી વિધિપૂર્વક ગ્રહણ કરાયેલો નવકાર સાધકના કાનમાં જ સૌ પ્રથમ ગૂંજતો રહે છે, પછી તેની સવિશેષ આરાધના કરવાથી જિહ્વા ઉપર રસ પ્રગટે છે. તે પછીયે સાધનામાં અગ્રેસર થવાથી તે નવકારનો રસ મનમાં ઊંડે સુધી ઉતરે છે અને પ્રાંતે તે રગેરગમાં વ્યાપ્ત થઈ આત્મામાં અનવરતપણે ગૂંજતો રહે છે.

હવે જ્યારે આ ગૂંજ આત્મામાં પ્રગટે છે ત્યારે કર્મો ઓગળે છે, કષ્ટો વિદારાઈ જાય છે અને સ્વ-પર હિતકર કર્મો સામેથી આવી મળે છે. આમ દુઃખ નિવૃત્તિ અને આત્મશુદ્ધિ કરવા માટ ગુરુમુખેથી લીધેલો નવકાર વિશિષ્ઠ સુફળ અર્પે છે.

**અમે :** ભાઈ, તમે કહો છો કે શ્રી નવકાર મંત્રના જપ ઉતાવળે, વ્યગ્રતાથી કે ફક્ત ગણાત્રી પૂરી કરવા કે વેઠ ઉતારતા ક્યારેય ન કરવા જોઈએ. તો આ જપ સાધના સદ્અનુષ્ઠાનરૂપે થઈ રહી છે તે ચકાસવા માટેના લક્ષણો કયા હોઈ શકે?

**પૂ. ભાઈ :** સૌ પ્રથમ તો સદ્અનુષ્ઠાન શરૂ થાય છે જ્યારે અંદરથી આ જપક્રિયા માટે અંતરનો પ્રેમ ઉમટે, ધ્યાનવેળાએ આપણું ચિત્ત સાત્વિક પ્રસન્નતા અને ઉલ્લાસથી મઘમઘે, જે લોકો સાથે પૂર્વે વેર બાંધ્યું હોય તેઓ પાસે જઈ ક્ષમા માગવાની ઈચ્છા થાય અને વધુ ને વધુ વાર માટે આ ક્રિયા કરવાનું મન થયા કરે. ટુંકમાં જો ચિત્તની પ્રસન્નતા ઉત્તરોત્તર વધતી હોય તો માનવું કે આ જપ સાધના સદ્અનુષ્ઠાનરૂપે થઈ રહી છે.

**અમે :** ભાઈ, અમે જપ સાધના કરીએ અને તેનાથી જો ક્વચિત્ ભાવસંપત્તિ સાથે-સાથે દ્રવ્યસંપત્તિ પણ વધુ મળી, તો વળી એ સંપત્તિથી અમારો માર્ગ ફરીથી ફંટાઈ ન જાય?

**પૂ. ભાઈ :** શ્રી નવકારમંત્ર એવું ઉત્તમ અમૃતઔષધ છે કે સાધકને તેના સેવનથી જે દ્રવ્યસંપત્તિ પ્રાપ્ત થાય છે તે સંસાર તરફ લઈ જતી નથી અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ નહીં પણ સહાયરૂપ બને છે.

**અમે :** તે કઈ રીતે?

**પૂ. ભાઈ :** શ્રી નવકારમંત્ર સાધનાની અમૃતક્રિયા આચરવાથી સાધકનું વિવેક જ્ઞાન જાગૃત થાય છે અને તેથી જે સંપત્તિ મળે તેને મોજશોખમાં ઉડાડવાની ઇચ્છા ન થતાં તેને દાન કરવાની ઈચ્છા થાય છે. પરિગ્રહપરિમાણનાં નિયમમાં આવી જઈ વધારાની સંપત્તિ ઉપરની મૂર્ચ્છાને ઉતારવા સાધકો જીવમાત્રની ખેવના રાખી સૌને મદદરૂપ થવા ઈચ્છે છે.

**અમે :** ભાઈ, હમણાં જે સાધકો નૈરોબીથી આવેલા તેઓને તમે કહ્યું કે પંચપરમેષ્ઠી ભગવંતોની આરાધનાનો મૂળ ભાવ 'નમો' છે, સમર્પણભાવ છે. પણ એ માટે ત્રિકરણ-યોગની મહત્તા છે. તો એ થોડું વધુ ઊંડાણથી સમજાવો ને.

**પૂ. ભાઈ :** 'નમો' થકી જે સમર્પણ ભાવ સ્ફૂરિત થાય તે માત્ર માનસિક કે માત્ર વાચિક કે માત્ર કાયિક હોય તો પૂરતું નથી. ત્રિકરણ યોગ દ્વારા મન, વચન અને કાયાથી કરણ, કરાવણ ને અનુમોદન થાય ત્યારે જ એ વંદન અમૃતક્રિયામાં પરિણમે છે. કાયા કરતાં વચનનું અને વચન કરતાં મનનું બળ વિશેષ હોય છે, પરંતુ જ્યારે ત્રણે યોગ એકમેકના પૂરક બને ત્યારે જેમ અણુ વિસ્ફોટથી અણુશક્તિ પ્રગટે તેમ ત્રિકરણ યોગબળથી આધ્યાત્મિક શક્તિનો પણ મધુરો વિસ્ફોટ થાય છે અને તેમાંથી જ મંત્રચૈતન્ય પ્રગટે છે. જેણે એકવાર આ સ્વાદ ચાખ્યો હોય, તેને દુનિયાના સર્વ કાંઈ અવર સ્વાદ સા...વ ફીક્કા લાગે તે વાત નિર્વિવાદ છે.

**અમે :** તો આ મંત્રચૈતન્ય સૌમાં પ્રગટ થાય તે માટે શું કરવું જોઈએ?

**પૂ. ભાઈ :** જેમ શ્વાસોશ્વાસની ક્રિયા સ્વાભાવિકપણે થાય છે કે કોઈપણ આયાસ વગર અને ખ્યાલ પણ ન આવે તેમ થયા કરે છે, તે રીતે જ નવકાર મંત્રનું સ્મરણ અનવરત રીતે, સ્વાભાવિક અને શ્રદ્ધા-ભક્તિ-સમજણથી થાય ત્યારે તે મંત્રચૈતન્ય અવશ્ય પ્રગટે છે.

**અમે :** તેનો ખ્યાલ કઈ રીતે આવે કે મારામાં મંત્રચૈતન્ય પ્રગટી ચૂક્યું છે?

**પૂ. ભાઈ :** જો હરપળે સર્વ જીવોનું હિત થાય એવી ભાવના થાય અને ક્રોધ, માન, માયા, લોભ સમા કષાયોથી બહુધા મુક્તિ અનુભવાય ત્યારે માનવું કે પ્રભુના અદ્ભુત એવા ચૈતન્યના અવગ્રહમાં મારો પ્રવેશ થઈ ચૂકયો છે.

મંત્રચૈતન્ય પ્રગટે ત્યારે જેવાની સાથે તેવા થવાની આપણી અકબંધ વૃત્તિમાં મોટો ફેરફાર આવે છે. પછી ધર્મ ગમે છે એટલું જ નહીં, ધર્મ જ ગમે છે. સંજ્ઞાઓની પરાધીનતા છૂટી જાય છે. સ્વયંને બીજાથી ભય નહીં અને પોતાથી બીજાને ભય નહીં તેવું અભયનું વાતાવરણ તૈયાર થાય છે. બસ, આ જ છે મંત્રચૈતન્ય પ્રગટ થયાના સંકેતો.

**અમે :** ભાઈ, તમે અવારનવાર કહો છો કે ભગવાનથી વિભક્ત થઈએ તો જ અને ત્યારે જ રોગ આવે છે. તો પ્રભુ સાથે જોડાયેલા જ રહેવાય તે માટે શું કરવું?

**પૂ. ભાઈ :** જ્યાં સુધી નદી સમુદ્રમાં ભળી જતી નથી ત્યાં સુધી તેની યાત્રામાંથી મુક્તિ નથી. બસ, તે જ રીતે 'अहं'ની યાત્રા એકમાત્ર 'अर्हं'માં ભળી જવાની છે. સ્પંદનનું વિરામ એ જ યાત્રાની છુટ્ટી છે. પરમતત્ત્વ તો સદાકાળ હાજરાહજૂર જ છે. માર્ગવિહીનતામાંથી માર્ગાનુસારી થવાની વારે વાર છે. હવે જ્યારે-જ્યારે આપણે પ્રભુથી, પ્રભુના આદેશથી દૂર જઈએ છીએ, ત્યારે-ત્યારે તેમનાં ઉત્સંગમાંથી જાણે નીચે ઉતરી જઈએ છીએ અને જેમ મા થી દૂર જતાં નાનાં બાળકનું

રક્ષણ ઓછું થાય છે, તેમ પ્રભુ રૂપી મા થી દૂર જતાં જ આપણી ઉર્જા ઓછી થાય છે અને રક્ષણકવચ ન રહેતાં રોગ લાગુ પડી જાય છે.

આપણે સમજવું જ રહ્યું હવે કે જેવા આવ્યા હતા તેવા જ જવા માટે તો ઘણાં ભવો છે. સુધર્મ મળ્યા પછી જો મોક્ષની નજીક ન જઈએ તો ભવરોગ ફરી-ફરી લાગવાનો જ છે. બાકી બધા ભવ લેવા માટે છે, ફક્ત માનવભવ જ દેવા માટે છે. હવે નિરોગી થવું જ રહ્યું.

**અમે :** ભાઈ, તો અહંમાંથી અર્હંની યાત્રા નિર્વિઘ્ને પાર કરવી હોય તો શું કરવું આવશ્યક છે ?

**પૂ. ભાઈ :** એ માટે શ્રદ્ધાનાં ૬ કલ્પ સેવવા પડે છે. અહીં પહેલાં ૩ કલ્પ ધૃતિમાર્ગનાં છે.

(૧) आतिदेशिक – ગુરુનો, શાસ્ત્રનો, મહાજનનો માર્ગ પકડી જ્યારે એવી શ્રદ્ધા આવે કે આ રીતે બીજાઓએ પરીક્ષા પાર કરી છે તો હું પણ પાર કરી શકીશ ત્યારે આ કલ્પ સેવાય છે. આનાથી રોજીંદા બેસવા, ઉઠવા, વ્યવહાર જગતના સ્થાનોથી ઉપર ઉઠીને ટેવ સંજ્ઞાના કાર્યપ્રદેશમાંથી વિચરણ કરી નવા પ્રદેશમાં પ્રવેશ પમાય છે.

(૨) आभ्यासिक – પહેલો કલ્પ સેવીને આપણે વ્યવહારિક ક્ષેત્ર તો છોડ્યું, પરંતુ હવે ક્યાં જવાનું ? શાસ્ત્રજગતમાં. ધૃતિ સાથે અભ્યાસ કરીને સંસ્કાર દૃઢ કરવા માત્રથી શ્રદ્ધા બળવત્તર બનતી જાય છે.

(૩) आनुशासनिक - અભ્યાસ યોગ પછી અનુશાસન આવે. શિષ્ટવિધિને પ્રેમપૂર્વક કરવાથી શિસ્ત આવે. પછી તેમાંથી વિચ્યૂતિ ન આવે અને શ્રદ્ધા નૈષ્ઠિકી બને.

(૪) आनुश्राविक – અહીં સાધના માટે અનુશ્રવણની સહાયતા પણ જરૂરી છે. માત્ર બહારનો જ આદેશ નહીં, સ્વયંના અંતરની વાણી પણ અનુમતિ આપે ત્યારે જપથી અભ્યુદય પ્રાપ્ત થઈને મંગલમયતા અનુભવાય છે.

(૫) आधिकारिक – અહીં સાધક પોતાના સ્વાધિકારમાં પ્રતિષ્ઠિત બને છે. જ્યારે સાધનામાં બહારનાં વિઘ્નો અંતરાયરૂપ બનતા દેખાય ત્યારે સાધક પોતાનો અધિકાર વાપરીને તે સાધના સમતાથી આગળ વધારે છે.

(૬) आनपायिक – શ્રદ્ધાનાં કલ્પની આ અંતિમ ભૂમિ છે. અહીં પહોંચ્યા પછી ચરમ ભૂમિમાં ઉપનીત થતાં અપાયનો ભય રહેતો નથી. અહીં આપણું civic death અને આપણો divine birth થાય છે.

શ્રદ્ધા દૃઢ પછી આપમેળે પ્રતીત થાય છે કે ભૂતકાળમાં ઘણું પર્યટન કર્યું, સંશોધન કર્યું – બસ હવે નહીં!

વૈજ્ઞાનિક યુગની યંત્રશક્તિ, અણુશક્તિ, વાદવિવાદની શક્તિ, ધનસંપત્તિની શક્તિ કે સત્તાની શક્તિથી ઘણું અંજાયા-દિગ્મૂઢ થઈ ગયા-બસ હવે નહીં! આપણી જાણે બીજી આવૃત્તિનો જ જન્મ થાય છે! મનોયોગ આત્મામાં લય પામે છે.

**અમે :** ભાઈ, ખૂબ બધું અઘરું નથી આ ?

**પૂ. ભાઈ :** To be divine is the easiest. It is difficult to be otherwise ! કાર્ય ને કારણની સાંકળ ન મળે ત્યારે તે અઘરું કહેવાય. આ તો સહેલી એવી તત્વરસિત ભક્તિપૂજા જ છે. નવકાર મહામંત્રનો જાપ શ્રદ્ધાપૂર્વક કરવો–સમર્પણભાવપૂર્વક કરવો તેનાથી સહેલું બીજું શું હોઈ શકે ?

In fact, અમૂલ્યમાં અમૂલ્ય રત્ન જન્મથી ખૂબ સહેલાઈથી મળી ગયું છે તેથી જ તેની કિંમત ઓછી લગાવીએ છીએ.

આ અવસર્પિણી કાળમાં પ્રજ્ઞા વિખરાયેલી છે, તો શ્રદ્ધા જ રાખવી તે જ સૌથી સહેલી પગદંડી છે.

**અમે :** ભાઈ, બૌદ્ધ ધર્મના મંદિરોમાં જઈએ ત્યારે ત્યાં પેલા ગોળ ફેરવવાના ચક્રો (prayer wheel) હોય છે, અનેક લામાઓ એ ચકરડી દ્વારા પણ એક નાનો ને સમર્થ મંત્રનો જપ કરતા હોય છે. તે મંત્ર કયો હોય છે ?

**પૂ. ભાઈ :** એ મંત્ર છે ।। ॐ मणिपद्मे हूँ ।।

**અમે :** ભાઈ, એ મંત્ર વિશે જરા વિગતવાર સમજાવશો ?

**પૂ. ભાઈ :** ધીમા ને ધીરગંભીર નાદથી શરૂ કરી તિબેટના લોકો પોતાના આ રાષ્ટ્રીય મંત્રને મહાનાદના તીવ્ર સ્પંદનો સુધી લઈ જઈ પોતાને તથા પરિસરને અધ્યાત્મસભર કરતા હોય છે. આ પરમ શ્રદ્ધેય મંત્રનો ત્યાં લોકો યથાશક્ય જપ કરતા જ રહે છે. કોઈ ધાર્મિક ક્રિયા આ મંત્ર વિના પૂર્ણ થતી નથી. આ મંત્ર તેઓના મહાગુરુ ગુરુપદ્મસંભવે આપેલો છે. તેનો અર્થ આ મુજબ છેઃ 'ॐ' એ પરમ સત્યવાચક અનાદિ નાદ છે. 'पद्म' એટલે હૃદય કમલ. 'मणि' એટલે દિવ્ય જ્યોતિ. 'मणिपद्म' એટલે હૃદય કમલમાં સ્થિર દિવ્ય જ્યોતિ-Jewel in the lotus. 'हूँ' એ બીજમંત્ર છે. Hum purifies aggression and hatred. આ બીજમંત્રનાં ઉચ્ચારણ દ્વારા આઘાત પહોંચાડીને અંદરની દિવ્ય જ્યોતિને જાગૃત કરવાની હોય છે.

ટૂંકમાં આ મંત્રનો અર્થ છેઃ મુજ હૃદયકમળમાં સ્થિત દિવ્ય જ્યોતિ જાગૃત બની પ્રગટો અથવા મુજ હૃદયકમળમાં અવસ્થિત જાગૃત દિવ્ય જ્યોતિને વંદન.

**અમે :** ભાઈ, તમે હિમાલય જતાં ત્યારે ત્યાંની શાંતિમાં મૂંઝારો ન થતો, જ્યારે તમે પર્વતો ઉપર ૬ કલાક સુધી એકાંતિક ધ્યાન કરતાં ? વળી ડર પણ ન લાગતો ?

**પૂ. ભાઈ :** એ પરમ નિરામય શાંતિનું અનુગૂંજન સાંભળવા જ હું થોડી વાર તમારા સૌ સાથે રહી મારા ઓરડામાં આજે પણ એકલો રહેવા જતો રહું છું. હિમાલયની એ અરવ પળોમાં મને અનુભવવા મળેલી સંકલ્પ-વિકલ્પો વગરની મનની સ્થિતિનું મૌન એ મારી સ્મૃતિસંપદા છે. નવકારનો અનાહદ નાદ જે એ વેળાએ મારા અસ્તિત્વમાં ગૂંજતો એ નાદથી મને અભય રહેવાની શક્તિ પણ મળતી અને મુજ આંતર-શાંતિ એ નાદથી વધુ ગહન બનતી. (ક્રમશઃ)

૮૨, ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
મો.: ૦૯૮૨૫૨૧૫૫૦૦. Email : bharti@mindfiesta.com

## પોપ ફ્રાન્સિસની આંતરધર્મીય સંવાદ માટેની સમિતિ

## ખ્રિસ્તીઓ અને જૈનો : સહકારી રીતે વડીલોની સારસંભાળ રાખવાની પ્રતિબદ્ધતા

### મહાવીર જયંતી ૨૦૧૫ માટેનો સંદેશ

પ્રિય જૈન મિત્રો,

(૧) તીર્થંકર (રસ્તો બતાવનાર) વર્ધમાન મહાવીરની જન્મજયંતી દુનિયાભરમાં એપ્રિલની બીજી તારીખે ઉજવાય છે. આ ઊજવણી વિશ્વમાં આનંદ, સંપસુમેળ, શાંતિ વધારે; સમાજ અને કુટુંબમાં બધા જીવોની વિશેષતઃ વડીલોની સારસંભાળ વધારવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવામાં આવે. વધુમાં આ જન્મજયંતીની ઊજવણી કુટુંબો અને વ્યક્તિઓ વચ્ચેની મિત્રતા અને સંગાથનો કાયાકલ્પ કરવામાં અને દૃઢ રીતે મજબૂત બનાવવામાં કારણભૂત બનો.

(૨) આપણી આદરણીય પરંપરાને વધાવતાં આ વર્ષે આપણે-બંને ખ્રિસ્તીઓ અને જૈનો–સાથે વડીલોની સારસંભાળમાં મંડ્યા રહીએ. દુનિયાના ઘણા સમાજોમાં વડીલોનો તિરસ્કાર કરવામાં આવે છે. ઘણાં વડીલોને વિશેષ તો માંદા અને એકલવાયા વૃદ્ધજનોને તેમના કુટુંબ અને સગાંસંબંધીઓ દ્વારા તરછોડી દેવામાં આવે છે, તે ચિંતાજનક અને નિંદનીય બાબત છે. આ વડીલો તેમના સગાંસંબંધીઓની દૃષ્ટિએ નકામા છે, ભારરૂપ છે અને ત્રાસરૂપ છે! વડીલો કુટુંબ અને સમાજ માટે સાંપ્રત સમયના નવા બહિષ્કૃત લોકો છે કે તેમની સારસંભાળ અને તેમનો સંપર્ક રાખવામાં ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. વડીલો સાથે લોકોનું આ પ્રકારનું વર્તન અને વલણ આપણા સમાજ માટે ચિંતાજનક છે.

'જે સમાજમાં વડીલોને તિરસ્કૃત કરવામાં આવે છે તે સમાજમાં મૃત્યુના ચેપરૂપી ઝેરી તત્ત્વ હોય છે,' એમ પોપ ફ્રાન્સિસે ૨૦૧૫ માર્ચની પાંચમી તારીખે જીવન માટેની પોપની એકેડેમીના વાર્ષિક સભાના સભ્યોને કહ્યું હતું. એ જ રીતે સંત એજિડિઓ કમ્યુનિટીને ૨૦૧૪ જૂનની પંદરમીએ સંબોધતાં પોપ ફ્રાન્સિસે કહ્યું હતું કે, 'જે લોકો પોતાના વડીલોની સારસંભાળ રાખતા નથી તે લોકો કોઈ આશા-અભિલાષા વિનાના છે, તેમનું કોઈ ભવિષ્ય નથી. એટલે બધા લોકોએ વડીલોની સારસંભાળ માટે પ્રાથમિકતા આપવી જોઈએ. બધી સરકારો તથા રાજકીય સમૂહો માટે વડીલોની સુરક્ષા નૈતિક ફરજ હોવી જોઈએ.'

(૩) વડીલો આપણી ઘણી પેઢીઓવાળા કુટુંબોમાં પાયારૂપ સ્થંભો છે. તેઓ આપણી સાથે રહેતાં આપણાં માટે આશીર્વાદરૂપ અને ખજાના સમાન છે. કારણ, તેઓ પોતાની શ્રદ્ધાના અનુભવો તથા ઉદાત્ત જીવનમાં આપણને ભાગીદાર-સાથીદાર બનાવે છે; એટલું જ નહિ પણ તેઓ આપણા સમાજો અને કુટુંબોના ઇતિહાસથી પણ આપણને સંપન્ન કરે છે. વડીલો આપણો ઉદાત્ત 'ખજાનો' છે. કારણ, તેઓ પોતાના જીવનભરથી મેળવેલા જ્ઞાનથી લોકોને દોરવણી અને પ્રેરણા આપતા રહે.

એ તો દેખીતી વાત છે કે દુનિયાભરમાં ઘણાં બધાં કુટુંબો છે જે પોતાની પરંપરા, મૂલ્યો અને માન્યતાને અનુસરીને પોતાના વડીલોની આદર્શમય સારસંભાળ રાખે છે. આવા કુટુંબોના માણસો અને તેમના સગાંસંબંધીઓ તેમ જ મિત્રો વડીલોની સાંરસંભાળ રાખવામાં પોતાનાથી થાય તે બધું કરી છૂટે છે. આ બાબત ખૂબ કદરને પાત્ર છે. કારણ, તેઓ પોતાના વડીલ માતા-પિતા, દાદા-દાદી અને અન્ય સગાંસંબંધીઓની જરૂરી સમયે પ્રેમથી સારસંભાળ રાખે છે, તેમની સેવાચાકરી કરે છે.

વડીલોની દેખરેખ અને સારસંભાળ દરેક વ્યક્તિ અને સમાજની પવિત્ર અને નૈતિક ફરજ છે. સક્ષમ અને સેવાભાવી તબીબી કાર્યકરો વડીલોની જે વ્યવસાયી અને નિપુણ સેવાચાકરી કરે છે, વડીલોની દેખરેખ રાખવામાં તે યોગ્ય પગલાં ગણી શકાય.

(૪) બધા ધર્મો સંતાનોને કુટુંબમાં માતાપિતા અને અન્ય વડીલોની ખૂબ પ્રેમથી તથા આદરમાનથી સારસંભાળ રાખવા અને તેમના દુન્યવી જીવનમાં અંત સુધી તેમની દેખરેખ રાખવા સારી રીતે સમજાવે છે. પવિત્ર બાઈબલ 'મહાપ્રસ્થાન' ગ્રંથમાં કહે છે, 'તમારા માતાપિતાને માન આપવું, જેથી હું તમારો ઈશ્વર પ્રભુ, તમને જે ભૂમિ આપનાર છું તેમાં તમે દીર્ઘકાળ જીવવા પામો.' (મહાપ્રસ્થાન ૨૦, ૧૨). બાઈબલ વધુમાં કહે છે, 'જો કોઈ પોતાના સગાંવહાલાંનું અને ખાસ કરીને કુટુંબીઓનું ભરણપોષણ કરતું નથી તો તેણે શ્રદ્ધાનો ઈન્કાર કર્યો છે, અને તે અશ્રદ્ધાળુ કરતાં ભૂંડું છે.' (૧ તિમોથી ૫, ૮). જૈન ધર્મ તો પ્રત્યેક જીવ માટે ખૂબ આદરમાન રાખવા પર ભાર મૂકે છે. માનવને લગતું આ આદરમાન દરેક માણસની અસ્મિતા ને ગૌરવને બધી રીતે સાચવવામાં હોય છે.

(૫) આજે યુવાન લોકોમાં વડીલોની અવગણના કરવાનું અને માતા-પિતા તથા દાદા-દાદી પ્રત્યેની જવાબદારીમાંથી છટકવાનું વલણ વધતું-જતું દેખાય છે. એટલે આ પરિસ્થિતિ આપણને બધાને, ધર્મમાં માનતા લોકોને અને બીજાને પણ, પ્રેમથી અને આભારવશ હૃદયે આપણાં માબાપ, દાદા-દાદી તથા અન્ય વડીલો પ્રત્યેની વૈયક્તિક તેમજ સામૂહિક જવાબદારી પ્રત્યે જાગૃત થવા પ્રેરે છે. આપણા કુટુંબમાં, નજીકના વર્તુળમાં તેમ જ સમાજમાં વડીલોને લાગવું જોઈએ કે તેઓ જીવતાજાગતા સાથીદારો અને ભાગીદારો છે અને આપણે તેમના ઋણી છીએ. આવું તો ત્યારે શક્ય બનશે જ્યારે પોપ ફ્રાન્સિસે ૨૦૧૫ માર્ચ ૧૧મીની જાહેર સભામાં કહ્યું હતું તેમ, 'યુવાનો અને વડીલો વચ્ચે ઉષ્માભર્યા સંબંધનો અનહદ આનંદ હોય.'

આપણે ખ્રિસ્તીઓ અને જૈનો પોતપોતાની ધાર્મિક પરંપરામાં ઊંડા ઊતરેલા માણસો છીએ અને સમાજ પ્રત્યેની આપણી જવાબદારીથી આપણે સભાન છીએ. આવી પરિસ્થિતિમાં આપણે, જૈનો અને ખ્રિસ્તીઓ, જ્યાં વડીલો પર પ્રેમ રાખવામાં આવે, જ્યાં વડીલોને આદરમાનથી જોવાય છે અને જ્યાં વડીલોની સારી સારસંભાળ રાખવામાં આવે છે, એવી સંસ્કૃતિને સાથસહકારથી વધાવીએ.

આપ સૌને મહાવીર જન્મજયંતીની બધી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

જિન-લૂઈસ કાર્ડિનલ તાઉરાન, પ્રમુખ
ફાધર મિગુએલ એંજલ અયુસો ગ્યુકોગ, એમ.સી.સી.જે., સેક્રેટરી
પોન્તિફિકલ કાઉન્સિલ ફોર ઈન્ટર-રિલિજિયસ ડાયલોગ
૦૦૧૨૦ વેટિકન સીટી, રોમ.
ફોન : +૩૯.૦૬.૬૯૮૮ ૪૩૨૧. ફેક્સ : +૩૯.૦૬.૬૯૮૮
ઇ-મેલ : dialogo@interrel.va
વેબ સાઈટ : http://www.pcinterreligious.org
વર્ગીસ પૉલ : ૦૭૯-૨૭૫૪૨૯૨૨. મોબાઈલ : ૦૯૪૨૯૫૧૬૯૯૮

**પંથે પંથે પાથેય : આંસુ ભરી હય યે જીવન કી રાહેં : પૃષ્ઠ છેલ્લાથી ચાલુ**

**કિસ્મત તેરી રીત નિરાલી**

માને દીકરી દીકરાને છોડી નીકળવું પડ્યું. દીકરીને બાપ હોવા છતાં ભીખ માગવી પડી. વર્ષો પછી મા-દીકરીનો મેળાપ થયો. કિસ્મત કેવાં-કેવાં ખેલ ખેલે છે.

નસીબ મેં તેરે જો લીખા થા.
કિસી કે હિસ્સે મેં જામ આયા,
તો કિસી કે હિસ્સે મેં પ્યાસ આઈ.

પણ કાજલના નસીબમાં તો છલોછલ પ્રેમથી ભરેલો ભરથાર આવ્યો. સહયોગમાં અમદાવાદ પાસેના ગામમાંથી એક બ્રાહ્મણ તેના દીકરા માટે લગ્નની વાત લઈને આવ્યો. નસીબ તો દેખો કાજલ દેખાવે કાળી-પાતળી, છોકરો દેખાવડો, ખાધે-પીધે સુખી, ઘરનું ઘર, આદિવાસી કાળી છોકરીને પસંદ કરી, બધાને નવાઈ લાગી. લગ્ન પહેલાં ઘર જોવા ગયાં, પાડોસીને મળ્યાં, બધેથી સારો પ્રતિભાવ મળ્યો. ઘડિયાં લગ્ન લેવાયાં.

સહયોગમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. ઘણાં બધાંએ કાજલને લગ્નમાં ભેટ-સોગાદો આપી. સૌની આંખોમાંથી છલકતા પ્રેમે કાજલને વિદાય આપી. કાજલને સાસુ નહોતી. પણ સસરા દિયરની લાડકી વહુ-ભાભી બની. ઘરનો વહીવટ આ અભણ કાજલને માથે આવ્યો. દિયરને પણ પરણાવ્યો. તેણીને લવ-કુશ જેવા બે દીકરા પણ થયા. સંસારની નાવ સરસ રીતે વહેતી હતી. પણ કયા કાળ ચોઘડીએ આ નાવમાં નાનકડું છિદ્ર પડ્યું હશે, તેમાં પાણી ભરાવવા માંડ્યું. નસીબ ટૂંકું હશે, મઝધારમાં નાવ ડૂબી ગઈ.

સવારમાં કામ પ્રસંગે પતિ સ્કુટર લઈને બહાર ગયો. થોડે દૂર જ પહોંચ્યો હશે ને તેનો કાળ સામે આવ્યો. સ્કુટર અને ટ્રેક્ટર સામસામે જોશથી અથડાયા અને ત્યાંજ તેનું પ્રાણપંખેરું ઉડી ગયું. ૩૦ વર્ષની ભરજુવાન વય, નાના બાળકો, પ્રૌઢ સસરા. ઘરનો મોભ તૂટી પડ્યો. જાણી તેમનું કલ્પાંત એટલું કરુણ હતું કે આજુબાજુ ઊભેલા લાગણીશૂન્ય માનવીને પણ રડાવી દીધા.

સહયોગમાં ખબર પડી. ઘણાં બધા અંગુરી અને બાબુભાઈની જોડે ગયા. આભ ફાટ્યું હોય ત્યાં થીંગડાં ક્યાં દેવા. બધાના હૈયા રડતાં હતાં, કોણ કોને આશ્વાસન આપે. થોડા મહિના પછી કાજલ અને બાળકોને સહયોગમાં લાવ્યા. જેથી તેનું મન શાંત થાય.

થોડા દિવસ પછી તેના સસરા અને દિયર કાજલને લેવા આવ્યા. ભલે મારો દીકરો નથી, પણ અમે કાજલને કોઈ તકલીફ–દુઃખ નહીં આપીએ. મારા દીકરાના દીકરાને જોઈ અમે ખુશ રહી શકીશું. તેના સસરા કાજલને માનભેર રાખે છે. મન થાય ત્યારે જરૂર તે સહયોગમાં મોકલે છે-બન્ને દીકરા ભણે છે.

કર્મના સિદ્ધાંત પ્રમાણે માણસને જીવનમાં તેના કર્મોના આધારે ભોગવવું પડે છે તેવું આપણે વાંચીએ છીએ-સાંભળીએ છીએ. રક્તપિત્ત રોગના કારણે અંગુરીના જીવનમાં જે ઝંઝાવાત આવ્યો, કેટલું સહન કરવું પડ્યું. જેને વીતી હોય તે જ જાણે. આપણે તો તેને ખભે હાથ મુકીને તેણીને આશ્વાસન આપવાનું, બીજું તો શું કરી શકીએ.

કાજલને હજુ કંઈ ભોગવવાનું બાકી હશે, તેણીને રક્તપિત્ત રોગના ચાઢાની શરૂઆત થઈ. હાય રે નસીબ! ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરમાં કેટલો બધો ઝંઝાવાત આવ્યો. સુખ હાથવેંત લાગતાં છેટે થતું જાય છે. સસરાને ખબર પડી. તેઓ આ ઝંઝાવાત-વાવાઝોડા સામે ટકી રહેવા તેણીની સાથે રહ્યાં. દવા શરૂ કરી.

સમાજમાં ભણેલા ગણેલા પૈ

સાદાર વ્યક્તિ પણ વહુને વાંક વગર ઘરમાંથી કાઢી મુકે છે. મહેણા ટોણાં મારીને માનસિક ત્રાસ આપે છે. ત્યારે કાજલના સસરાને લાખ્ખો સલામ.

*શું ધાર્યું હતું ને શું થઈ ગયું એમ કાં તું બોલ્યા કરે,*
*સૃષ્ટિ તણા આ ચક્રમાં પ્રભુને ગમે તે થયા કરે.*

આપણું ધારેલું ક્યાં કશું થાય છે.

શ્રીરામ જેવાને પણ વનવાસ ભોગવવો પડે છે તો આપણે કોણ!

કરમની કઠણાઈ તો જુઓ દીકરીની દુઃખ ભરી દાસ્તાન હજી પૂરી ન થઈ ત્યાં અંગુરીને દીકરાના સમાચાર મળ્યાં. બાપે દીકરાને ઘરમાંથી કાઢી મૂક્યો છે, મુંબઈમાં કોઈ સોનીને ત્યાં કામ કરે છે. આ સાંભળી બાબુભાઈ અને અંગુરી સુરેશ સોનીની ઑફીસમાં મળવા આવ્યા. અમારે મુંબઈ જવું છે, દીકરાને શોધવા. સુરેશભાઈ કહે આટલા મોટા શહેરમાં તમે ક્યાં શોધશો ? છતાંય ગયા. અઠવાડિયે પાછાં આવ્યાં. ન મળ્યો. થોડા દિવસ પછી સોનીનું સરનામું મળ્યું. ફરી મુંબઈ ગયા. સોનીની દુકાન શોધી. દીકરો કિશન સોની કામ શીખતો હતો. મા-દીકરાનું મિલન થયું. મા-દીકરો ખૂબ રડ્યાં. કહ્યું કે અમે તને લેવા આવ્યાં છીએ. ત્યારે દીકરાએ કહ્યું, મને અહીં ફાવી ગયું છે. હું તમને ફોન કરતો રહીશ. તમને મળવા પણ આવીશ, મારી ચિંતા ન કરશો.

અને અંગુરી-બાબુભાઈ છોકરાને મળીને પાછાં આવ્યા. બાબુભાઈને પોતાના દીકરા-દીકરી નથી પણ કાજલ અને તેના બાળકને પોતાનો પ્રેમ આપવામાં પાછાં પડતાં નથી.

બરબાદીયોંકી અજબ દાસ્તાં હું
શબનમ ભી રોયે આસમા હું
ઐસે જહાંમેં દિલ કું લગાયે.

તે છતાંયે આટલાં દુઃખોને ભૂલીને, દિલ લગાડીને સંસ્થાના કામ ખૂબ સારી રીતે કરે છે. સુરેશ સોનીના (પીએ) આસીસ્ટન્ટ તરીકે નિષ્ઠાથી ફરજ બજાવે છે.

આવા કર્મચારીઓને લીધે જ સંસ્થા સારી રીતે ચલાવી શકાય છે. ✷ ✷ ✷

સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ,
હિંમતનગર-૨૩૮૩૨૭૬.
મોબાઈલ : ૯૪૨૬૦ ૫૪૩૩૭.

# 'જીવતરની વાટે અક્ષરનો દીવો' : પ્રાણવાન જીવનકથા

❑ ડૉ. ગંભીરસિંહ ગોહિલ

જીવનકથા ઇતિહાસ છે તેમ સાહિત્ય પણ છે. ચરિત્રનાયકના જીવનનો ઘટનાક્રમ તે આલખે છે. સંબંધિત પાત્રો અને પ્રસંગોનું આલેખન તેમાં જીવંતતા ઉમેરે છે, સંવેદના અને રસવત્તા પ્રાણ પૂરે છે.

જે રીતે કવિ ન્હાનાલાલે તેમના પિતા કવિ દલપતરામ ડાહ્યાભાઈનું 'કવીશ્વર દલપતરામ' નામે અને નારાયણ દેસાઈએ તેમના પિતા મહાદેવ દેસાઈનું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' નામથી આલેખેલ છે તે રીતે જાણીતા સાહિત્યકાર અને જૈન ધર્મના મર્મજ્ઞ કુમારપાળ દેસાઈએ તેમના પિતા બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુનું જીવનચરિત્ર', 'જીવતરની વાટે અક્ષરનો દીવો' લખીને પ્રગટ કર્યું છે, જે એક ખુમારીભર્યા સાહિત્યકારની રસપ્રદ જીવનરેખા અંકિત કરે છે. 'પ્રબુદ્ધ જીવન' અને 'નવચેતન'માં તે ૬૧ હપ્તા સુધી પ્રગટ થઈ તાજેતરમાં જ પૂર્ણ થયેલ છે. વાચકો તેના ઘટનાક્રમને રસપૂર્વક સતત માણતા રહ્યા હતા.

લેખકે જયભિખ્ખુના બાળપણ, યુવાવસ્થા અને લેખક જીવનને સુપેરે નિરૂપિત કરેલ છે. જયભિખ્ખુએ વિદ્યાર્થીકાળથી આરંભીને અંતકાળ સુધી રોજનીશી લખી હતી; બાલ્યાવસ્થા વિશે 'ગઈ ગુજરી' પુસ્તિકા દ્વારા નોંધ લખી હતી, પોતાની કોલમ 'ઈંટ અને ઈમારત'માં ક્યારેક સ્વાનુભવો લખતા, એ કોલમ કુમારપાળ દેસાઈએ ચાલુ રાખી ત્યારે તેમાં પણ કોઈક પ્રસંગો નોંધાતા, 'જયભિખ્ખુ સ્મૃતિ ગ્રંથ'માં અનેક લોકોએ સ્મરણો આલેખ્યાં અને છેલ્લે ૨૦૦૮માં જયભિખ્ખુ શતાબ્દી વખતે વિવિધ સ્થળે યોજાયેલા જ્ઞાનસત્રો અને પરિસંવાદોમાં પણ તેમના જીવનકાર્યનું મૂલ્યાંકન થયેલું છે. કેટલીક પરિપૂર્તિ માત્ર પુત્ર જ કરી શકે તે પણ લેખકે કરેલી છે. આ બધી સામગ્રી લેખકને જીવનચરિત્રના દસ્તાવેજીકરણમાં ખૂબ જ ઉપયોગી થઈ છે.

જીવનચરિત્રમાં ૫૨ પ્રકરણો અને ૫ પરિશિષ્ટોનો સમાવેશ થાય છે. પરિશિષ્ટોમાં હપ્તાવાર પ્રગટ થતા જીવનચરિત્રના વાચકોના પત્રોમાંનો એક, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની ગતિવિધિ, જીવનતવારીખ, સાહિત્યસર્જનની વિગતો અને કુટુંબના વંશવૃક્ષનો સમાવેશ થાય છે.

ચરિત્રનાયકનું બાળપણનું નામ ભીખાલાલ હતું. તે સમયના પ્રસંગો લાક્ષણિક રીતે આલેખવામાં આવ્યા છે. માતાનું અવસાન થતાં ભીખો પૂછ્યા કરે કે મા ક્યાં ગઈ? જવાબ મળે કે આકાશમાં. એટલે રાત્રે બાળક ભીખો આકાશ તરફ જોયા કરે. વિચારે કે ક્યાંક મા દેખાય તો વાત કરું: 'મને અહીં એકલો-અટૂલો મૂકીને તું આમ આટલા ઊંચા આકાશમાં કેમ રહે છે? તને મળવા આવવું કઈ રીતે? તારા વિના મને સહેજે ગોઠતું નથી. તો તને મારા વિના ગોઠે છે ખરું?' માતા પછી માસી, મામી, મામાના અવસાન થતા ગયા અને ભીખાને વીંછિયા, બોટાદ, વરસોડા વગેરે સ્થળે વસવાનું આવ્યું.

ભીખો બાળપણમાં ખૂબ બીકણ હતો. તેને ઘૂવડ કે ચીબરી બોલે તો બીક લાગે, અંધારામાં ભૂતનો ભય લાગે. ગોઠિયા ગિરજા ગોર સાથે અંધારા રસ્તે રામલીલા જોવા જવાનું તેને ગમ્યું. ઘૂવડના બચ્ચાનાં અવાજથી ડરતા ભીખા પાસે ગિરજો બચ્ચું જ પકડીને લઈ ગયો અને નિર્ભય રીતે વાત કરી ત્યારે ભીખાનો બધો જ ડર ચાલ્યો ગયો.

એટલું જ નહિ, વડીલનું ઘડિયાળ નદી કાંઠે પીપળાની બખોલમાં ભૂલાયેલું તે મિત્ર જગત સાથે લેવા જતાં રીંછ સાથે ભેટો થઈ ગયો. બંને મિત્રોએ તેનો સામનો કર્યો, કડિયાળી ડાંગથી તેને પૂરું કર્યું. પછીના તબક્કે શિવપુરી ગુરુકુળમાંથી વાઘવરુના ભયવાળા જંગલના રસ્તે ભીખાલાલ જૈન સાધુ મહારાજો સાથે ગયેલા ત્યારે ખરેખર વાઘ સામેથી આવતો દેખાયેલો. ભીખાલાલે સમય- સૂચકતાથી વાઘ જેવો અવાજ કરી વાઘને નસાડી મૂકેલો. આમ બાળપણનો બીકણ ભીખો યુવાનવયે એટલો નિર્ભય થઈ ગયો કે જીવનભર તેનું તે ખમીર બની રહ્યું. નિર્ભયતા જાણે જયભિખ્ખુના જીવનનો પર્યાય બની રહી.

નળરાજાની પુરાણી રાજધાની નરવરના જંગલમાં ફરવા નીકળેલા શિવપુરી ગુરુકુળના વિદ્યાર્થીઓને ખૂનખાર ડાકુઓની ટોળીનો ભેટો થઈ જાય છે. બંદૂકધારી મિત્ર જગતને સમજાવી આજુબાજુ રવાના કરીને ભીખાલાલે ડાકુઓના સરદાર સાથે સહજપણે વાત કરીને પોતાનો સામાન પણ ખોલીને દેખાડ્યો. વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં ડાકુઓએ જાણ્યું કે નરવરના જંગલમાં પોલીસ આવેલ છે. તે સાંભળતાં જ ડાકુ ટોળી નાસી જાય છે. આવા રોમાંચક અનુભવો લેખકે સૂઝબૂઝપૂર્વક આલેખેલ છે.

ભીખાલાલે વરસોડા અને અમદાવાદમાં માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું તે પછી ચરિત્રકારે તેમના આગળના અભ્યાસનું રસભરી વિગતો સાથે આલેખન કર્યું છે. કૉલેજનો ચીલાચાલુ અભ્યાસ કરવાને બદલે ભીખાલાલ તેમના પિત્રાઈ મોટાભાઈ રતિલાલ દીપચંદ દેસાઈ સાથે જૈન ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાન શીખવા માટે મુંબઈ જાય છે. પણ મુનિ વિજયધર્મસૂરિજી પાઠશાળાને જ કાશી લઈ જાય છે. ત્યાંથી આગ્રા થઈ આખરે મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસે શિવપુરી ગુરુકુળમાં તેમનો અભ્યાસ ચાલે છે. 'તર્કભૂષણ'ની પદવી મેળવી તેઓ કોલકત્તા જઈ 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપી અભ્યાસ પૂર્ણ કરે છે. ધર્મશાસ્ત્રોના અભ્યાસ સાથે તેમને હિંદી ભાષાનો સારો પરિચય થાય છે અને જર્મન વિદુષી ડૉ. શેરલોટ ક્રાઉઝે સાથે લાંબા સમયનો સંપર્ક રહે છે.

શિવપુરીમાં પઠાણ ચોકીદાર ખાન શાહ ઝરીન સાથે દોસ્તી થતાં ઊર્દૂ અને મુસ્લિમ ધર્મ સમાજનો નિકટનો પરિચય મળે છે. અભ્યાસ દરમ્યાન ગુજરાતી-અંગ્રેજી ગ્રંથોનું વાચન થતું રહે છે.

ઘરમાં ભીખાલાલ, બહાર બાલાભાઈ અને પત્ની તથા પોતાના નામના અંશો પરથી સ્વીકારેલું તખલ્લુસ 'જયભિખ્ખુ' તેમને લેખક તરીકે ઓળખાવે છે. ૨૨ વર્ષની ઉંમરે જયાબહેન સાથે લગ્ન થયા પછી ચરિત્રનાયક અમદાવાદમાં ઘર ભાડે રાખે છે અને જીવનના ખુમારીભર્યા નિર્ણયો લે છે: લેખક તરીકે જીવવું, નોકરી કરવી નહિ અને પૈતૃક સંપત્તિમાંથી ભાગ લેવો નહિ કે પુત્રને આપવો નહિ. જો કે શરૂઆતમાં આંશિક રીતે ટેક જતી કરી આઠેક વર્ષ ઓફિસમાં બેસી લેખનકાર્ય કરેલું. પરંતુ તે સિવાય પત્રકારત્વના બળે જ આર્થિક સંકડામણ વેઠી જીવતા રહ્યા અને તે સાથે સર્જનકાર્યને સાંકળી લીધું.

તેમની પહેલી નવલકથા બાદશાહ અકબરના એક સેનાનાયક વિક્રમાદિત્ય હેમુના જીવન પર લખાયેલી 'ભાગ્યવિધાતા' જેનો રસાળ પરિચય ચરિત્રકારે આપ્યો છે. તે જ રીતે કવિ નર્મદ અને ગોવર્ધનરામ ત્રિપાઠી પછી કલમના ખોળે માથું મૂકનાર જયભિખ્ખુના પત્રકારત્વ, સાહિત્યસર્જન અને ખુમારીભર્યા જીવનનો આલેખ આ ગ્રંથમાંથી સતત મળતો રહે છે.

ધર્મશિક્ષક બનવા માટે તાલીમ લેનાર જયભિખ્ખુ પત્રકાર અને સર્જક બન્યા. તેમણે જૈન વિષયો પર નવલકથાઓ અને ચરિત્રો લખ્યાં. પણ તેના આલેખનમાંથી સાંપ્રદાયિકતા દૂર રાખી. ઋષભદેવ, સ્થૂલિભદ્ર વગેરે વિશેના ગ્રંથોમાં પણ તે સર્વસમાજ માટે ગ્રાહ્ય બને તેવું આલેખન છે. તેમનું સર્જન ધ્યેયલક્ષી, માનવતાવાદી હોવા છતાં લોકોને પ્રિય થઈ પડે તેવું બનતું. તેમની સર્જનશૈલી જ સૌને આકર્ષતી. ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય વગેરે લેખકોના મિત્ર અને તેમના ધોરણે ચાલનારા તે સર્જક હતા. ચરિત્રકારે આ પાસાંને ગ્રંથમાં ઉજાગર કર્યું છે.

ઇતિહાસના આલેખનમાં જયભિખ્ખુ સંઘર્ષ, સંવેદના અને દેશ-ભાવનાના ભાવો સંકલિત કરતા અને તે લોકોને સ્પર્શી જતું. તેમાં પોતાના અનુભવોનો સંસ્પર્શ પણ તેઓ આપતા જેનાથી તેમના ગ્રંથોનું આકર્ષણ વધી જતું. આમ ઇતિહાસ અને જૈન વિષયોના આલેખનને જયભિખ્ખુએ નવો ઉઘાડ આપ્યો હતો. આમ છતાં જૈન લેખક તરીકેનું લેબલ તેમને લગાડવામાં આવતું તેનાથી તેમને દુઃખ થતું. એટલું નહિ સર્વાંગી રીતે લેખકોની કૂપમંડૂકતા અને સંકુચિતતાથી તેઓ વેદના અનુભવતા.

જયભિખ્ખુનું ઘર અતિથિઓને આવકારનારું, આવનારને શીળી છાંય મળે. પરંતુ લેખક તરીકે તેઓ એકાંત શોધતા રહે. આખરે નવી ઊભી થતી ચંદ્રનગર સોસાયટીમાં રહેવા જતાં, અગવડો વેઠીને તેમણે એકાંત મેળવ્યું. તે સાથે નીડર અને સાહસપ્રિય સ્વભાવને કારણે લોકોપયોગી થવા જતાં સામેથી નોતરેલા સંઘર્ષો અને ગુંડાગીરીનો સામનો કરવાનો આવ્યો. તેમણે તે સહર્ષ આવકાર્યા અને સજ્જનતા અકબંધ રાખીને તેમાં પાર ઊતર્યા. એટલે સુધી કે સોસાયટીની બાજુમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવતો અમરતદાદા જયભિખ્ખુ, પરિવાર અને સાગરીતોને ગુંડાટોળી લઈ મારવા આવેલો. તે અંતે તેમને પગે લાગીને પોતાના ઘેર પ્રસંગ પર આવવા આમંત્રણ આપીને ગયો. નિર્ભય સર્જક જયભિખ્ખુ તેમને ત્યાં સપરિવાર ગયા પણ ખરા.

જયભિખ્ખુને શોષિત નારીઓ પ્રત્યે ઊંડા હૃદયનો ભાવ હતો, જે તેમણે નવલિકાઓમાં આલેખ્યો છે. તે સાથે જર્મનીના વિદુષી ડૉ. શેરલોટ ક્રાઉઝેની વિદ્યાપ્રીપ્તિ, ચારુબહેન યોદ્ધાની શોષિત સ્ત્રીઓ માટેની હિંમતભરી કામગીરી અને ધનકુંવરબાઈ મહાસતીજીનું આધ્યાત્મિક તેજ જોઈ જયભિખ્ખુએ સ્ત્રીની શક્તિમતી જગજજનની જેવી આદર્શ મૂર્તિ સ્થાપી પોતાના સર્જનમાં તેની પણ આરાધના કરી.

ચરિત્રકારે આકર્ષક રીતે નિરૂપ્યું છે તે પ્રમાણે ચિત્રકાર કનુ દેસાઈ, લોકવાણીના મરમી અને ગાયક દુલા ભાયા કાગ અને વિખ્યાત જાદુગર કે. લાલ જયભિખ્ખુને આગવા સર્જક અને અનેરા સ્નેહી તરીકે પ્રમાણતા હતા. કવિ કાગ જયભિખ્ખુને મળવા આવતા અને તેમણે વતનના ગામ મજાદર ગુજરાતના સાહિત્યકારોને નોતર્યા હતા. દૂર દૂરથી ટ્રેનમાં આવેલા સાહિત્યકારો ડુંગર સ્ટેશને ઊતર્યા અને તેમના સત્કાર સાથે ૪૦ શણગારેલાં બળદગાડાંમાં મજાદર લઈ જવાયા. ૧૪ ઘરના નાનકડા ગામમાં સાહિત્યકારોનો ત્રણ દિવસો યાદગાર સમૈયો રચાયો હતો. કનુ દેસાઈએ અનન્ય ચાહના સાથે જયભિખ્ખુની કૃતિ 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી 'ગીતગોવિંદ' નામનું ચલચિત્ર ઉતારવાનું ગોઠવ્યું હતું.

કે. લાલને અસામાન્ય નિરાશામાંથી પુનઃ કાર્યરત કરનારા જયભિખ્ખુ હતા. તેમ કે. લાલે જયભિખ્ખુનો શાનદાર સન્માન સમારંભ યોજી તેમને ઉજળા કરી દેખાડ્યા હતા. એટલું જ નહિ 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ' ઊભું કરવા કે. લાલે પ્રદાન કર્યું જેનાથી દર વરસે સાહિત્યિક પ્રવૃત્તિઓ થતી રહે છે. કે. લાલ વગેરેના ખૂબ આગ્રહ છતાં સ્વમાની અને સિદ્ધાંતનિષ્ઠ જયભિખ્ખુએ પોતાના અંગત ઉપયોગ માટે કોઈ રકમ સ્વીકારી જ નહિ.

જયભિખ્ખુ માટે ભવિષ્યના નીડર અને સાહસિક નાગરિકોના ઘડતર માટેનું બાળકિશોર સાહિત્ય અન્ય સર્જન જેટલું જ મહત્ત્વનું હતું. તેમાં તેમણે પશુપંખીઓના કથાનકો પણ મૂક્યાં હતાં. તે સાથે જીવનમાં પણ પ્રાણીઓ પ્રત્યેના સમભાવને મહત્ત્વ આપ્યું હતું. ઉદાહરણ તરીકે એક બિલાડી તેમના ભોજન સમયે હાજર થઈ જતી. તેને દૂધ પાયા પછી જ પોતે જમતા. એક વખત બિલાડી પ્રાણીના શરીરનો ટુકડો લઈ ઘરમાં આવી. તેથી ઘરનાં લોકો તેને નદી પાર મૂકી આવેલા. પણ ભોજન વખતે બિલાડી હાજર ન થતાં જયભિખ્ખુ જમ્યા નહિ. અંતે તેમના પ્રિય 'મગન'ને શોધી લાવી હાજર કર્યા પછી જ શાંતિ થઈ.

જયભિખ્ખુની આવી સંવેદના એકાંતિક નહોતી. રબારી કોમના એક છોકરા તુલસીદાસને તેમણે પ્રેસમાં નોકરી અપાવેલી. તેના જીવનવિકાસમાં સતત રસ લીધો. એક વાર ઘરકંકાસથી કંટાળીને તે જતો રહ્યો. જયભિખ્ખુએ તેને સંબોધીને છાપામાં જાહેરાત આપી. તે પરત આવ્યો ત્યારે જ તેમના મનને સંતોષ થયો.

ચરિત્રકારે જયભિખ્ખુના હૃદયની વિશાળતા અને જીવંત માનવભાવોનાં આવા અનેક પ્રસંગો આપ્યા છે. તેમને આંખનો કાળો મોતીયો ઉતરાવવા માટે સીતાપુર જવું જોઈએ તેવું સૂચન થયું. આથી તે સ્થળ અંગેની તમામ માહિતી મેળવી લીધી અને પરિવાર સાથે ઉત્તર પ્રદેશમાં લખનઉથી આગળ સીતાપુર ગયા. ત્યાં લાંબો સમય આરામ માટે રોકાવાનું થયું. તે સમયનો ઉપયોગ કરી સૌની સાથે સંબંધો બાંધી સાવ અજાણ્યા સ્થળે ગુજરાતનું ભાવભર્યું વાતાવરણ રચી દીધું. નવા વરસની ઉજવણીમાં હૉસ્પિટલના જગવિખ્યાત ડૉક્ટરો સહિત સૌ હાજર રહ્યા અને રંગેચંગે કાર્યક્રમ માણ્યો.

યુરોપના સાહિત્યકારોનાં મિલનો જેવાં કે પેરિસનું કાફેની યાદ આપે તેવું અમદાવાદનું ચા-ઘર ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, ગૂર્જર પ્રકાશનવાળા શંભુભાઈ અને ગોવિંદભાઈ વગેરેએ વિકસાવેલું જેમાં જયભિખ્ખુનું પણ અગ્રસ્થાન હતું. તે જ રીતે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની સ્થાપના પાછળનું તેના સ્થાપકોનું તપ અને જયભિખ્ખુ સહિતના સૌના સહકારથી થયેલો તેનો વિકાસ અપ્રતિમ અને સ્મરણીય છે.

પત્રકાર તરીકે જયભિખ્ખુ વિખ્યાત બન્યા તે તેમની કોલમ 'ઈંટ અને ઈમારત'થી. કોલમના લખાણોથી અનેક લોકો પ્રભાવિત થતા અને જયભિખ્ખુને યાદ કરતા. આ કોલમને જેટલી લોકચાહના મળેલી એટલું જ તેનાથી પ્રજાઘડતરનું કામ થયું હતું. 'ગુજરાત સમાચાર'માં તેમની આ કોલમ અને અન્ય ધારાવાહિક લખાણો આવતા હતાં. તે સાથે તે સમાચારપત્ર ચલાવતા શાંતિલાલ શાહ સાથે ઘનિષ્ટતા કેળવાઈ અને પત્રમાં અનેક રીતે નવું જોમ પુરાતું ગયું.

જયભિખ્ખુએ જીવનભર સરસ્વતી ઉપાસનાનો જ મહિમા કર્યો અને સ્વીકાર્યું કે તેનાથી તેમને રાજા જેવું માન અને શ્રીમંત જેવું સુખ મળ્યું છે. છેલ્લાં પ્રકરણોમાં લેખકે જયભિખ્ખુને પિતા પાસેથી વારસામાં મળેલી કુટુંબનિષ્ઠા અને વિશાળ કુટુંબની પરસ્પર માટેની ઊંડી સદ્‌ભાવનાની વાત કરી છે. ભત્રીજા રસિકભાઈનાં સુધારક લગ્નને જયભિખ્ખુએ ખૂબ જ પ્રોત્સાહક રીતે આવકાર્યા અને કુટુંબના સાચા મોભી તરીકે વિવિધ માર્ગદર્શનો પૂરાં પાડ્યાં.

પ્રવાસમાં કે ઘેર અન્યને માટે સારવારની દવાપેટી સાથે રાખી દવાઓ–સૂચનો આપી સંભાળ લેનારા જયભિખ્ખુ પોતે તબિયત અંગે નિર્લેપ રહેતા હતા. ડાયાબિટિસ વગેરે અનેક દર્દો હોવા છતાં ડબલ ખાંડવાળી ચા આદત મુજબ નિર્ભય રીતે લેતા, મીઠાઈ પણ આરોગતા. જાહેર રીતે કહેતા કે માણસના અંતકાળ માટે ત્રીજની ચોથ થતી નથી, ઈશ્વરે નિર્મિત કરેલું મૃત્યુ ગમે ત્યારે આવવાનું જ છે જે પોતાને શાંત અને સ્વસ્થ રીતે કશા પણ ઓશિયાળાપણા વિના મળે તેમ ઈચ્છતા.

જીવનકથા પ્રમાણે તે જયભિખ્ખુને મળ્યું પણ ખરું. ૬૧-૬૨ વર્ષની ઉંમરે સહેજેય દુઃખ ભોગવ્યા વિના જાતે કોફી પીને પથારીમાં લાંબા થયા અને અચાનક હાર્ટ એટેકથી વિદાય લીધી. તેમની ડાયરીમાં મહિના પહેલાં લખેલો મૃત્યુસંદેશ મળ્યો કે પોતાના અવસાન પછી શોક કે રોકકળ કરવી નહિ, ભજન-ધૂન નિવાપાંજલિ રાખવાં, લૌકિક વગેરે એક દિવસથી વધુ રાખવું નહિ–નજીકના સગાં પૂરતું જ, પત્નીએ વૈધવ્ય-ચિહ્ન ધારણ કરવાં નહિ, ગરીબોને જમાડવાં : આમ સુધારકને છાજે તેવી ભાવનાઓ છોડી ગયા. એક અનોખા સર્જક અને પત્રકારને માનભરી વિદાય મળી.

ચરિત્રકારે એક ઝિંદાદિલ સર્જક-પત્રકારની જીવનયાત્રાનો રસાળ તેમજ ખુમારી પ્રગટાવતો આલેખ સક્ષમ રીતે રજૂ કર્યો છે. પ્રાપ્ત સામગ્રીનો તેમણે મહત્તમ વિનિયોગ કર્યો છે અને પુત્ર તરીકેના પોતાના સ્મરણો–જાણકારીને જરૂર જણાઈ ત્યાં વિવેકપૂર્વક ગૂંથી લીધાં છે. જયભિખ્ખુના બાળપણ અને યુવાવસ્થાના અનેક રોમાંચક પ્રસંગોના આલેખનથી જીવનચરિત્ર જીવંત રસે ધબકતું બની રહ્યું છે. સર્જક અને પત્રકાર તરીકેના આલેખનમાં પણ ચરિત્રકારે રસવત્તાને ઓસરવા દીધી નથી. કેટલીક નવલકથાઓ, વાર્તાઓ કે ચરિત્રોની પાર્શ્વભૂમિકા કે સારભાગ રજૂ કરી ચરિત્રલેખનની આકર્ષકતા ટકાવી રાખી છે. આથી પ્રકરણ પછી પ્રકરણ નવાં નવાં રસકેન્દ્રોને ખોલી બતાવે છે. પ્રકરણોનાં શીર્ષકો પ્રસંગોચિત અને માર્મિક હોવાથી રસપ્રવાહને જીવંત રાખવામાં ઉપયોગી બને છે. દરેક પ્રકરણમાં અપાયેલા ફોટો કે ચિત્રો વાચકના રસને આકર્ષી રાખે છે. સૌથી વધુ આકર્ષણ ચરિત્રકારની જીવંત ખુમારી, સમાજહિત ચિંતા, વિવેકશક્તિ, નીડરતા, સાહસિકતા અને પરગજુપણાના ગુણોનું અનુભવાય છે. ચિત્રકાર કનુ દેસાઈ, લોકરંગી સાહિત્યકાર દુલા કાગ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, વિખ્યાત જાદુગર કે. લાલ, ગૂર્જરના પ્રકાશકો, 'ગુજરાત સમાચાર'ના માલિક શાંતિલાલ શાહ વગેરે જયભિખ્ખુથી આકર્ષાયા, લાભાન્વિત કે ઉપયોગી થયા તેની વિગતો રસભરપૂર સામગ્રી બની રહેલ છે. સૌથી વધુ તો જયભિખ્ખુ જે જવાંમર્દીપૂર્વક જીવ્યા તેની અપૂર્વ સૌષ્ઠવભરી પ્રતિમા આ ગ્રંથમાંથી ઊભી થાય છે તે તેનું જમાપાસું છે.

ગુજરાતી સાહિત્યને એક યાદગાર અને સર્વાંગ સુંદર જીવનચરિત્ર આપવા બદલ કુમારપાળ દેસાઈ સૌના અભિનંદનના અધિકારી બન્યા છે.

જીવનકથામાં લેખકે ભાષા, શૈલી અને રસદાયક વર્ણનોનો વિનિયોગ નોંધપાત્ર રીતે કર્યો છે. આલેખન માટે આવશ્યક તત્સમ કે તદ્‌ભવ શબ્દો તેમના માટે સહજસાધ્ય છે. એટલું જ નહિ પણ જોગાણ, મોભારે, માંચડા, ઓટી, ઢેફાં, સંચ, માટીડો, ઠીબ, બખોલ, છીંકોટા,

અડિંગા, વાંભ, પરસાળ, ગોઢિયા, ધૂરી, વાંસી, ઘાસનો સાલો, દૂઝણાં, વેકૂર, ઘાસલેટ, ઢસડીને, શેલકડીઓ, શીંગલા ઘેટા, કેડિયાં, હમચી વગેરે ગામઠી શબ્દોનો પણ તેમણે યોગ્ય અભિવ્યક્તિ માટે સહજપણે ઉપયોગ કર્યો છે. વળી સાપના રાફડામાં હાથ ઘાલવો, દીવો લઈને શોધવા જવું, ભૂતની ચોટલી પકડવી, સિંહ કદી ખડ ખાય નહિ, માણસાઈ નેવે મૂકવી, માણસોને માખીની જેમ મસળી નાખવા વગેરે શબ્દપ્રયોગો અને હવેલી લેતાં ગુજરાત ખોઈ, એક મરણિયો સોને ભારે પડે, ભલભલા મૂછાળા મરદનાં પાણી ઊતરી જાય, મંછા ભૂત અને શંકા ડાકણ, ઘરની બળી વનમાં ગઈ તો વનમાં દવ લાગ્યો, મા મરજો પણ માસી ન મરજો વગેરે કહેવતોનો તેમણે યથાસ્થાન પ્રભાવક રીતે પ્રયોગ કરેલો છે. આવા પ્રયોગોએ તેમની ભાષામાં બળ પૂર્યું છે.

જયભિખ્ખુના બાળપણ અને કિશોરાવસ્થાના કેટલાક પ્રસંગોના આલેખન આકર્ષક બાળવાર્તાઓ અને કિશોરકથાઓને ટક્કર મારે તેવાં બન્યાં છે. તારાઓમાં મૃત્યુ પામેલી માતાને શોધતો ગભરુ બાળક, અંબોડ ગામે બાળક ભીખાએ તાદાત્મ્ય સાધીને જોયેલ રામલીલા, વરસોડાની નદીના કાંઠે ભીખા અને ગોઠિયા જગતને રીંછ સાથે થયેલી ખૂનખાર લડાઈ, બહારવટિયા મીરખાંના નામની ખોટી જાસાચિઠ્ઠી ગામની ભાગોળે બાંધતો દેવાદાર બની ગયેલો. અમથુજીનો દારૂડિયો દીકરો મગન, પુનર્લગ્ન કરનારી બાળવિધવા નીમુબહેનનું સાહિત્યપ્રિય નિર્મળ વ્યક્તિત્વ, સાક્ષર હોવાના વહેમમાં રાચતા અને 'સરસ્વતીચંદ્ર' નવલકથાના છેલ્લા શબ્દો 'ઘેલી મારી કુસમ'નું રટણ કરી રમુજી ધમાચકડી ઊભી કરતા 'તાત્પરી સાહેબ' નામથી ઓળખાતા નયનસુખશંકર માસ્તર, શિવપુરી ગુરુકુળના પઠાણ ચોકીદાર ખાન શાહઝરીન અને તેને ફસાવવા માગતી મજૂરણ ઝૂનિયા, ધાડપાડુઓને ખુલ્લી તલવાર સાથે લલકારતાં પઠાણ ચોકીદારના બીબી, જયભિખ્ખુના આગ્રહથી પોતાના પુત્રના ખૂની સાળાને જીવતદાન આપતા ખાન શાહઝરીન, જગન્નાથપુરી જેવા અજાણ્યા પ્રદેશમાં મળી


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**
**સુરેશ ગાલા લિખિત**
**યોગ સાધના**
**અને**
**જૈન ધર્મ**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

ગયેલી મૂળ સુરતની ગુજરાતી બહેન હીરા, ભૂતની વાતો કરતા વાણોતર ભૂતાભાઈ, મરેલા રીંછને પોતે માર્યો હોવાનો જશ ખાટતા ફોજદાર શેરસિંહ વગેરે પ્રસંગો જે ક્યારેક અતિરંજિત લાગે છતાં રસપ્રદ બની રહ્યા છે. આવા બધા પ્રસંગોમાં સ્થળે સ્થળે વીર, અદ્ભુત, રૌદ્ર, ભયાનક, કરુણ કે હાસ્ય વગેરે રસોનું આલેખન થયેલું જણાય છે.

લેખક જે તે પ્રસંગોના તેમજ પોતાના પિતાના જીવનના આલેખનમાં તાદાત્મ્ય સાધી શક્યા છે. તે સાથે તેમાં તાટસ્થ્ય જાળવવા પણ તેમણે સારો પ્રયાસ કર્યો છે.

✷ ✷ ✷

ડી-૧૪૦, કાળવી બીડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ફોન : ૦૨૭૮-૨૫૬૯૮૯૮.
ઈમેલ : gambhirsinhji@yahoo.com

રજત પત્ર ઉપર અંકિત કરી અર્પણ

**શ્રી ભદ્રંકર દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**ગ્રંથ સ્વાધ્યાય**

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમભક્ત
વર્તમાન યુગના આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા
યુવાનોના ધર્મપથ દર્શક, સર્વધર્મ તત્ત્વચિંતક, કરુણામૂર્તિ

**પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરી**

આપશ્રીની ઋતંભરા પ્રજ્ઞામાંથી પરિણત અમૃતવાણીએ અમો સર્વ જ્ઞાનપિપાસુઓને
ભગવાન મહાવીરની અંતિમ દેશના
ઉત્તરાધ્યયન સૂત્ર – (૩) – ચતુરંગીય ગ્રંથ – નો
ત્રિદિવસીય સ્વાધ્યાય કરાવ્યો છે. આ સ્વાધ્યાય માટે આપશ્રીનો ઉપકાર માનવા અમારી પાસે શબ્દો નથી.
આપશ્રીની આ તત્ત્વભરી વાણી અમારા સર્વ માટે જીવન પાથેય બની રહેશે.
અમારા અભિનંદન અને વંદનો સ્વીકારવા વિનંતી.

**આપશ્રીના જ્ઞાનજિજ્ઞાસુઓ**

ચંદ્રકાંત શાહ–પ્રમુખ, નિતિનભાઈ સોનાવાલા–ઉપપ્રમુખ, નિરુબહેન શાહ–મંત્રી, ડૉ. ધનવંત શાહ–મંત્રી,
વર્ષાબહેન શાહ–સહમંત્રી, ભૂપેન્દ્ર જવેરી–કોષાધ્યક્ષ, જગદીપ જવેરી–સહ કોષાધ્યક્ષ,
સંયોજિકા : રેશ્મા જૈન તથા સંસ્થા પરિવાર

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૨૦૧૫ મે માસ તા. ૫, ૬, ૭ સાંજે સાડા છ થી નવ
બિરલા માતુશ્રી સભાગૃહ–મુંબઈ
સ્વાધ્યાય સૌજન્યદાતા : બિપીનચંદ્ર કે. જૈન, નિલમબેન બી. જૈન

**ઉત્તરાધ્યયન સૂત્ર સ્વાધ્યાય**

તા. ૫, ૬,૭ મે ૨૦૧૫ના પ્રતિદિન ૧૨૦૦ જ્ઞાનપિપાસુઓને પૂજ્યશ્રીએ સ્વાધ્યાય કરાવ્યો
વિગતે અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'ના જૂન ૨૦૧૫ના અંકમાં પ્રકાશિત થશે.
આ અંકના પાના ૩૮ ઉપર રેશ્મા જૈનનો લેખ ``THE JOURNEY THROUGH SHREE UTTRADHYAYAN SUTRA" માં
આપ આ સ્વાધ્યાયનો રસાસ્વાદ માણી શકશો
આ ત્રણ દિવસના સ્વાધ્યાયની ઑડીયો સી.ડી. આપ વિના મૂલ્યે સંસ્થાની ઑફિસમાંથી મેળવી શકશો. DVD પણ ઉપલબ્ધ છે

# ભાવ-પ્રતિભાવ

(૧)

હું છેલ્લા પચાસથી વધારે વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' Subscribe કરું છું અને વાંચું છું. પૂ. ચી. ચ. શાહ અને એ પછી પૂ. રમણભાઈ શાહના સમયમાં પણ 'પ્રબુદ્ધ જીવન' સુંદર વાંચન સામગ્રી આપતું હતું પણ તમો તંત્રીપદે આવ્યા પછી 'પ્રબુદ્ધ જીવન'ના રૂપરંગ, મુખપૃષ્ઠ, Printing, Binding વિગેરેને ચાર ચાંદ લગાવી દીધા છે. આપશ્રી અને આપની Teamને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન તો સુંદર હોય છે જ પણ Internet-Audio પ્રસારણ કરી દૂર-સુદૂર વસતા અમારા જેવાને તેનું શ્રવણ કરવાની સગવડતા કરી આપી છે. futureમાં કદાચ Video પ્રસારણ પણ કરવાની તમારી યોજના હશે જ.

આ સાથે જ મારા સંબંધીઓના પાંચ Subscriptionના Rs. 500 X 5 = Rs. 2500 એટલે approximately $ 45.00નો ચેક આ સાથે મોકલ્યો છે તે એ પ્રમાણે ત્રણ વર્ષ 'પ્રબુદ્ધ જીવન' મોકલવાની વ્યવસ્થા કરશોજી.

**☐ કિરણ એફ. શેઠ**
૧૦૫, માર્ટીન અવેન્યુ
સ્ટેટન આયલેન્ડ, NY-૧૦૩૧૪-૬૮૦૭.

(૨)

આપણું 'પ્રબુદ્ધ જીવન'નું કામ સરસ રીતે ચાલી રહ્યું છે. તેના અભિનંદનના અધિકારી તમે છો. છેલ્લા બધા અંકો દળદાર, માહિતીપૂર્ણ અને તેના લખાણો આપણાં માન્યવર અને અભ્યાસી લેખકો અને પંડિતોના હોય છે. આ કામનું બધા સાથે રહી સંયોજન કરવું તે ખૂબ અઘરૂં કામ છે.

આજે આ લેખ વાંચવામાં આવ્યો તે સહેજે મન થયું કે તમને મોકલું. આ અંગે અનુકૂળતાએ સમાજની સમજણ વધે તેવું કરવા વિનંતી છે.

**ડૉ. ભીમાણીના વંદન**
ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૪૨૫૦૬૭

(૩)

બે દિવસો પહેલાં અત્યંત સ્વાદિષ્ટ, છતાં સુપાચ્ય મીઠાઈના પેકેટ જેવો 'અનેકાન્ત-સ્યાદ્ અને નય' વિષય પર 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક મળ્યો. હંમેશ મુજબ, તંત્રીસ્થાનેથી માંડીને અંતિમ કવરપેજ સુધી ખૂબ જ રસપૂર્વક માણ્યો. તરત જ ફોનથી ઉમળકો વ્યક્ત કરવાની ટેવ, પણ આ વખતે 'રેકોર્ડ' પર મારો પ્રતિભાવ મૂકવાની અદમ્ય ઈચ્છા થઈ. વય વધે તેમ કેટલાક લોકોની 'ગ્રેસ' (કદાચ આ શબ્દનો પર્યાય નથી) ઊંડો પ્રભાવ વધે એમ 'પ્રબુદ્ધ જીવન'ની આપનાં નેતૃત્વ હેઠળ 'ગ્રેસ' વધી રહી છે. અને ક્રિકેટરના ચોગા, છગ્ગા જેવા વિશેષાંકોની હારમાળા 'કલેક્ટર્સ ચોઈસ' બની રહી છે. સૂત્રધાર (તંત્રી)ના અંદરના તણખા વિના, એની સર્જનાત્મકતા, એની પારગામી દૃષ્ટિ વિના આટલું સુંદર કાળજયી સંપાદન શક્ય ન જ બને. (હીરાપારખુનું પ્રદાન છે) આપને ઓળખવા હોય તો 'તંત્રીસ્થાનેથી'ના લેખો વાંચી જવા જોઈએ: સંવેદનશીલતા, સર્જનાત્મકતા, ભારોભાર વિદ્વત્તા (ઊગેલી-પહેરેલી કે પ્લમ્બિંગ-ફિટિંગવાળી નહીં), મિથ્યાભિમાનનો સંપૂર્ણ અભાવ...અને ક્રાંતિકારી! આ વખતનો 'અનેકાંત વિશેષાંક ખરેખર અદ્ભુત છે. આપણે ત્યાં મોટે ભાગે વ્યક્તિ કે સંસ્થા જ્યારે ઇતિહાસ સર્જતી હોય ત્યારે આપણામાંના મોટા ભાગના ઉપેક્ષા કરીએ અથવા સભાનપણે આંખ આડા કાન કરીએ છીએ!

ડૉક્ટર સાહેબ! વિશેષાંકો અને એને માટે સુયોગ્ય સંપાદકોની પસંદગી દ્વારા આપ ઇતિહાસ સર્જી રહ્યા છો. એક જંગમ યુનિવર્સિટી કે વિદ્યા-કોષના કુલપતિ બન્યા છો.

ખૂબ આનંદ, અહોભાવ સાથે અભિનંદનો!

તા. ક. 'અનેકાન્ત' કે સ્યાદ્ સાથે 'વાદ' શબ્દ સંપૂર્ણ અયોગ્ય અને પૂર્ણપણે વિરોધાભાસી લાગે છે. એને બદલે 'અભિગમ' કે 'દૃષ્ટિ' હોય તો?

**☐ સર્વેશ વોરા**ના જય જિનેન્દ્ર
ફોન : ૯૯૬૭૩૯૮૩૧૬

(૪)

અનેકાન્તવાદ, સ્યાદ્વાદ અને નયવાદ વિશેષાંક માર્ચ-૨૦૧૫ મળ્યો. વાંચ્યો. આવા વિશેષાંક આપવા દ્વારા આપ જૈન શાસન ઉપર ઉપકાર કરી રહ્યા છો. હવે પછી 'ષડાવશ્યક'ના વિષય ઉપર વિશેષાંક આપવાની ભાવના રાખો છો, તે આનંદની વાત છે.

પ્રસ્તુત વિશેષાંકમાં સ્વરૂપચિંતક શ્રી પનાભાઈ જ. ગાંધીનો મોકલાવેલ લેખ લીધો હોત તો વિષયનું ઉદ્ઘાટન વધુ સારી રીતે થયું હોત એવું મારું માનવું છે.

આગળ ઉપર 'નવતત્ત્વ'ના વિષય ઉપર તથા 'જ્ઞાનક્રિયાભ્યાસ મોક્ષ' ઉપર વિશેષાંક આપવાનું વિચારી શકો.

'અનેકાન્તવાદ'ના જેવા ગહન, જટિલ અને ગંભીર વિષય ઉપર વિશેષાંકનું પ્રકાશન કરતા હો ત્યારે 'ચતુષ્ટય' ઉપરનો લેખ પ્રગટ કરવામાં હિચકિચાટ ન હોવો જોઈએ. 'પ્રબુદ્ધ જીવન'ના પાઠકો પ્રબુદ્ધ છે. બધા ડૉક્ટરેટના લેખો વાંચે છે! સાથેનો પ્રતિભાવ 'પ્રબુદ્ધ જીવન'ના અનેકાન્તવાદ વિશેષાંક ઉપર આપેલ છે. વાંચશો. યોગ્ય લાગે તો પ્રકાશિત કરશો.

**☐ સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ (પ.)
મુંબઈ-૪૦૦ ૦૬૪. મો. : ૯૮૬૯૭૧૨૨૩૮

**નોંધ :** શ્રી સૂર્યવદનભાઈનો દીર્ઘ લેખ અત્રે સ્થળ સંકોચને કારણે પ્રકાશિત કરવો શક્ય નથી. યથા સમયે એ મનનીય ગહન લેખ જરૂર પ્રકાશિત કરીશું. -તંત્રી

(૫)

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુ.૧૫નો અંક ગાંધીજીનો સ્મરણાંજલિ અંક-ગ્રંથ સ્વરૂપે પ્રગટ થયો, મળ્યો, પુરાણી સ્મૃતિઓ મને પણ તાજી થઈ. ગાંધી ભારત આવ્યા ૧૯૧૫માં. મારો જન્મ ૧૯૨૨માં. મને પુરા ગાંધીયુગનો લાભ મળ્યો છે. ૧૯૨૭માં તેમને નજરે નિહાળવા માટે મારા પિતાને ખભે બેસીને નિરાંતે જોયા હતા. એ કાઠિયાવાડી પાઘડીમાં સજ્જ જોયા. ૧૯૩૨માં ભણતાં ભણતાં તકલી કાંતતા થવાયેલું. અને પછી તો 'શૂરા જાગજો'ની ધૂન મચાવી. ૧૯૪૨માં કરેંગે યા મરેંગેની લડતમાં પણ તક મળી. અખબારોમાં રોજ ને રોજ ગાંધી વિશે સમાચારો મળતા તેથી આ અંકની વિગતોથી માહિતગાર છું.

શ્રી સોનલ પરીખ એ ગાંધીજીનો વારસો છે તે આ અંકથી જાણી શકાયું. તેમણે અંક માટે પુરી જહેમત ઉઠાવી છે. તેમના સત્યાગ્રહો, ઉપવાસો વિશેની સારી સમજદારી જોવા મળી. અંતિમ પળોનું હૃદયદ્રાવક વર્ણન હૈયાને અને આંખના ખૂણાને ભીંજાવી ગયું. શ્રી ચુનીકાકા તો નથી પણ જતાં પહેલાં ગાંધીજીને લેખ દ્વારા અંજલિ આપીને ગયા છે. શ્રી નરેશ વેદ, શ્રી સોનલ પરીખે જે રસ દાખવ્યાં તેના વંદન આપને તો ખરા જ.

☐ **શંભુ યોગી**
નવજીવન આશ્રમ શાળા મણુદ,
તા. જિ. પાટણ – ૩૮૪૨૬૦.

(૬)

'પ્રબુદ્ધ જીવન'નો માર્ચ-૧૫નો 'અનેકાન્તવાદ'નો વિશેષાંક મળ્યો છે. વલોણાના ચિત્ર દ્વારા સારતત્ત્વની સમજ સમજાઈ તેથી દૃષ્ટિ દોરી ઉપર ન રાખતા માખણ પર રાખવાની શીખ મળી. ભગવાન મહાવીરે પ્રબોધેલા અનેકાંતવાદનું મૌલિક દર્શન કરવાની જિજ્ઞાસા જાગી. અજૈન માટે વિશેષ ગહન તત્ત્વ છે. જોકે સિદ્ધહસ્ત લેખકો દ્વારા વિષયને સમજાવવા સરળતાપૂર્વકની રજુઆત હોવાથી વાંચનમાં રસ પડ્યો. ઉદાહરણ દ્વારા અન્ય ધર્મોના તત્ત્વને પણ સમજવાની જરૂરત છે. વિચાર અને પરિસ્થિતિને જાણવી અને સ્વીકારવી, એવી બૌદ્ધિક ઔદાર્ય દાખવવી–એ સુર પ્રગટે છે. અંક હાથમાં લીધો ત્યારે લાગતું હતું કે માથું ખંજવાળવું પડે તેવી દલીલો હશે. ડૉ. સેજલબેન શાહે અંકનું દાયિત્વ ચીવટપૂર્વક સંભાળ્યું છે. આવા તજજ્ઞ સંપાદિકા હોય ત્યારે સ્વયં જેવાઓને પણ તેઓ પ્રેરક બને છે. તેમને વંદન.

☐ **શંભુ યોગી**
નવજીવન આશ્રમ શાળા, મણુદ,
તા. જિ. પાટણ-૩૮૪૨૬૦.

(૭)

ઑક્ટોબર, ૨૦૧૪ના 'પ્રબુદ્ધ જીવન'ના 'જૈન તીર્થ વંદના અને શિલ્પ સ્થાપત્ય' વિશેષાંકના તંત્રી સ્થાનેથી લખેલ લેખમાં સુરતના દેરાસરમાં જેમાં પાર્શ્વ પ્રભુની વિરાટ મૂર્તિના દર્શન કરેલ તે શોધો છો તેમ બન્યું છે.

તે છે સુરતના ગોપીપુરા (જૈન નગર, જૈનપુરી)ના સૂરજ મંડન પાર્શ્વ પ્રભુની પ્રતિમા. આ દેરાસર વિખ્યાત આગમ મંદિરની બાજુમાં આવેલું છે. તેમાં એક વિરાટ પ્રતિમા ગભારામાં છે અને એક ભમતીમાં છે.

આ દેરાસરનો ઉલ્લેખ તે જ અંકના સુરત વિષેના લેખમાં પા. ૨૮ ઉપર કરવામાં આવ્યો છે. 'બાજુમાં જ સુવિધિના દેરાસરના...મૂળ મૂર્તિ કઈ?' તે દેરાસરની બાજુમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથનું સુંદર જિનાલય છે. જવલ્લે જ જોવા મળતી પાર્શ્વ પ્રભુની સહસ્ત્રફણાવાળી પ્રતિમા બિરાજે છે.

**કે. સી. શાહ**ના વંદન
ફોન : (૦૭૯) ૨૬૬૩૧૨૮૪, ૯૪૨૮૦૪૫૨૨૯.

(૮)

દિન-પ્રતિદિન સમયના પ્રવાહ સાથે જ 'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન થઈ રહ્યું છે. ગુજરાતી ને અંગ્રેજીમાં.

અગાઉ ગાંધીજી, શિલ્પ સ્થાપત્ય અંતર્ગત અને માર્ચ-૧૫નો અંક પણ મળેલા છે. માર્ચ-૨૦૧૫ના અંકના ઘમ્મર વલોણું ચિત્ર તેમજ પાના નં. ૧૩૯, ગુજરાતી, જૈન તેની ભાષામાં તથા સંસ્કૃત, અંગ્રેજી જેથી અંક બધા જ અંકોમાં પીરસાતું સાહિત્ય, મુલ્યવાન જ બને, અનુભવ, સિદ્ધ કલમ કસબી, બહેનોએ પણ સાચે શિક્ષણ કેળવણીથી. સાચે જ અંકને વધુ રુચિકર, વિદ્યાવ્યાસંગી, જ્ઞાનસંવર્ધક, અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ, વાચન, મનન માટે પ્રેરે જ ને જિજ્ઞાસુઓ માણે જ. આમ પ્રત્યેક અંકમાં વિશિષ્ટતા, ઈતર ધર્મ સમાજના સિદ્ધહસ્તક વિદ્વદ્ લેખકો, સાહિત્યકારો પોતાનું મૂલ્યવાન ઉત્તરદાયિત્વ બક્ષી રહ્યા છે જ.

ભાષાશૈલીને સહજ, સરળતાથી તેમજ મહદ્ અંશે પ્રત્યેક લેખકનો પરિચયથી પણ જાણકારી ફોન નંબર, વિગેરેથી વાચક, ચાહક, જિજ્ઞાસુને ચોક્કસ સંપર્ક માટેની ઈચ્છા થાય જ. આપ વધુ ને વધુ ઉપયોગી અંકો ભવિષ્યમાં પ્રકાશિત કરતા રહો ને માનવ જીવન વધુ ઉમદા, સંસ્કારી જાણકારી મેળવતું રહેશે જ.

અંતઃકરણના અભિનંદન પાઠવું છું.

☐ **દામોદર કુ. નાગર** (ઊમરેઠ) જિ. આણંદ

(૯)

'પ્રબુદ્ધ જીવન'નો 'અનેકાન્તવાદ' વિશેષાંક મળી ગયો. તંત્રી લેખ વાંચતાની સાથે જ પહેલો વિચાર એ આવ્યો કે આમાં ન સમજાય એવું

શું છે ? સાવ સીધી સાદી વાત છે. આટલી અમથી વાત સમજવા માટે અતિ ગૂંચવણ વાળી અઘરી અઘરી ભાષાવાળા ગ્રંથો વાંચવાની જરૂર જ નથી. અનેકાન્તનો વિચાર એ કોઈ તાર્કિક સિદ્ધાંત નથી, એ તો વ્યાવહારિક વિચાર છે, આચરણનો વિષય છે. જો હું પોતે એમ ઈચ્છતો હોઉં કે કોઈ મને સમજે, મારી વાત ધ્યાનથી સાંભળે, મારા મનમાં શું ચાલી રહ્યું છે અને કયા કારણે ચાલી રહ્યું છે તે સમજવા કોશીશ કરે તો સ્વાભાવિક રીતે મારે પણ બીજાની વાત સાંભળવાની ને સમજવાની કોશીશ કરવી જ જોઈએ. આટલી વાતમાં ધર્મશાસ્ત્રોની જરૂર કેવી રીતે પડી? ખુલ્લા મગજના કોઈ પણ માણસને અનેકાંતની વાતને સમજવા માટે પંદર-વીસ મિનિટથી વધારે સમય ન લાગે.

એટલે સૌ પ્રથમ તો વિશેષાંકના બધા પાના ફેરવી ગયો. જે જે લખાણોમાં શાસ્ત્રીય ચર્ચા હતી તે તે લખાણોને વાંચવાનું છોડી દીધું અને જે જે લેખોમાં સીધી-સરળ અને રોજીંદા વપરાશની ભાષા હતી તેવા ૩, ૪ લેખો રસપૂર્વક વાંચી ગયો.

એક ઈચ્છા મનમાં જાગે છે. દુનિયામાં જૈનોની વસતિ ૬૫-૭૦ લાખ આસપાસ ધારવામાં આવે છે. આટલી નાની સંખ્યા પરંતુ સંપ્રદાયો અને પેટા સંપ્રદાયોની વિક્રમ સંખ્યા કેમ છે ? આમાં અનેકાન્ત ક્યાં છે ?

અને એટલે એક ઈચ્છા એવી જાગે છે કે જૈનોના તમામ સંપ્રદાયોના તમામ ગચ્છાધિપતિઓ અને ગાદીપતિઓ એક મંચ ઉપર હળે, મળે, ભળે અને એકી અવાજે સૌ મળીને જાહેર કરે કેઃ

'તું પણ થોડો થોડો સાચો ને
થોડો થોડો ખોટો
અને
હું પણ થોડો થોડો સાચો ને
થોડો થોડો ખોટો

આ ઈચ્છા ફળશે ? જો અમલ કરવાનો ન હોય તો ઠાલી શાસ્ત્રીય ચર્ચાનો શો અર્થ ? જે 'વાદ' હોય એની શાસ્ત્રચર્ચા સંભવે. પરંતુ અનેકાંત એ 'વાદ' નથી, પણ સીધી સાદી સમજણ છે.

**☐ શાંતિલાલ સંઘવી**
આરએચ-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,
કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,
અમદાવાદ-૧૫.
ફોન : ૦૭૯-૨૬૩૦૧૭૨૯

(૧૦)

'પ્રબુદ્ધ જીવન'નો વિશષાંક સુંદર, સાત્ત્વિક અને પ્રેરક રહ્યો. મુખપૃષ્ઠ પણ સૂચક રહ્યું. મંથન દ્વારા 'નવનીત'ની પ્રાપ્તિ થઈ. 'અનેકાન્તવાદ'નો તંત્રી લેખ પ્રાણવાન રહ્યો.

ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે ! માટી હોય કે સોનું, કીડી હોય કે કુંજર જીવાત્મા તો સૌનો સરખો ! પછી ભલે એકમેકને જોઈ પણ ના શકતા હોય ! જ્યારે આપણે તે બંન્નેને જોઈ શકીએ છીએ !

પંચમહાભૂતમાંથી બનેલો, આપણો આ દેહ પણ માટી, છતાં હું, હરજીવનભાઈ અને તમે ધનવંતભાઈ ! પણ મૂળમાં તો એમનું એમ હોયે ! બરાબર ? સ્યાદ્‌વાદ–નયવાદ વિષે સુંદર પ્રકાશ પાડવા લેખો, વિચાર રહ્યો છે. કેટલું સુંદર, સાત્ત્વિક અને ભવ્ય કામ તમે સૌ કરી રહ્યાં છો. તેના પ્રેરક તમારા મિત્ર શ્રીકાંત વસા તથા ડૉ. સેજલબેન શાહને મારા હાર્દિક અભિનંદન આપશો. ડૉ. નરેશ વેદ અને ભાણદેવજીના લેખો પણ વિચારપ્રેરક રહ્યા. હા, ડૉ. જે. જે. રાવલ સાહેબ કેમ ભુલાય ? તેઓ તો અવકાશ વિજ્ઞાની ગણાય, કે જે માનવીને 'ઉપર' જોતો, જીવતાં શીખવી રહ્યાં છે. તમે કેટલા બધા 'ડૉક્ટરો'ની સેવા, આમ જનતા માટે કુશળતાપૂર્વક લીધી. તે બદલ મારા હાર્દિક અભિનંદન સ્વીકારશોજી. અન્+એક=અનેક અને એક+અંત=એકાંત, તમે તેનો સુંદર સમન્વય કરીને, વિશ્વ શાંતિની સ્થાપનાની દિશામાં, વાચકોને એક ડગલું આગળ વધવા પ્રેર્યા. ખરેખર, વિદ્વત્તાપૂર્વકનું સુંદર કાર્ય થયું છે. તકલીફ બદલ ક્ષમા, નમ્ર.

**☐ હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૧૧)

તમારા બધા અંકો વાંચવા ખૂબ ગમે છે. એમાંથી આપણે આપણા જીવનનું યોગ્ય ઘડતર કરી શકીએ એવા છે. અનેકાંતવાદનો છેલ્લો અંક તો ખૂબ ગમ્યો. લગભગ આખો વાંચી લીધો. તમને અને સેજલબહેનને ખૂબ ખૂબ ધન્યવાદ. બીજા લેખકોને પણ અભિનંદન. આ અંક તો જાણે તમે ગોળના ગાડાં મોકલ્યા જેવો લાગે છે.

ડૉ. સેજલબહેન તો અમારા ગામમાં જ રહે છે. તેથી બનશે તો કોઈવાર તેમના દર્શન કરીશું. તેજસ (કાંદિવલી વેસ્ટ) નામની મારી ટાઈલ્સની બે દુકાનો છે ત્યાં કોઈવાર આવે તો ઉપર જ મારા ત્રણ ફ્લેટ છે. તે જરા જાણ કરશો. વિશેષ નથી લખતો.

એ જ ફરી મળીશું આ રીતે. આભાર. અને ધન્યવાદ.

**☐ લક્ષ્મીકાંત શાહ** ,મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૯૮૧૯૯ ૪૩૮૪૩.

(૧૨)

'પ્રબુદ્ધ જીવન'ના (૧-૧૫)ના અંકમાં, રાજકોટના શ્રીમતી

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

પારુલબેન ભરતકુમાર ગાંધીનો લેખ, 'મૃત્યુની મંગલયાત્રા– શબ્દકોષ સાથે', વારંવાર વાંચવાનું મન થાય તેવો સુંદર લેખ, મારા જેવા વયોવૃદ્ધ વાચકોને ગમે તેવો છે. જૈનેતરો પણ તેમાંથી પ્રેરણા મેળવી, પોતાના મૃત્યુને 'સુધારી' શકે એટલો માતબર જણાયો છે. આ પત્ર દ્વારા મારા હાર્દિક અભિનંદન તેમને પહોંચાડવા ઈચ્છું છું.

મૃત્યુ પણ શાંત, સાત્ત્વિક અને કોઈપણ જાતની બહારની દખલ વગરનું હોવું જોઈએ. તેમાં સ્વજનોના લાગણીવેડાનું નડતર ના હોવું જોઈએ. પરિગ્રહ અને આસક્તિ રહિત મૃત્યુ આવકાર્ય ગણાય. ખરેખર, મૃત્યુની નજીક પહોંચી ગયેલી વયોવૃદ્ધ વ્યક્તિને બચાવવાના ફાંફાં મારવાને બદલે, તેનો આત્મા, સ્વસ્થતાપૂર્વક, દેહત્યાગ કરે એ જ ઈચ્છનીય ગણાય. મૃત્યુ સમયની શાંતિ અને એકલતાનું યે મૂલ્ય છે. ઘણી ખરી વ્યક્તિઓ મૃત્યુ પહેલાં 'કોમા'માં સરી પડે છે અને પછી ક્રમશઃ મૃત્યુ પામે છે. મારા મામા કવિશ્રી દેવજી રા. મોટા ભરપૂર જિજીવિષા ધરાવતાં હોવા છતાં, એક-બે ઑપરેશનો બાદ જ્યારે જીવવાનું અશક્ય થઈ પડ્યું ત્યારે સતત અર્ધ-બેભાન અવસ્થામાં સરી પડ્યા બાદ તેમનું મૃત્યુ ખૂબ જ શાંતિથી થયું. આ સંદર્ભે મૃત્યુ સમયની શાંતિ અને સ્વસ્થતાપૂર્વકનો દેહત્યાગ કદાચ અન્ય જન્મની પ્રાપ્તિમાં પણ મદદરૂપ થતો હોવો જોઈએ! કંઈ કરી ના શકાય, છતાં છેવટની ઘડીએ, દર્દીને Disturbance ઓછું થાય, તેનું સ્વજનોએ ધ્યાન રાખવું રહ્યું.

☐ **હરજીવનદાસ થાનકી**

સીતારામ નગર, પોરબંદર.

(૧૩)

'મરમનો મલક' પ્રકાશનનો રિવ્યૂ ભૂમિપુત્રમાં વાંચ્યો. લેખકનો, પોતે આપેલો વિશેષ પરિચય જાણ્યો. કોઈ પણ ધર્મમાં ક્રિયાકાંડથી ઉપર જઈને ધાર્મિક બનવાનું હોય છે. ક્રિયાને કાંડ શબ્દ વળગ્યો છે તે

# અવસર

## મહાવીર વંદના

શ્રીમતિ વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના આર્થિક સહયોગથી લગભગ પીસ્તાળીસ વર્ષોથી યોજવામાં આવતો મહાવીર વંદના નિમિત્તે ભક્તિ-સંગીતનો મનહર મનભાવન કાર્યક્રમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રેમપુરી આશ્રમ ખાતે તા. ૨૫મી એપ્રિલે યોજવામાં આવ્યો હતો.

શ્રી કમલેશભાઈ જે. શાહ પરિવારના સૌજન્યથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો લાભ અંદાજે સાડા ત્રણસો વ્યક્તિઓએ લીધો હતો.

કાર્યક્રમ બરાબર સાડા છ વાગે શરૂ થયો હતો. શરૂઆતમાં શ્રી ધનવંતભાઈએ થોડું સંબોધન કર્યા બાદ દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. શ્રી કમલેશભાઈના વડીલ કુટુંબીજનોના હસ્તે દીપ પ્રગટાવી પ્રોગ્રામની શરૂઆત કરી હતી.

શ્રીમતિ ઝરણાબેનના સુંદર, મધુર રાગમાં નવકારમંત્રથી શરૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી મયૂરભાઈએ તેમની આગવી અને વચ્ચે વચ્ચે હાસ્યરસિક શૈલીમાં કર્યું હતું. શ્રી અયોધ્યાદાસ દ્વારા તેમના સુમધુર અને પહાડી અવાજમાં સુંદર સંગીત પીરસવામાં આવ્યું હતું. ઝરણાબેને શરૂઆતમાં થોડાં જૈન સ્તવનો વગેરે લઈ પછી બીજા ઘણા જાણીતા ભજનો સંભળાવ્યા હતા. જ્યારે તેમણે ધૂન લેવડાવી ત્યારે તો લોકો મશગુલ બની તાળીઓના તાલ સાથ સાથે ડોલવા જ લાગ્યા હતા. વિજયદત્તભાઈનું સંગીત અને તબલાના તાલમાં લોકો ડોલવા લાગ્યા હતા. ઝરણાબેન શ્રોતાજનોને પણ તેમની સાથે અમુક ભજનોમાં શામેલ કરતા હોવાથી લોકોને વધુ આનંદ આવતો. ભજનોની પસંદગી ઘણી સુંદર હતી. સતત ત્રણ કલાસ સુધી-સાડા છ થી સાડા નવ-સુંદર સંગીત પીરસી લોકોને ખુશ કરી દીધા.

ઝરણાબેન, અયોધ્યાદાસ તથા મયૂરભાઈ અને તેમની સમગ્ર ટીમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

આ કાર્યક્રમની ઑડિયો સી. ડી. વિના મૂલ્યે શ્રી કમલેશભાઈ જે. શાહ પાસેથી પ્રાપ્ત કરી શકાશે.

ફોન નં. : ૦૨૨-૨૩૮૬૩૮૨૬-૯૮૨૧૯૩૨૬૯૩.

## શ્રી વીરચંદ રાઘવજી ગાંધી અને JAINA-U.S.A. શ્રી હિંમતભાઈ ગાંધીને આમંત્રણ

વિશ્વ ધર્મ પરિષદ સપ્ટેમ્બર-૧૮૯૩માં જૈન ધર્મ તથા ભારતીય સંસ્કૃતિનો ઝંડો લહેરાવનાર મહુવાના પનોતા પુત્ર મુર્ધન્ય, જ્યોતિર્ધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું અત્યારે ૧૫૦મું જન્મ જયંતી વર્ષ ચાલી રહ્યું હોઈ ને, સમસ્ત અમેરિકામાં વસતા ચારેય ફીરકાના જૈન પરિવારોની એક માત્ર સંસ્થા JAINA, The Federation of Jain Associations in North America એ તેમના ૧૮મા દ્વિ-વાર્ષિક અધિવેશનમાં શ્રી વીરચંદભાઈના જીવન અને મહાન કાર્યોને બિરદાવવા એક બેઠક રાખેલ છે.

તેમના વિશે વક્તવ્ય આપવા જાણીતા સામાજિક કાર્યકર, જૈન એસોસિએશન ઑફ ઈંડિયાના મંત્રી, કેટલીય સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલ **શ્રી હિંમતલાલ શાંતિલાલ ગાંધીને નિમંત્રવામાં આવેલ છે.** આ અધિવેશન, જુલાઈ ૨ થી ૫માં એટલાન્ટા, અમેરિકા ખાતે યોજવામાં આવેલ છે. જેમાં જૈન ધર્મ અને અહિંસા ઉપર વક્તવ્ય આપવા ડૉ. રાકેશભાઈ ઝવેરી, આચાર્યા ચંદનાશ્રીજી, ડૉ. લોકેશમુનિ વિગેરે પણ ત્યાં પધારવાના છે.

જ ઘણું સૂચક છે!

ધર્મના નિયમો અંગેની માર્ગદર્શિકા લેખક બતાવે છે. આ બધું આ પુસ્તકમાં છે તે કરતાં જૈન સમાજના શ્રેષ્ઠિઓ, આચાર્ય મહારાજાઓ સમક્ષ આ વાતો રજૂ કરી તેમના અભિપ્રાયો પુસ્તકમાં મૂક્યા હોય તો વધુ ઉચિત લાગત. 'જૈન ધર્મની છાપ જીવન વિરોધી' હોત તો આજે નવી પેઢીના યુવક-યુવતીઓ જે ખૂબ જ મોટી ડીગ્રીઓ ધરાવે છે અને આર્થિક રીતે ખૂબ સધ્ધર હોવા છતાં સંસાર ત્યાગીને સાધુ-સાધ્વી બને છે એની તો લેખકને જાણ અવશ્ય હશે!

□ **રમેશ બાપાલાલ શાહ**
૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત-૩૯૫ ૦૦૧.

(૧૪)

અમારે પણ લખવું છેઃ 'ગણ્યા ગણાય નહિ વીણ્યા વીણાય નહિ' એટલા અભિનંદન. 'પ્રબુદ્ધ જીવન'ના અંકો બહાર પાડવા માટે.

**યશવંત પ્ર. શાહ**
યેરા હાઉશ, સરદાર નગર, ભાવનગર-૩૬૪૦૦૧.

(૧૫)

ઉપરોક્ત એપ્રિલ-૨૦૧૫ના અંકમાં તો સામાન્ય કરતાં મને વધુ રસ પડ્યો. કારણ કે, તેમાં શ્રીમદ્ રાજચંદ્ર વિશે વિશેષ લખાયું છે. ડૉ. કેશુભાઈ દેસાઈનો લેખ ખૂબ રસપૂર્વક વાંચ્યો. મારા સદ્. પત્ની ચંદાબેન એમના મોસાળમાંથી શ્રીમદ્ રાજચંદ્ર તેમનું તત્ત્વજ્ઞાન, ભક્તિ, સાધના અને શિસ્ત લાવ્યાં. મારું વતન ગામ-ઉત્તરસંડામાં 'વનક્ષેત્ર' નામે એક સુંદર ધામ વિકસ્યું છે. ત્યાં કવિ શિવલાલ ધનેશ્વરની બંગલીમાં શ્રીમદ્દે ચાતુર્માસ ગાળેલો. મૂળ જમીન મારા ભાયાત રસિકભાઈ જયંતીભાઈ પટેલ જે વરસો સુધી ઉત્તરસંડા ગામના સરપંચ હતા તેમની. પણ જ્યારે મુંબઈથી કેટલાક શ્રાવકોએ ઉત્તરસંડા આવીને આ સ્થાન માટે શ્રીમદ્‌ના સંબંધની વાત કરી ત્યારે તેમણે લગભગ ૧૧ એકર જમીન દાનમાં આપી દીધી અને ત્યાં વિકસ્યું 'વનક્ષેત્ર'.

અત્યારે શ્રીમદ્‌ના વિચારો અને શિખામણોના અભ્યાસનું એક સુંદર સંકુલ ત્યાં પ્રસ્થાપિત થયું છે. શ્રીમદ્‌ને અનુલક્ષીને લખાયેલા પુસ્તકોની લાયબ્રેરી પણ છે. મુંબઈ તથા અન્ય સ્થળોથી હજારો ભાવિકો ત્યાં આવે છે અને શ્રદ્ધાપૂર્વક શ્રીમદ્‌ને અંજલિ આપે છે.

ગયા અઠવાડિયે હું ચારૂસત યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના એક પ્રસંગમાં મુંબઈથી મારા વૈજ્ઞાનિક મિત્રોને લઈને ગયો હતો. તેમાંથી કેટલાક તો જૈન હતા જેને આ સ્થાન વિશે માહિતી હતી એટલે હું તેઓને 'વનક્ષેત્ર' લઈ ગયો હતો.

બોલબેરીંગના ઉદ્યોગવાળા શ્રી હરસુખભાઈ મહેતા, ડૉ. જે. જે. રાવલ, તેવા મિત્રો શામેલ હતા. ખૂબ શ્રધ્ધાપૂર્વક એમણે આ યાત્રા માણી, બધું ફરી-ફરીને જોયું અને માણ્યું. શ્રીમદ્‌ને યાદ કરીને અને તેમના જીવનમાં સંકળાયેલું છે તેવા ધર્મસ્થાનમાં થોડો સમય ગાળીને ધન્યતા અનુભવી.

□ **મોહન પટેલ**
'ચંદ્રિકા', ૧૨મો રસ્તો, ન્યુ ઈન્ડિયા સોસાયટી,
જુહુ સ્કીમ, મુંબઈ-૪૦૦ ૦૪૯.
ફોનઃ ૨૬૧૪ ૨૭૨૫/૨૬૧૪ ૪૭૩૫.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**સંઘ જનરલ ફંડ**

| | |
|---|---|
| ૧૧૦૦૦ | વાડીલાલ ચુનીલાલ ટ્રસ્ટ |
| ૨૦૦ | — |
| **૧૧૨૦૦** | **કુલ રકમ** |

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શૈલેષ એસ. મહેતા |
| ૨૦૦૦૦ | કુલ રકમ |

**સંઘ આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૫૦૦૦ | સેજલ એમ. શાહ |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૩૦૦૦ | મુલચંદ નાણાલાલ શાહ |
| ૬૦૦૦ | સુંદરજી મગનદાસ પોપટ |
| **૯૦૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૧૦૦૦૦ | મુલચંદ નાણાલાલ શાહ |
| ૧૦૦૦૦ | સુંદરજી મગનદાસ પોપટ |
| ૨૦૦૦ | ઈન્દુબેન એસ. શાહ |
| **૨૨૦૦૦** | **કુલ રકમ** |

**'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડ**

| | |
|---|---|
| ૬૦૦૦ | નલિની જય શાહ |
| **૬૦૦૦** | **કુલ રકમ** |

**પ્રેમળ જ્યોતિ**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | મૃદુલાબેન શાહ |
| ૨૫૦૦૦ | કુલ રકમ |

**પર્યુષણ વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| ૫૦૦૦૦૦ | સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ |
| **૫૦૦૦૦૦** | **કુલ રકમ** |

**નેપાળ રાહત નિધિ**

| | |
|---|---|
| ૫૦૦૦૦૦૦ | બિપીનચંદ્ર જૈન |
| ૨૫૦૦ | હસમુખભાઈ શાહ |
| ૨૧૦૦ | હસમુખભાઈ પ્રવીણચંદ્ર શાહ |
| **૫૦૦૪૬૦૦** | **કુલ રકમ** |

# સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ :
**પંડિત શ્રી વીરવિજયજીકૃત શ્રી સ્નાત્ર પૂજાના રહસ્યો**
લેખક-પ્રવચનકાર : પરમપૂજ્ય આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.સા.
પ્રકાશક-શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ ૧૮૬, રાજારામમોહનરાય રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન નં. : ૨૩૮૨૭૧૨૦ / ૨૩૮૬૫૬૮૫.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૬૬,
આવૃત્તિ-પ્રથમ, ૨૦૬૭ કારતક.

સુપ્રસિદ્ધ વક્તા, લેખક અને ચિંતક, પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમસાગરસૂરીશ્વરજી મ. (વાત્સલ્યદીપ) રચિત **'શ્રી સ્નાત્ર પૂજાના રહસ્યો'** ૬૬ પાનામાં ૨૫ પ્રકરણોમાં હૃદયસ્પર્શી શૈલીમાં ભક્તિભાવ ભરી પૂજાના રહસ્યો સરળ અને સઘન બાનીમાં સંક્ષિપ્તમાં સમજાવ્યા છે.

પૂજ્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજી મ.સા. જૈન સાહિત્યના ચિંતક છે અને સાથે સાથે તેમની રસળતી શૈલીમાં લખાયેલા લગભગ ૪૦ પુસ્તકો જૈન સાહિત્યનું અમૂલ્ય નજરાણું છે. પૂજ્ય આચાર્ય શ્રી જ્ઞાનનો ભંડાર છે અને જૈન સાહિત્યના, જૈન ઇતિહાસના પ્રખર વિદ્વાન છે.

તેઓશ્રીએ મહાન પૂજાકારો રચિત શ્રી પૂજાસંગ્રહ વિશે ચાતુર્માસિક પ્રવચનો આપ્યા અને 'સ્નાત્ર પૂજા' વિશે તેઓશ્રીએ વિવેચન શરૂ કર્યું જેનું હજારો લોકોએ રસપાન કર્યું. આ પ્રવચનો My Chenal પર live પ્રસારિત થયા અને હજારો લોકો ધર્મબોધ પામ્યા. જિનવાણીનું અમૃત પાન સર્વના હૃદય સુધી પહોંચે તે માટે આ ગ્રંથ વાંચવો અને આત્મકલ્યાણ પ્રાપ્ત કરવું. પુસ્તકના પાને પાને ભક્તિભાવ નીતરે છે.

x x x

પુસ્તકનું નામ :**શ્રમણ કથાઓ**
લેખક : આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી
પ્રકાશક : પરિચય ટ્રસ્ટ
